જૈન
સાપ્તાહિક

# ભગવાન મહાવીર જન્મ કલ્યાણક વિશેષાંક

નવામતવાળા બનાવટી
દ્રષ્ટેગા નો જુવારે



: વર્ષ :
૭૫
卐
: અંક :
૧૪-૧૫

# ભગવાન મહાવીરનો ધર્મ સમજવો અને આચરવો

# સહેલો છે

કેટલાક તો માને છે કે, ભગવાન મહાવીરનો ધર્મ સમજવો ઘણો મુશ્કેલ છે; અને એનું આચરણ કરવું તો એના કરતાંય ઘણું મુશ્કેલ છે. આ વાત છે તો સાચી; પણ જેના મનમાં કર્મો, કષાયો અને કલેશ વૃત્તિઓને લીધે થતી સતત કનડગત પ્રત્યે થોડીક પણ નફરત જાગી ઊઠે છે, એને ભગવાનનો ધર્મ વડલા જેવો શાંતિદાયક અને અમૃત જેવો મીઠો–મધુર લાગ્યા વગર નથી રહેતો.

એક જ કથા પ્રસંગ આ વાતની પ્રતીતિ કરી આપવા માટે પૂરતો છે.

ઉજ્જૈનના બ્રાહ્મણ પંડિત સિદ્ધસેન સર્વ વિદ્યાઓના પારગામી વિદ્વાન હતા; અને વાદમાં પોતાનો પરાજય કરી શકે એવો કોઈ પંડિતવાદી આ ધરતી ઉપર નથી એવું એમનું ગુમાન હતું; સાથે સાથે જે કોઈ વાદી મને વાદમાં પરાજિત કરે એના મારે શિષ્ય બની જવું એવી એમની પ્રતિજ્ઞા પણ હતી.

એક વાર પંડિત સિદ્ધસેને જાણ્યું કે જૈન સંઘના આચાર્ય વૃદ્ધવાદી એમનો ગર્વ ઉતારી દે એવા સમર્થ વિદ્વાન છે. સિદ્ધસેન એમની પાસે પહોંચી ગયા અને પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવા એમણે એમને પડકાર કર્યો. ગોવાળિયાઓને ન્યાયાધીશ બનાવ્યા.

પહેલાં પંડિત સિદ્ધસેને ધારાવાહી સંસ્કૃત ભાષામાં પોતાની વાત રજૂ કરી. પછી વૃદ્ધવાદી સૂરિજીએ, ગોવાળિયા સમજી શકે એવી લોકભાષામાં પોતાની વાત કહી અને અંતે આ પ્રમાણે એક દુહો ગાઈ સંભળાવ્યો—

> નવિ મારિઅઈ નવિ ચોરિઅઈ પરદારહ સંગુ નિવારિઅઈ;
> થોવાહવિ થોવં દાઅઈ, વસણિ દુગુ દુગુ જોઈઅઈ.

અર્થાત્ કોઈ જીવને મારવો નહીં; કોઇં વસ્તુ ચોરવી નહીં; પરસ્ત્રીનો સંગ કરવો નહીં; અને થોડામાંથી પણ થોડું બીજાને આપવું. આમ કરવાથી સુખી થવાય છે.

એ કહેવાની જરૂર નથી કે આ વાદમાં પંડિત સિદ્ધસેનનો પરાજય થયો અને તેઓ આચાર્ય વૃદ્ધવાદીના શિષ્ય બની ગયા.

આ એક જ દુહામાં સુખી થવાનો માર્ગ કેટલી સહેલાઈથી સમજાવવામાં આવ્યો છે! એમાં પાંચે વ્રતોનો સાર સમાઈ જાય છે.

આ ઉપરથી એ સમજી શકાય છે કે, ભગવાન મહાવીરનો ધર્મ સમજવો જેટલો સહેલો છે, એટલું જ એનું આચરણ કરવું પણ સહેલું છે. જે એનું આચરણ કરે છે તે પોતાનું અને બીજાનું જરૂર ભલું કરી શકે છે.

आ. श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

સા. ક.

# દુઃખોના વિજેતા ભગવાન મહાવીર

શ્રી સુધર્માસ્વામી કહે છે : હે આયુષ્માન જંબુ ! શ્રી મહાવીર ભગવાનની તપશ્ચર્યાનું વર્ણન મેં જેમ સાંભળ્યું છે, તેમ તને કહી સંભળાવું છું. તે શ્રમણ ભગવાને ઉદ્યમવંત થઈ, સંસારનાં દુઃખ સમજી, પ્રવ્રજ્યા લીધી અને તે જ દિવસે હેમંત ઋતુની ઠંડીમાં જ તે બહાર ચાલી નીકળ્યા. તે કડકડતી ઠંડીમાં વસ્ત્રથી શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો અને જીવનપર્યંત કઠણમાં કઠણ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવનાર ભગવાન માટે તે ઉચિત જ હતું. અરણ્યમાં વિહરતા ભગવાનને નાનાં-મોટાં અનેક જંતુઓએ ચાર મહિના સુધી ઘણો ત્રાસ આપ્યો અને એમના લોહી-માંસ ચૂસ્યાં.

વસ્ત્ર ન હોવા છતાં તથા સખત ટાઢમાં તે હાથ લાંબા રાખીને ધ્યાન ધરતા. ટાઢને કારણે કોઈ દિવસ તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. કોઈ કોઈ વાર શિયાળામાં તે છાયામાં જ બેસીને ધ્યાન ધરતા અને ઉનાળામાં તાપમાં જ ખુલ્લે દિલે ઉભડક બેસી ધ્યાન ધરતા. વસ્ત્ર વિનાના હોવાથી તૃણના સ્પર્શો, ટાઢના સ્પર્શો, તાપના સ્પર્શો અને ડાંસ તથા મચ્છરના સ્પર્શો—એમ અનેક પ્રકારના સ્પર્શો ભગવાન મહાવીરે સમપણે સહ્યા હતા.

ઉજ્જડ ઘર, સભાસ્થાન, પરબ અને હાટડાં—એવાં સ્થાનોમાં ભગવાન કોઈ વાર રહેતા; તો કોઈ વાર લુહારની કોઢમાં કે પરાળના ઢગલાઓ પાસે, તો કોઈ વાર ધર્મશાળાઓમાં, બગીચાઓમાં, ઘરોમાં કે નગરોમાં રહેતા હતા; કોઈ વાર સ્મશાનમાં, શૂન્ય ઘરમાં કે ઝાડની નીચે રહેતા હતા.

તે રહેઠાણોમાં ભગવાનને અનેક પ્રકારનાં ભયંકર સંકટો પડયાં. તે તે સ્થળમાં રહેનારાં જીવડાં કે પક્ષીઓ તેમને ઉપદ્રવ કરતાં. હલકા માણસો પણ ભગવાનને ઘણો ત્રાસ આપતા. કોઈ વાર ગામના રખેવાળો હાથમાં હથિયાર લઈને ભગવાનને કનડતા.

દુર્ગમ એવા લાઢ પ્રદેશમાં, વજ્જભૂમિમાં અને શુભ્ર ભૂમિમાં પણ ભગવાન વિચર્યા હતા. ત્યાં તો તેમને તદ્દન હલકી જાતનાં શય્યા અને આસનોનો ઉપયોગ કરવો પડયો હતો. ત્યાંના લોકો પણ તેમને બહુ મારતા; ખાવાનું બહુ લૂખું મળતું અને કૂતરાં કરડતાં. કેટલાક લોકો તે કૂતરાઓને રોકતા, તો કેટલાક તે કૂતરાઓને છુછકારીને કરડાવતા. વજ્જભૂમિના લોકો બહુ કઠોર હતા. તથા કૂતરાં કરડી ન જાય તે માટે બીજા શ્રમણો હાથમાં લાકડી કે નાળ લઈને ફરતા. કેટલીક વાર કૂતરાઓ ભગવાનને કરડતા અને તેમની માંસની પેશીઓ ખેંચી કાઢતા. છતાં એવા દુર્ગમ લાઢ દેશમાં હિંસાનો ત્યાગ કરીને અને શરીરની મમતા છોડીને તે અનગાર ભગવાને આવી પડતાં સંકટોને સમભાવે સહ્યાં; અને સંગ્રામને મોખરે રહેતા વિજયવંત હાથીની જેમ ભગવાને એ દુઃખો ઉપર જય મેળવ્યો.

—મહાવીરસ્વામીનો આચારધર્મ (પૃ. ૭૩-૭૬)

# ધર્મના ઉપદેષ્ટા ભગવાન મહાવીર

બુદ્ધિમાને સમસ્ત લોક તરફ સમભાવ રાખીને તથા સંસારના સંબંધોને બરાબર જાણીને, બહારના પ્રાણો તરફ પોતાની પેઠે જોવું જોઇએ અને હિંસાથી વિરત થઈ, કોઈને હણવું કે હણાવવું ન જોઇએ. મૂર્ખ મનુષ્ય જ પ્રાણોને હણીને ખુશી માને છે તથા હસે છે. પણ તે મૂર્ખ હાથે કરીને વેર વધારે છે તે જાણતો નથી.

**—શ્રી આચારાંગસૂત્ર**

જ્યાં સુધી માણસ જડચેતન વસ્તુઓમાં થોડીઘણી પણ પરિગ્રહ-બુદ્ધિવાળો હોય છે, કે બીજાના પરિગ્રહમાં અનુમતિવાળો છે, ત્યાં સુધી તે દુઃખમાંથી છૂટી શકતો નથી. જ્યાં સુધી તે જાતે પ્રાણીની હિંસા કરે છે, કે બીજા પાસે કરાવે છે, કે કરનાર કોઇને અનુમતિ આપે છે, ત્યાં સુધી તેનું વેર વધ્યે જાય છે, અર્થાત્ તેને શાંતિ નથી હોતી. પોતાના કુળમાં કે સગાં-સંબંધમાં મોહ-મમતાવાળો મનુષ્ય. છેવટે છેતરાઈને નાશ પામે છે; કેમકે, ધન વગેરે પદાર્થો કે સગાંસબંધી સાચું રક્ષણ કરી શકતાં નથી. આમ જાણીને, બુદ્ધિમાન મનુષ્યો પોતાના જીવનનું સાચુ મહત્ત્વ વિચારી આવાં કર્મબંધનના કારણોથી દૂર રહે છે.

**—શ્રી સૂત્રકૃતાંગસૂત્ર**

ભગવાન : હે ગૌતમ ! સજ્જનની પર્યુપાસનાનું ફળ શ્રવણ છે. શ્રવણનું ફળ જ્ઞાન છે. જ્ઞાનનું ફળ વિજ્ઞાન છે વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાનનું ફળ સંયમ છે. સંયમથી પાપકર્મનાં દ્વારો બંધ થાય છે પાપકર્મનાં દ્વારો બંધ થવાથી તપાચરણ શક્ય બને છે તપાચરણથી આત્માનો કર્મરૂપી મેલ સાફ થાય છે. તેમ થવાથી સર્વ પ્રકારના કાયિક, માનસિક અને વાચિક વ્યાપારોનો નિરોધ થાય છે. હે ગૌતમ ! નિરોધથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**—શ્રી ભગવતીસૂત્ર**

વસ્ત્રો, કસ્તુરી, અગર કે તેવા સુગંધી પદાર્થો, મુકુટાદિ અલંકારો, સ્ત્રીઓ તથા પલંગ વગેરે સુખશય્યાઓને પરવશપણે જે ન ભોગવે તે કંઈ ત્યાગી કહી શકાય નહિ. પરંતુ જે મનોહર તથા ઇષ્ટ એવા કામભોગો સ્વતંત્ર રીતે પ્રાપ્ત થવા છતાં તેને શુભ ભાવનાઓથી પ્રેરાઈ પોતાથી અળગા કરી ત્યાગી દે છે તે જ આદર્શ ત્યાગી કહેવાય છે.

**—શ્રી દશવૈકાલિકસૂત્ર**

પોતાની જાતને જીતવી જોઇએ. પોતાની જાત જીતવી જ મુશ્કેલ છે. જેણે પોતાની જાત જીતી છે, તે આલોક અને પરલોકમાં સુખી થાય છે

કાદવમાં ખૂંચી ગયેલો હાથી જેમ કિનારો જોવા છતાં કાંઠે આવી શકતો નથી, તેમ કામગુણમાં આસક્ત થયેલા અમે સત્ય માર્ગ દેખવા છતાં તેને અનુસરી શકતા નથી.

જેઓ કામવાસનાને તરી શક્યા છે, તેઓને બાકીની બીજી વાસનાઓ છોડવી સહેલી છે. મહાસાગર તરી જનારાને ગંગા જેવી મોટી નદીનો પણ શો હિસાબ !

**—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**

: સ્થાપક તંત્રી :
શ્રી ભગુભાઈ ફતેહચંદ કારભારી
: સ્વ૦ તંત્રી :
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
: તંત્રી :
ગુલાબચંદ દેવચંદ શેઠ

જૈન
સાપ્તાહિક

વાર્ષિક લવાજમ રૂ. ૬૫-૦૦
આ અંકની કિંમત રૂ. ૧-૦૦
"જૈન" પત્રની ઓફિસ
વડવા, પાદર દેવકી રોડ,
ભાવનગર-૩૬૪૦૦૧
( ગુજરાત )

# ભગવાન મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક

વર્ષ : ૭૫ ] વીર સં. ૨૦૩૪; ચૈત્ર સુદિ ૧૩; શુક્રવાર; તા. ૨૧-૪-૧૯૭૮ [ અંક ૧૩-૧૪

# વિશુદ્ધિના ચિંતનનું પર્વ

શ્રમણ ભગવાન મહાવીર, આત્મશુદ્ધિની અંતિમ સીમાએ પહોંચીને અને પોતાના આત્મામાં પરમ આત્મભાવને પ્રગટાવીને, પરમાત્મા બની ગયા; અને એ રીતે આત્માના પરમ પદની કોટીએ પહોંચનાર સમગ્ર ચેતન તત્ત્વના પ્રતિનિધિ બની ગયા. આત્મસાધના, આત્મભાવની સિદ્ધિ અને, આત્મતત્ત્વની વિશુદ્ધિની પૂર્ણતા અથવા પરાકાષ્ઠા એટલે પરમાત્મભાવને વરેલા ભગવાન મહાવીર. તેથી એમના જન્મ કલ્યાણકનું પુણ્ય પર્વ એ, સામાન્ય રીતે, સમગ્ર માનવજાતને માટે અને વિશેષે કરીને, સમસ્ત જૈન સંઘને માટે પોતાની આત્મશુદ્ધિ અથવા જીવનશુદ્ધિની વિચારણા કરવાનું અને એવા ચિંતનના પ્રકાશમાં, અશુદ્ધિ અને મલિનતાના ભૂલ ભરેલા માર્ગેથી પાછા ફરવાના ધર્મપુરુષાર્થને આવકારવાનું પુણ્ય પર્વ બની રહે છે.

ભગવાન મહાવીરે પોતાના ચેતન કે આત્માના મલમિશ્રિત કુંદનને પૂર્ણ વિશુદ્ધ, વિમળ કે સ્વચ્છ કરવા માટે કેટકેટલો પુરુષાર્થ, કેટકેટલી મથામણ અને કેટકેટલું કષ્ટસહન તથા તપશ્ચરણ કર્યું હતું ! કર્મો, કષાયો અને દોષોના મળોને દૂર કરીને આત્માના અનંત તેજ, બળ અને વીર્યને પ્રગટ કરવા માટે એમણે, સાંભળતાં પણ દિલ દ્રવી જાય અને રૂંવાડાં ખડાં થઈ જાય એવાં કુદરત સર્જિત, માનવ સર્જિત અને પશુ-પંખી સર્જિત અપાર કષ્ટોને અદીન ભાવે સહન કર્યા હતાં એટલું જ નહીં, પોતાની સહનશીલતા અને સમતાની કસોટી થાય એટલા માટે એમણે, સમજ પૂર્વક, ભયંકર અને જીવલેણ ગણાય એવાં કષ્ટોની દુનિયામાં, સામે ચાલીને, પ્રવેશ કર્યો હતો. જાણે કષ્ટોને તો એમણે, આત્મતત્ત્વને વિશુદ્ધ બનાવવાના પોતાના મોક્ષ-પુરુષાર્થમાં સહાય આપનાર મિત્રો તરીકે જ આવકાર્યા હતા !

અને ભગવાન મહાવીરની તપસ્યા ? એ તપસ્યાનું તો કહેવું જ શું ? ભગવાને દિવસોના દિવસો, અઠવાડિયાંના અઠવાડિયાં અને મહિનાઓના મહિના—અરે, છ-છ મહિના જેટલો લાંબો સમય અન્ન-જળ વગર વિતાવ્યા હતા અને તે પણ કોઈ પણ જાતના કલેશ અને ખેદ વગર તથા અંતરના પૂરા ઉલ્લાસપૂર્વક. અને આવી બાહ્યતપની સાથે સાથે, અને ઉપવાસ આદિ તપ ન કર્યું હોય ત્યારે પણ, એકાંત-નિર્જન-વેરાન જેવાં સ્થાનોમાં ધ્યાન, મૌન અને કાઉસ્સગ્ગરૂપ ચિંતનનું આભ્યંતર તપ તો ચાલુ જ રહેતું હતું. સાચે જ, ભગવાન મહાવીરની કષ્ટસહનની શક્તિનો અને એમની દીર્ઘ અને ઉગ્ર તપસ્યાનો જોટો મળવો મુશ્કેલ છે.

ભગવાન મહાવીરની બાર-તેર વર્ષ જેટલા લાંબા સમય સુધી ચાલેલી આવી ઉત્કટ સાધનાને અંતે એમણે જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે પણ અમૂલ્ય, અદ્ભુત અને અપૂર્વ હતી. આત્મ-સાધનાની આવી અસાધારણ સફળતાને પરિણામે તેઓનો આત્મા સર્વ કર્મો (અરિહંત અવસ્થામાં બધાં ઘાતી કર્મોથી), સર્વ કષાયો અને રાગ-દ્વેષાદિ સર્વ દોષોથી મુક્ત, સર્વ ગુણો અને સર્વ આત્મ-શક્તિઓથી સમૃદ્ધ અને જગતના સર્વ જીવો પ્રત્યેની મૈત્રીભાવનાથી ઓતપ્રોત બન્યો હતો. સમતા, અહિંસા અને મહાકરુણાના અવતાર બનેલા એ પરમાત્માના વાત્સલ્યસભર સાંનિધ્યમાં જન્મજાત વેરી જીવો પણ પોતાના વેર-વિરોધ-દ્વેષની દુશ્મનાવટને વીસરી જઈને મિત્રો બની જતા હતા; અને ત્યાં વાઘ-બકરી કે સાપ-નોળિયો એક આરે પાણી પીતાં હતાં ! જે આત્મસાધકનું ચિત્ત વેરભાવથી સર્વથા મુક્ત અને મૈત્રીભાવના અમૃતથી પરિપૂર્ણ બન્યું હોય તેની સમીપમાં આવો ચમત્કાર સર્જાય એમાં શી નવાઈ?

આવી અખંડ, અપ્રમત્ત અને અંતર્મુખ સાધનાને અંતે ભગવાન મહાવીરને જે અમૃતની પ્રાપ્તિ થઈ તેની જગતના જીવોના ભલા માટે, ઉદારતાથી વ્યાપક લહાણી કરવા માટે, ભગવાને ધર્મતીર્થની સ્થાપના કરી અને એ ધર્મતીર્થની આરાધના, રક્ષા અને પ્રભાવના નિરંતર થતી રહે એ માટે જંગમ તીર્થરૂપ ચતુર્વિધ ધર્મસંઘની રચના કરી. આ ચતુર્વિધ સંઘ એટલે શ્રમણસમુદાય, શ્રમણીસમુદાય, શ્રાવકવર્ગ અને શ્રાવિકાવર્ગ, એ સુવિદિત છે. સમય જતાં, એક બાજુ, આ જંગમતીર્થરૂપ ચતુર્વિધ સંઘે સ્થાવર તીર્થરૂપ આપણાં પવિત્ર તીર્થસ્થાનોની સ્થાપના કરીને તીર્થંકર ભગવાનના ધર્મશાસનને પ્રભાવશાળી બનાવવાનો પ્રયત્ન કર્યો; તો બીજી બાજુ આ સ્થાવર તીર્થભૂમિઓએ જનસમૂહને તપ-ત્યાગ-સંયમ-વૈરાગ્યમય ધર્મને પોતાના જીવન સાથે એકરૂપ બનાવવાનો ધર્મપુરુષાર્થ કરવાની પ્રેરણા આપીને જંગમતીર્થરૂપ ચતુર્વિધ સંઘને સમૃદ્ધ, પ્રાણવાન અને પ્રભાવશાળી બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. અને એ રીતે, તીર્થંકર ભગવાનના પ્રભાવના સમયમાં, જંગમ અને સ્થાવર બન્ને તીર્થો, એક બીજાના પૂરક અથવા પરસ્પર આધાર અને આધેયરૂપ બનીને, એક બીજાને ટકાવી રાખવાનાં નિમિત્ત બનતાં રહ્યાં છે. જૈન પરંપરાનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે.

તીર્થંકરોએ પ્રવર્તાવેલ ધર્મશાસન, ભગવાન મહાવીરની આત્મસાધના અને આપણા ધર્મ-સંઘને માટે નિરૂપવામાં આવેલ આરાધનામાર્ગની વિગતો તપાસતાં એમ સ્પષ્ટરૂપે જાણી શકાય છે કે, ઉત્તરોત્તર વધતી જતી અને છેવટે અંતિમ સીમાએ પહોંચી જતી આત્મશુદ્ધિ એ જ જિનેશ્વરે પ્રરૂપેલ ધર્મશાસનનું એકમાત્ર ધ્યેય છે; અને એ ધ્યેયને પ્રાપ્ત કરી શકાય એ રીતે જીવનમાં તપ-ત્યાગ-વૈરાગ્ય-સંયમની ભાવનાની વધુ ને વધુ કેળવણી થતી રહે એ રીતે સાધના કરવી એ જૈન સાધનાનો રાજમાર્ગ છે.

તેથી જ, જૈનધર્મે સ્વીકારેલ સાધનાપદ્ધતિ જીવનશુદ્ધિ, આત્મશુદ્ધિ કે ચિત્તશુદ્ધિના ધ્યેયને જ વરેલી છે; અને એનાં વ્રતો, નિયમો, વિધિ-નિષેધોનાં વિધાનો આ ધ્યેયને ધ્યાનમાં રાખીને જ નક્કી કરવામાં આવ્યાં છે, તેમ જ આપણાં ધર્મપર્વો અને તીર્થસ્થાનો પણ આ ધ્યેયની દિશામાં જ આગળ વધવાની પ્રેરણા આપે છે. એ જ રીતે આપણાં ધર્મશાસ્ત્રો પણ જીવનને તપ-ત્યાગ-સંયમ-વૈરાગ્યમય બનવાની આજ્ઞા ફરમાવે છે. એમ થાય તો જ માનવીનું જીવન સમતા, મૈત્રી, અવૈર, અભય, અહિંસા, કરુણા, મહાકરુણા અને વિશ્વવાત્સલ્ય જેવી દિવ્ય ગુણસંપત્તિનું સર્વમંગલકારી આશ્રયસ્થાન બની શકે અને સચ્ચિદાનંદમય મોક્ષની પ્રાપ્તિની દિશામાં આગળ વધી શકે.

આ બધાનો સાર એ છે કે, જીવનની શુદ્ધિ એટલે કે આંતરિક રીતે ચિત્તની શુદ્ધિ અને બાહ્ય રીતે વિચાર-વાણી-વર્તનરૂપ સમગ્ર વ્યવહારની શુદ્ધિ એ જ જૈન ધર્મનો પાયો અને હેતુ છે. અને આ દૃષ્ટિએ વિચારતાં, આપણે (અથવા જિનેશ્વરદેવના ધર્મનો અનુયાયી હોવાનો દાવો કરતી કોઈ પણ વ્યક્તિ) ક્યાં ઊભા છીએ અર્થાત્ આપણા અંતરમાં ધર્મની સાચી પરિણતી કેટલા અંશે થવા પામી છે, તે સમજવા માટે ભગવાન મહાવીરની સાધના, એમનું સ્ફટિક સમું વિમળ જીવન અને એમણે આપેલ ધર્મોપદેશ એક દિવ્ય આરસીની ગરજ સારે એવા છે. આવા ઉત્તમ અરીસામાં આપણા જીવનમાં પ્રવેશી ગયેલ શુદ્ધિ-અશુદ્ધિનું દર્શન કરવાની ચેતના આપણા અંતરમાં જાગી ઊઠે તો પણ એ મોટું સદ્ભાગ્ય સમજવું. આપણી જાતનું આવુ અવલોકન-નિરીક્ષણ-પરીક્ષણ કરવાની તક મળે તો જ આપણા જીવન અને વ્યવહારમાં દાખલ થઈ ગયેલી અશુદ્ધિઓ અને બદીઓનું આપણને ભાન થવા પામે, અને એમ થાય તો જ આપણા જીવનને ગુણિયલ, મંગલમય અને વિશુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવાનું આપણને સૂઝે. અમે આગળ કહ્યું તેમ, આ બાબતમાં ભગવાન મહાવીરનું જીવન અને કાર્ય, એક સુંદર આયનાની જેમ, ખૂબ ઉપયોગી અને ઉપકારક બની શકે એવાં છે. અને એટલા માટે જ અમે ભગવાન વર્ધમાન-મહાવીરના જન્મકલ્યાણકના પર્વને વિશુદ્ધિના ચિંતનના પર્વ તરીકે ઓળખાવ્યું છે.

ભગવાન મહાવીરના જીવન-દર્પણમાં આપણા જૈન સંઘના વર્તમાન હાલનું થોડુંક દર્શન કરીએ; આવુ દર્શન કરવું-કરાવવું એ પણ અમારી આ નોંધનો એક અને તે પણ મુખ્ય હેતુ છે.

આ દર્શનનુ પરિણામ બહુ જ ટૂંકમાં, એક જ વાકયમાં, વર્ણવવું હોય તો એમ જ કહેવું જોઈએ કે, આત્મશુદ્ધિ કે જીવનશુદ્ધિની બાબતમાં આપણા સંઘની અત્યારની સ્થિતિ નિરાશ થઈ જવાય એવી શોચનીય બની ગઈ છે અને નિર્મળતાનાં દર્શન દોહ્યલાં બની ગયાં છે.

આ વાત જરા વિગતે જોઈએ અને તે પણ મુખ્યત્વે આપણા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ અને વિશેષરૂપે તપગચ્છને ધ્યાનમાં રાખીને.

ધર્મનું મૂળભૂત કાર્ય વ્યક્તિ, સમાજ, સંઘ અને રાષ્ટ્રને ખોટી, ખતરનાક અને નુકસાનકારક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ તરફ ખેંચાઈ જતાં રોકીને એમને સંસ્કારિતા, માનવતા અને સર્વમંગલ-કારી ધાર્મિકતા તરફ દોરી જવાં એ જ છે. પણ વિજ્ઞાન, ટેકનોલાજી અને યંત્રયુગે જન્માવેલી અસહિષ્ણુતા, અમર્યાદ અર્થલોલુપતા અને સુખ-સાહ્યબીની અપાર ભૌતિક સામગ્રીની માઠી અસરથી માનવસમાજ અને એને સ્પર્શતાં સર્વક્ષેત્રોને શુદ્ધ રાખવા માટે જ અસ્તિત્વમાં આવેલ ખુદ ધર્મક્ષેત્ર પણ મુક્ત રહી શકયું નથી! પરિણામે દેશ અને દુનિયામાં, જ્યાં જુઓ ત્યાં અનીતિ, અન્યાય, અનાચાર, અત્યાચાર અને અધર્મનું નર્યું ભ્રષ્ટાચારી વાતાવરણ એટલા વ્યાપક પ્રમાણમાં પ્રસરી જવા પામ્યું છે કે ન પૂછો વાત! આ તો યુદ્ધમાં દુશ્મનનાં શસ્ત્રોના ઘાથી બચવા માટે

બનાવેલ બખ્તરમાં જ ભાલાં ઊભા થઈ ગયાં જેવી કરુણ અને દારુણ દશા થઈ કહેવાય! આવી હાલતમાં કોણ બચાવી શકે ભલા?

આપણા સંઘની સઘના રખેવાળ ગણાતા મોટાભાગના શ્રમણસંઘની, આચારશુદ્ધિની પણ અત્યારે મોટાભાગે આવી જ અવદશા થઈ હોય અને શિથિલાચારને છુટ્ટોદોર મળી ગયો હોય એવું જ દુઃખદ અને ચિંતાકારક દશ્ય જોવા મળે. નામના--કીર્તિની કામના, અર્થપરાયણતા દૃષ્ટિરાગ અને રાગદૃષ્ટિને વધારે એટલો લોકસંપર્કનો અતિરેક, કષાયો, અહંકાર, મંત્રતંત્ર, સંગ્રહશીલતા, કદાગ્રહ વગેરે કેવા કેવા અવગુણો આજે, શ્રમણજીવનની સાધનાના સારરૂપ જીવન અને વ્યવહારની શુદ્ધિનું ગ્રસન કરીને, અનેક જાતની અશુદ્ધિઓનો સંઘમાં વિસ્તાર કરી રહ્યા છે! પણ આ અંગે શું કહીએ અને શું ન કહીએ? જેટલું કહીએ એટલું ઓછું છે! પણ આટલેથી જ બસ કરીએ.

અને અંતરથી ઇચ્છીએ અને પ્રાર્થીએ કે, ભગવાન મહાવીરના જીવન અને ધર્મપ્રવર્તનનો હેતુ સમજીને અને એમના જન્મકલ્યાણકના પુણ્ય પર્વમાંથી મળતો જીવનશુદ્ધિનો સંદેશો અંતરમાં ઝીલીને વ્યક્તિ. સંઘ અને સમાજમાં પ્રવેશી ગયેલી અશુદ્ધિઓને દૂર કરવાની અને વિશુદ્ધિની પુનઃ પ્રતિષ્ઠા કરવાની શક્તિ અને બુદ્ધિ આપણામાં જાગે. ભગવાન મહાવીરની ભક્તિનો અને એમના જન્મકલ્યાણકની ઉજવણીનો આ જ સાચો રાહ છે. આપણે એ રાહના રાહગીર બનીએ, એ જ અભિલાષા.

---

# સામયિક સ્ફુરણ

## એક નવા ટ્રસ્ટને આવકાર; શ્રીસંઘને ટ્રસ્ટીઓની અપીલ

જૈન સંઘના એક દીર્ઘદર્શી, શાણા, નિર્ભય, મક્કમ અને વિચક્ષણ આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, ગિરિરાજ શત્રુંજય મહાતીર્થ ઉપર બનેલ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા જેવા પરમ પવિત્ર કાર્ય માટે પાલીતાણા તરફ વિહાર કરતાં કરતાં, સાવ અણધારી રીતે, તગડી મુકામે કાળધર્મ પામ્યા, એ વાતને બે વર્ષ કરતાં પણ વધુ વખત વીતી ગયો. હોવા છતાં એ ઘટના એવા પ્રસંગે અને એવી હૃદયસ્પર્શી રીતે બની હતી કે જેથી આજે પણ એનું સ્મરણ જાણે એ ગઈકાલે જ બની હોય એવું તાજું છે. આમ થવામાં એ આચાર્યપ્રવરનું પ્રતાપીપણું, સમયજ્ઞપણું અને ઠરેલપણું પણ કારણરૂપ છે એમ કહેવું જોઇએ.

તેઓશ્રીના સ્વર્ગવાસના સ્થાને તગડી ગામની સીમમાં એક સ્મારક ઊભું કરવાની આવકારદાયક હિલચાલ કેટલાક ભાવિક સાધુમહારાજો તથા ભાવનાશીલ સદ્ગૃહસ્થો તરફથી શરૂ થઇ છે અને મુખ્યત્વે એ માટે "પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયનંદનસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ" નામે એક ખાસ ટ્રસ્ટની રચના તાજેતરમાં કરવામાં આવી છે એ વાતની શ્રીસંઘને જાણ કરતાં તથા એ ટ્રસ્ટને આવકાર આપતાં અમે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ

આ ટ્રસ્ટનો મુખ્ય હેતુ તગડી મુકામે સ્વ. આ. મહારાજના સ્મારક રૂપે એક ગુરુમંદિર ઊભું કરવાનો હોય એ સ્વાભાવિક છે. પણ આ સ્મારકની યોજના કેવળ આવું ગુરુમંદિર ઊભું કરવામાં જ પૂરી થતી નથી, પણ એની સાથે સાથ વિહાર દરમ્યાન તગડી ગામમાં આવતા સાધુમુનિરાજો તેમ જ સાધ્વીજી મહારાજોની વૈયાવચ્ચ થઈ શકે એવી તેમ જ ગિરિરાજ શત્રુંજયની યાત્રાએ જવા માટે યાત્રિકો તેમ જ સંઘોને ભાતુ આપવા દ્વારા યથાશક્તિ સ્વામીભક્તિ થઈ શકે એવી ગોઠવણ ઊભી કરવાનો પણ આ ટ્રસ્ટના ટ્રસ્ટી મહાનુભાવોએ

વિચાર કર્યો છે તેથી આ યોજના વિશેષ આવકારદાયક અને તગડીથી પસાર થનારા ચતુર્વિધ સંઘને માટે વિશેષ રાહતરૂપ બની રહેશે એમાં શંકા નથી.

વળી જેમ જેમ આ ટ્રસ્ટની કાર્યશક્તિ અને સંપત્તિમાં વધારો થતો જાય તેમ તેમ સમગ્ર ભારતના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને લક્ષમાં રાખીને ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો વિસ્તાર થઇ શકે એવી જે જોગવાઈ ટ્રસ્ટના બંધારણમાં કરવામાં આવી છે તેને લીધે આ ટ્રસ્ટ ભવિષ્યમાં વિશેષ લોકપ્રિય, કાર્યક્ષમ અને રાહતરૂપ બની રહેશે એવી આશા જરૂર રાખી શકાય.

ટ્રસ્ટના ઉદ્દેશોમાં જે જે વિહારસ્થળોમાં સાધુ—સાધ્વીઓને ઉતારા વગેરેની અગવડ હોય ત્યાં જરૂરી સગવડો ઊભી કરવાની; ચતુર્વિધ સંઘના ધર્મારાધન માટે ધર્મસ્થાનો ઊભા કરવાની અને તેમને નિભાવવાની; સાધુ-સાધ્વીઓની સંયમયાત્રામાં ઉપયોગી હોય એવાં ઉપકરણોની ગોઠવણ કરવાની; ઉપધાન, ઓળી વગેરે કરવા-કરાવવાની; જરૂરી સ્થાનોએ જિનમંદિરો તેમ જ ગુરુમંદિરો બનાવવાની; સાધર્મિક ભક્તિનાં કાર્યો કરવા-કરાવવાની; જૈન સાહિત્યનું પ્રકાશન કરવાની; જ્ઞાનમંદિર તથા પાઠશાળાઓ ઊભી કરવાની; સાધારણખાતુ ચલાવવાની અને જૈન શાસનની પ્રભાવના થાય એવાં કાર્યો કરવાની જે જોગવાઇ કરવામાં આવી છે તે આ ટ્રસ્ટના વ્યાપક કાર્યક્ષેત્રનો તેમજ એના ટ્રસ્ટીઓની વિશાળ દૃષ્ટિનો ખ્યાલ આપે એવી છે. આ યોજના પ્રમાણે જ્યાં જ્યાં મકાનો ઊભાં કરવામાં આવશે ત્યાં એને "સ્વ. પૂ. આ. મ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી સ્મારક ધર્મસ્થાન" એવું નામ આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

પણ આ તો ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર સંઘભક્તિ અને શાસનપ્રભાવનાના વિવિધ કાર્યોની વાત થઇ. અત્યારે તત્કાળ તો તગડી ગામમાં સ્મારક રૂપે વિવિધ મકાનો બનાવવાની અને એમાં જરૂરી સગવડો ઊભી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જેની વિગતો ટ્રસ્ટીઓ તરફથી સહાય માટે શ્રીસંઘ જોગ જે અપીલ બહાર પાડવામાં આવી છે તેમાં આપવામાં આવી છે. તે આ પ્રમાણે છે:

"સ્વ. પૂ. આચાર્યદેવના તગડી મુકામે કાલધર્મ પામવામાં કોઇ ભાવિનો સંકેત લાગે છે અને તેમના અગ્નિદાહ માટે બોટાદની પસંદગીમાં પણ કોઇ ભાવિનો શુભ સંકેત સમાયેલો જણાય છે.

"તગડી પાલીતાણા જતાં રસ્તા ઉપરનું જૈનોની વસતિ વિનાનું સુંદર સ્થળ છે. જ્યાં વિહારમાં સાધુ-સાધ્વી માટે ઉતરવાની સગવડની આવશ્યકતા હતી. સ્વ. પૂ. આચાર્યદેવ પોતાની હયાતિકાળમાં અમદાવાદ પાલીતાણા જતાં રસ્તામાં આવતાં વિહારસ્થાનોમાં જ્યાં જૈનોની વસતી ન હોય તે સ્થળે યોગ્ય સગવડ અને સુવિધા થાય તે માટે તેમની પ્રબળ ઇચ્છા હતી તેની પૂર્તિ માટે જ તેમણે જાણે તગડી પસંદ ન કર્યું હોય?

"અને બોટાદની ભૂમિમાં પોતે જન્મ્યા, ઉછર્યા, મોટા થયા અને સંયમ સ્વીકાર્યો તે જ જન્મભૂમિની માટીમાં વિલીન થવાનો સંકેત ન હોય તેમ ત્યાં તેમનો અગ્નિદાહ થયો.

"આમ સ્વ. પૂ. આચાર્યદેવની પ્રબળ ઇચ્છા અને તેમનો જ્યાં કાળધર્મ-સ્વર્ગવાસ થયો તે જ સ્થાને સાધુ-સાધ્વીઓની સુવિધ સચવાય અને ભક્તિ થાય તેવું સ્વ. પૂ. આચાર્યદેવના નામ સાથે જોડી સારૂં ટ્રસ્ટ બનાવી તેમનું સ્મારક કરવું તે ભાવના જાગવાથી અમે પૂ. આ વિજયનંદનસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ ઊભું કરેલ છે.

"આ ટ્રસ્ટ રજીસ્ટર કરવામાં આવ્યું છે અને તે માટે સડક ઉપર જ આસરે ૮૦૦૦ આઠ હજાર વાર જમીન ખરીદવામાં આવી છે. અને તેના ઉપર બાંધકામ શરૂ કરવામાં આવ્યુ છે. આ જમીન માટેની રકમ એક ભાગ્યશાળીએ પુરેપુરી આપી છે અને તે સ્થળે ઊભા થનાર સાધુ-સાધ્વી વૈયાવચ્ચ માટે એક ભાગ્યશાળીએ રૂા. ૨૫૦૦૦ જેવી સારી રકમ આપી છે અને આજસુધીમાં આશરે એક લાખ ચાલીસ હજારના વચન મળ્યાં છે.

"આ જમીનનો દસ્તાવેજ થઈ ગયો છે અને તે જમીન ઉપર ખાતમુહૂર્ત વિ. સં. ૨૦૩૪ ફા. સુ ૨ ને શુક્રવારના રોજ થયેલ છે અને ત્યાં બોરીંગની પણ વ્યવસ્થા થઈ છે.

"આ માટેનો સુંદર પ્લાન બનાવવામાં આવ્યો છે, જેમાં સાધુમહારાજો માટે ઉતરવાના બે રૂમો અને સાધ્વીજી મહારાજો માટે ઉતરવાના બે રૂમોની જુદા જુદા જવા આવવાના માર્ગની ગોઠવણુ કરવામાં આવી છે. વધુમાં અહિંથી પસાર થતા સંઘો, યાત્રીઓ પણ અહિં ઉતરી વિરામ કરી સ્વ. પૂ૦ આચાર્યભગવંતના પુનિત રજથી પવિત્ર થયેલ આ ભૂમિને સ્પર્શી કૃતાર્થ થાય તે માટે એક ગુરુમંદિર અને વિરામ માટે પૂ૦ સાધુ ભગવંતો અને સાધ્વી ભગવંતો વચ્ચેનો મોટો જનરલ હોલ બાંધવાની ગોઠવણુ કરવામાં આવી છે. બાંધકામ તથા નિભાવ માટે આશરે ત્રણેક લાખ રૂપીયાની આવશ્યકતા છે

"એ માટે આપને અમોએ આ વિનંતિપત્ર પાઠવ્યું છે, તો આપ આપની યથાશક્તિ રકમ મોકલી આપી સ્વ. પૂજ્ય આચાર્ય ભગવંતના પુનિત જીવનની અનુમોદના સાથે અમારા કાર્યને વેગ આપશો."

"એજ લી૦ ટ્રસ્ટીઓ—

આત્મારામ ભોગીલાલ સુતરીયા
રમણલાલ છગનલાલ લક્ષ્મીચંદ
ફુલચંદ છગનલાલ સલોત
કલ્યાણભાઈ પરશોતમદાસ ફડીયા
પ્રબોધકુમાર ચીમનલાલ વકીલ"

રકમ મોકલવાનું ઠેકાણું :-
પ્રબોધકુમાર ચીમનલાલ વકીલ
૨૧ એ, સંજીવબાગ, નવા શારદા
મંદિર રોડ, એલીસબ્રીજ
અમદાવાદ-૭

આ અપીલમાં આપવામાં આવેલ ટ્રસ્ટીઓનાં નામો ઉપરથી જોઈ શકાય છે કે પાંચે ટ્રસ્ટી મહાનુભાવો જૈન સંઘના વિશ્વાસપાત્ર, વગદાર અને સારી રીતે જાણીતા મહાનુભાવો છે.

અહીં એ વાતની નોંધ લેવી ઘટે છે કે આ કાર્ય માટે ફાળો એકત્ર કરવાનું શરૂ કર્યા પછી આ અપીલમાં જણાવવામાં આવેલી રૂા. એક લાખ ચાલીસ હજારની રકમ ઉપરાંત બીજી રકમોના પણ વચનો મળ્યા છે અને સાધુ-સાધ્વીજીઓની સારી રીતે વૈયાવચ્ચ થઈ શકે એ માટે આ સ્થાનમાં એક જૈન કુટુંબને વસાવવાનું અને એ વેપાર દ્વારા અર્થોપાર્જન કરી શકે એવી સગવડ કરી આપવાનું પણ વિચારવામાં આવ્યું છે.

ઉપરની બધી વિગતો ઉપરથી એ સ્પષ્ટ રીતે સમજી શકાય એમ છે કે આ સ્મારક અંગેની યોજના સારી રીતે સફળ થાય એ માટે એના ટ્રસ્ટી મહાનુભાવોએ ઝીણી-મોટી બધી બાબતો ઉપર શરૂઆતથી જ પૂરતું ધ્યાન આપ્યું છે.

આવા ઉત્તમ, ઉપયોગી અને સમયોચિત કાર્ય માટે ઉદારતાથી નાણા આપવાની ટ્રસ્ટીઓની અપીલને ઉમળકાભર્યો આવકાર આપીને સકળ શ્રીસંઘ ઉદારતાથી આર્થિક સહાય આપે એવી ભલામણ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ અને આ ટ્રસ્ટ ખૂબ વિકાસ સાધીને જૈન શાસનની રક્ષા અને પ્રભાવનામાં ખૂબ ફાળો આપે એવી હાર્દિક શુભેચ્છા દર્શાવીએ છીએ.

## આપણી સંસ્થાઓને યોગ્ય કાર્યકરો નહીં મળવાનું કારણ

શું રાજકીય ક્ષેત્રે કે શું ધાર્મિક કે સામાજિક ક્ષેત્રે જ્યાં જુઓ ત્યાં સાચા, નિષ્ઠાવાન અને કાબેલ કાર્યકરોની ખોટ વરતાયા જ કરે છે. શિક્ષણ ક્ષેત્રમાં તો આના કરતાં પણ વધારે બૂરી બેહાલી પ્રવર્તે છે. આવા કાર્યકરોમાં માનદ્ એટલે અવેતન કાર્યકરો તેમ જ પગારદાર કાર્યકરો એ બંનેનો સમાવેશ થાય છે એમ સમજવું.

તેમાંય જૈન ધર્મની કે અન્ય ધર્મોની સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓને આવા બંને


પ્રકારનાં સાચદિલ અને પ્રામાણિક કાર્યકરોની ખોટ વરતાય છે એ દેખીતું છે પણ અહીં તો પગારદાર કાર્યકરોની જ થોડીક વાત કરીશું.

આપણી સામાજિક, ધાર્મિક તથા ધર્મનું શિક્ષણ આપતી સંસ્થાઓને પગાર આપવા છતાં કુશળ અને નિષ્ઠાવાન કાર્યકરો કેમ નથી મળતાં એનાં કારણનું ટૂંકું છતાં સ્વીકારવું પડે એવું નિરૂપણ "જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા"ના ગત જાન્યુઆરી માસના અંકમાં કરવામાં આવ્યું છે જે સૌ કોઈએ જાણવા–વિચારવા જેવુ હોવાથી અહીં સાભાર ઉદ્ધૃત કરીએ છીએ એ નિરૂપણમાં કહેવામાં આવ્યું છે કે—

"સંસ્થામાં યોગ્ય કક્ષાના માણસો મળવાનું બનતું જતું મુશ્કેલ—એ કેમાં, મોટી કંપનીઓમાં, વેપારીઓને ત્યાં કે ફેક્ટરીમાં કામ કરનારને વિવિધ પ્રકારના લાભો મળતા હોય છે. ગ્રેચ્યુઇટી, પ્રોવીડન્ટ ફંડ, નિયમિત પગાર વધારાનું ચોક્કસ ધોરણ, સમય ઉપરાંતના કામ માટે ઓવરટાઇમ વગેરે લાભો મળતાં હોય છે, ત્યારે સંસ્થામાં કામ કરનાર ભલે પગારથી કામ કરતા હોય, છતાં સેવાની ભાવના હોય તો જ સંસ્થામાં કામ કરી શકે અને ટકી શકે. સંસ્થામાં કામ કરનારના શેઠ ઘણાં, જવાબ લેનાર ઘણાં, અને બધાના મિજાજ જાળવવાના રહે. પગાર સિવાય બીજો કોઈ ખાસ લાભ નહિ. વધારે કામ કરવું પડે તે સેવાભાવે અને પોતાની ફરજ સમજીને કરવાનું રહે. આ સંજોગોમાં સંસ્થામાં યોગ્ય કક્ષાના માણસો મળવાનું આજે મુશ્કેલ બની ગયું છે, અને કદાચીત્ મળી જાય તો તેવી વ્યક્તિ ટકી રહે તે તેથીય વધુ મુશ્કેલ છે."

આ નિરૂપણમાં ભલે કોઈ નવી વાત કહેવામાં ન આવી હોય, છતાં એ કાર્યકરોની અછતના આપણને લાંબા વખતથી મૂંઝવી રહેલા પ્રશ્નના મૂળમાં રહેલ કારણને સ્પર્શે છે એટલું તો સ્વીકારવું જ જોઈએ. આનો સાર એ છે કે બીજી સરકારી, અર્ધ સરકારી અને જાહેર સંસ્થાઓની નોકરીઓની જેમ આપણી સંસ્થાઓની નોકરીમાં જોડાતાં કાર્યકરો માટે જો આપણે એમના પગાર વધારા વગેરેની સમુચિત યોજના નહીં કરીએ તો સંસ્થાઓ માટે કુશળ કાર્યકરો મળવાનું વધુ ને વધુ મુશ્કેલ બનતું જવાનું છે અને તેથી સંસ્થાઓનો વહીવટ વધુને વધુ પાંગળો થતો જવાનો છે એ આપણે નક્કી સમજી રાખવું ઘટે છે. આ બાબતમાં હવે વધુ મોડું થાય એ પહેલાં આપણી જાહેર સંસ્થાના મોવડીઓ જરૂરી યોજના તૈયાર કરવા માટે જાગૃત બને અને પાણી પહેલાં પાળ બાંધવાની દૂરંદેશી દાખવે એ જ અમારા આ કથનનો સાર છે.



# ભગવાન મહાવીરનો મંગળ વારસો

**પંડિત શ્રી સુખલાલજી**

ભગવાન મહાવીરે જે માંગલિક વારસો આપણને આપ્યો કે સોંપ્યો છે તે કયો છે એ આજે આપણે વિચારવાનું છે. એક બાબત સ્પષ્ટ સમજી લઈએ કે આ સ્થળે સિદ્ધાર્થનંદન કે ત્રિશલાપુત્ર સ્થૂળ દેહધારી મહાવીર વિશે આપણે મુખ્યપણે વિચાર નથી કરતા. એમનું ઐતિહાસિક કે ગ્રંથબદ્ધ સ્થૂળ જીવન તો હમેશાં આપણે વાંચતા અને સાંભળતા આવ્યા છીએ. આજે જે મહાવીરનો હું નિર્દેશ કરું છું તે શુદ્ધબુદ્ધ અને વાસનામુક્ત ચેતનસ્વરૂપ મહાન વીરને ધ્યાનમાં રાખી નિર્દેશ કરું છું. આવા મહાવીરમાં સિદ્ધાર્થનંદનનો તો સમાવેશ થઈ જ જાય છે, પણ વધારામાં તેમના જેવા બધા જ શુદ્ધબુદ્ધ ચેતનનો પણ સમાવેશ થઈ જાય છે. આ મહાવીરમાં કોઈ નાતજાત કે દેશકાળનો ભેદ નથી. તે વીતરાગાદ્વૈતરૂપે એક જ છે. આ મુદ્દો ધ્યાનમાં રાખીને જ અનેક સ્તુતિકારોએ સ્તુતિ કરી છે જ્યારે શ્રી માનતુંગ આચાર્ય સ્તુત્ય તત્ત્વને બુદ્ધ કહે છે, શંકર કહે છે, વિધાતા કહે છે અને પુરુષોત્તમ કહે છે ત્યારે તે સદ્ગુણાદ્વૈતની ભૂમિકાને જ સ્પર્શે છે. આનંદઘન 'રામ રહિમાન કાન' વગેરે સંપ્રદાય પ્રચલિત શબ્દો વાપરી એવા જ કોઈ પરમ તત્ત્વને સ્તવે છે તે જ રીતે આજે આપણે મહાન વીરને સમજીએ.

ભગભાન મહાવીરે જે મંગળ વારસો આપણને સોંપ્યો છે, ઉપદેશ્યો છે તે માત્ર તેમણે વિચાર પ્રદેશમાં જ સંઘરી મૂક્યો ન હતો. એમણે એને જીવનમાં ઉતારી, પરિપાક કરી, પછી જ આપણી સમક્ષ રજૂ કર્યો છે; એટલે તે વારસો માત્ર ઉપદેશ પૂરતો નથી, પણ આચરણનો વિષય છે.

ભગવાન મહાવીરે ઉપદેશેલ વારસાને સંક્ષેપમાં કહેવો હોય તો તેને ચાર ભાગમાં વહેંચી શકાય:

(૧) જીવનદૃષ્ટિ, (૨) જીવનશુદ્ધિ, (૩) રહેણી-કરણીનું પરિવર્તન અને (૪) પુરુષાર્થ.

ભગવાનની જીવન વિશેની દૃષ્ટિ શી હતી તે પ્રથમ સમજીએ. જીવનની દૃષ્ટિ એટલે તેનું મુલ્ય આંકવાની દૃષ્ટિ. આપણે સહુ પોતપોતાના જીવનનું મુલ્ય આંકીએ છીએ. બહુ તો જે કુટુંબ, જે ગામ, જે સમાજ કે જે રાષ્ટ્ર સાથે આપણો સંબંધ હોય તેના જીવનનું મુલ્ય આંકીએ છીએ. આથી આગળ વધીએ તો આખા માનવસમાજ અને તેથી આગળ વધીએ તો આપણી સાથે સંબંધ ધરાવતા પશુપક્ષીના જીવનનું પણ મુલ્ય આંકીએ છીએ. પણ મહાવીરની સ્વસંવેદન દૃષ્ટિ તેથી પણ આગળ વધી હતી. ગયા એપ્રિલની ચોવીસમી તારીખે અમદાવાદમાં કાકાસાહેબે ભગવાન મહાવીરની જીવનદૃષ્ટિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે તેઓ એક એવા ધૈર્યસંપન્ન અને સુક્ષ્મ-પ્રજ્ઞ હતા કે તેમણે કીટ-પતંગ તો શું પણ પાણી અને વનસ્પતિ જેવી જીવનશુન્ય ગણાતી ભૌતિક વસ્તુઓમાં પણ જીવનતત્વ જોયું હતું મહાવીરે પોતાની જીવનદૃષ્ટિ લોકો શમક્ષ રજુ કરી ત્યારે કોણ તેને ગ્રહણ કરી શકશે એ ન વિચારતાં એટલુંજ વિચાર્યું કે કાળ નિરવધિ છે અને પૃથ્વી વિશાળ છે. ગમે ત્યારે કોઈ તો એને સમજવાનું જ. જેને ઊંડામાં ઊંડી સ્પષ્ટ પ્રતીતિ થઈ હોય તે અધીરી થઈ એમ નથી માની લેતો કે મારી પ્રતીતિને તત્કાળ લોકો કેમ નથી સમજતા?

ભગવાન મહાવીરે આચારાંગ નામના પોતાના ઉપદેશ ગ્રંથમાં બહુ સાદી રીતે એ વાત રજુ કરી છે અને કહ્યું છે કે દરેકને જીવનપ્રિય છે, જેવું આપણને પોતાને ભગવાનની સરળ સર્વગ્રાહ્ય દલીલ એટલીજ છે કે 'હું આનંદ અને સુખ ચાહું છું તેથી જ હું પોતે છું તો પછી એ જ ન્યાયે આનંદ અને સુખને ચાહનાર બીજા નાના-મોટા પ્રાણીઓ હોય; એવી સ્થિતિમાં એમ કેમ કહી શકાય કે માણસમાં જ આત્મા છે, પશુ પક્ષીમાં જ આત્મા છે અને બીજામાં નથી? કીટો અને પતંગો તો સુખની શોધ પોતપોતાની

ઉભે કરતા દેખાય જ છે, પણ સુક્ષ્મતય વાનસ્પતિક જીવનસૃષ્ટિમાં પણ સંતતિ જનન અને પોષણની પ્રક્રિયા અગમ્ય રીતે ચાલ્યાજ કરે છે. ભગવાનની આ દલીલ હતી, અને એ જ દલીલને આધારે એમણે આખા વિશ્વમાં પોતાના જેવું જ ચેતનતત્ત્વ ઉભરાતું, ઉલ્લસતુ જોયું. એને ધારણ કરનાર, નભાવનાર શરીરો અને ઇંદ્રિયોના આકાર–પ્રકારમાં ગમે તેટલું અંતર હોય, કાર્ય શક્તિમાં પણ અંતર હોય, છતાં તાત્ત્વિકરૂપે સર્વમાં વ્યાપેલ ચેતનતત્ત્વ એક જ પ્રકારનું વિલસી રહ્યું છે. ભગવાનની આ જીવનદૃષ્ટિને આપણે આત્મૌ–પમ્યની દૃષ્ટિ કહીએ. જેવા આપણે તાત્ત્વિકરૂપે તેવાજ નાના-મોટા સઘળાં પ્રાણીઓ, જે અન્ય પ્રાણીરૂપે છે તે પણ ક્યારેક વિકાસક્રમમાં માનવભૂમિ સ્પર્શે છે અને માનવભૂમિ પ્રાપ્ત જીવ પણ અવક્રાંતિક્રમમાં ક્યારેક અન્ય પ્રાણીનું સ્વરૂપ લે છે. આવી ઉત્ક્રાંતિ અને અવક્રાંતિનું ચક્ર ચાલ્યા કરે, પણ તેથી મુળ ચેતનતત્ત્વના સ્વરૂપમાં કશો જ ફેર પડતો નથી. જે ફેર પડે છે તે વ્યાવહારિક છે.

ભગવાનની આત્મૌપમ્યની દ્રષ્ટિમાં જીવનશુદ્ધિનો પ્રશ્ન આવી જ જાય છે. અજ્ઞાત કાળથી ચેતનનો પ્રકાશ ગમે તેટલો આવૃત થયો હોય–ઢંકાયેલો હોય, તેનો અભિર્વાવ ઓછો કે વત્તો હોય, છતાં શક્તિ તો એની પૂર્ણ વિકાસની–પૂર્ણ શુદ્ધિની છે જ. જો જીવતત્ત્વમાં પૂર્ણ શુદ્ધિની શક્યતા ન હોય તો અધ્યાત્મિક સાધનાનો કોઈ અર્થ રહેતો જ નથી. જે જે દેશમાં સાચા આધ્યાત્મિક અનુભવીઓ થયા છે, તેમની પ્રતીતિ એક જ પ્રકારની છે કે ચેતનતત્ત્વ મૂળે શુદ્ધ છે, વાસના અને લેપથી પૃથક્ છે. શુદ્ધ ચેતનતત્ત્વ ઉપર જે ભાવના કે કર્મોની છાયા પડે છે તે તેનુ મૂળ સ્વરૂપ નથી. મૂળ-સ્વરૂપ તો એથી જુદું જ છે. આ જીવનશુદ્ધિનો સિદ્ધાંત થયો. જેને આપણે આત્મૌપમ્યની દ્રષ્ટિ કહી અને જેને જીવનશુદ્ધિની દ્રષ્ટિ કહી તેમાં વંદાંતીઓનો બ્રહ્માદ્વૈતવાદ કે બીજા તેવા કેવળાદ્વૈત અને શુદ્ધાદ્વૈત જેવા વાદો સમાઈ જાય છે, ભલે તેનો સાંપ્રદાયિક પરિભાષામાં જુદો જુદો અર્થ હોય.

જો તાત્ત્વિકરૂપે જીવનું સ્વરૂપ શુદ્ધ જ છે તો પછી આપણે એ સ્વરૂપ કેળવવા અને મેળવવા શું કરવું એ સાધના વિષયક પ્રશ્ન ઉભું થાય છે. ભગવાન મહાવીરે એ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું છે, કે જ્યાં લગી રહેલી કરણીનું પરિવર્તન ન થાય, આત્મૌપમ્યની દ્રષ્ટિ અને આત્મશુદ્ધિ સધાય એવો જીવનમાં ફેરફાર ન થાય, ત્યાં લગી પહેલી બે બાબતો અનુભવમાં ન આવે. રહેણીકરણીના પરિવર્તનને જૈનશૈલીમાં ચરણકરણ કહે છે. વ્યવહારુ ભાષામાં એનો અર્થ એટલો જ છે કે તદ્દન સરળ, સાદુ અને નિષ્કપટ જીવન જીવવું. વ્યવહારૂ જીવન એ આત્મૌપમ્યની દ્રષ્ટિ કેળવવા અને આત્માની શુદ્ધિ સાધવાનું એક સાધન છે, નહિ કે એવી દ્રષ્ટિ અને શુદ્ધિના ઉપર આવરણના—માયાના પડદા વધાર્યે જવાનું. રહેણીકરણીના પરિવર્તનમાં એક જ મુખ્ય બાબત સમજવાની છે અને તે એ કે મળેલાં સ્થૂળ સાધનોનો ઉપયોગ એવો ન કરવો કે જેથી એમાં આપણી જાત જ ખોવાઈ જાય.

પણ ઉપરની બધી વાત સાચી હોય છતાં એ તો વિચારવાનું રહે જ છે કે આ બધું કેવી રીતે બને? જે સમાજ, જે લોકપ્રવાહમાં આપણે રહીએ છીએ તેમાં તો આવું કશું બનતું જોવાતું નથી. શું ઈશ્વર કે દૈવી એવી કોઈ શક્તિ નથી કે જે આપણો હાથ પકડે અને લોકપ્રવાહના વહેણની ઊલટી દિશામાં આપણને લઈ જાય, ઊંચે ચડાવે? આનો ઉત્તર મહાવીરે સ્વાનુભવથી આપ્યો છે તે એ કે આ માટે પુરુષાર્થ જ આવશ્યક છે. જ્યાં લગી કોઈ પણ સાધક સ્વયં પુરુષાર્થ ન કરે, વાસનાઓના પ્રવાહ સામે ન થાય, એના આઘાત–પ્રત્યાઘાતથી ક્ષોભ ન પામતાં અડગપણે એની સામે ઝૂઝવાનું પરાક્રમ ન દાખવે ત્યાં લગી ઉપર કહેલી એકે બાબત કદી સિદ્ધ ન થાય. તેથી જ તો તેમણે કહ્યું છે કે 'संजमम्मि वीरियम्' અર્થાત્ સંયમ, ચારિત્ર, સાદી રહેણીકરણી એ બધા માટે પરાક્રમ કરવું. ખરી રીતે મહાવીર એ નામ નથી, વિશેષણ છે. જે આવું મહાન વીર્ય-પરાક્રમ દાખવે તે સહુ મહાવીર. આમાં સિદ્ધાર્થનંદન તો આવી જ જાય છે અને વધારામાં બીજા બધા એવા અધ્યાત્મ–પરાક્રમીઓ પણ આવી જાય છે.

('દર્શન અને ચિંતન', ભા. ૧
પૃ. ૨૮૪–૨૮૬ માંથી સાભાર ઉદ્ધૃત.)

# અહિંસાનો વિજયધ્વજ

● લેખક : પૂ. મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ

કચ્છના ધીંગી ધરા પર ઉત્તર સીમાડા ભણી પથરાયેલાં રણ પર શરદ–પૂનમનો ચાંદ ખીલવાને આડે થોડા જ દિવસ જ્યારે બાકી રહ્યાં ત્યારે અહિંસાપ્રેમી મહાજનનાં ધર્મદિલ ધ્રુજી ઉઠયા, રે પૂનમની અજવાળી રાત હવે દૂર નથી જ્યારે એકલમાતાના મંદિરે હિંસાનો કાળો કેર વર્તાશે ? મહાજન વિચારી રહ્યું, ઝેરને જાણી જાણુને પી જાણે એવો કોઈ નરબંકો મળી જાય તો હિંસાના હેમકુંડ ઉપર આપણે જરૂર અહિંસાનો વિજયધ્વજ લહેરાવી શકીએ.

રણના ખારાપાટમાં આવેલું એકલગામ અને ત્યાં રહેલું એકલમાતાનું મંદિર આ બેને બાદ કરવામાં આવે તો, ચોમેર રણ સિવાય કંઇ જ નજર ન ચડે એવી સૂકી આ ધરતી હતી. દર શરદ–પૂનમે અહીં મેળો ભરાતો, ત્યાં આસપાસના નિર્જીવ વાતાવરણમાં જાણે નવો પ્રાણ પૂરાતો ! હજારો માણસો મેળામાં ભાગ લેતા. હોમ–હવન થતા, પૂજા પાઠ થતા. આ મેળો જનતામાં શ્રદ્ધા જીવંત રાખવાનું એક માધ્યમ ગણી શકાય એવો હતો. પણ આ મેળાની બીજી બાજું ભયંકર હતી. ગરાસિયા લોકો આ દિવસે પાડાના બલિ ચડાવતા. અને એકલમાતાનુ મંદિર લોહિયાળ બની ઉઠતું.

મહાજનનું જીવદયા–પ્રેમી અંતર આ હત્યાકાંડથી ખૂબ જ દુભાતું પણ ગરાસીયા કોમ સામે અવાજ કોણ ઉઠાવે ? અહિંસા ખાતર ઝેર પી જાણે એવા મર્દોના મડદા પડે તોય, ગરાસીયા સમજે કે કેમ ? એ પ્રશ્ન હતો. બળથી નહિ કળથી આ પ્રશ્ન ઉકલે તો ઉકલે એવો હતો.

મંદિરના પૂજારી તરીકે રહેલા બાવા તરફ મહાજનની આશાદષ્ટિ મંડાઈ ! હજી હમણાં જ આ બાવો પૂજારી તરીકે આવેલો. પણ પોતાના સ્વભાવ પ્રભાવથી એમણે લોકપ્રિયતા સંપાદન કરેલી, એ જોતા મહાજનને એમની તરફ આશા–મીટ બંધાઇ હતી. એનું નામ હતું : રૂદ્રભદ્ર.

નાની રાતમાં ઝાઝા વેશ ભજવવાના હતા. શરદ પૂનમનો ચાંદો કચ્છની રણ કાંધીને દૂધમલ પ્રકાશથી પખાળે એ રાત ઉગવાને હવે ઘણીવાર ન હતી. વિચારમાં ઝાઝો વખત ગાળ્યા વિના જ મહાજન બાવા પાસે પહોંચી ગયું.

એકલમાતાના મંદિરની બાજુમાં જ મઠ બાંધીને રહેલા બાવા રૂદ્રભદ્રે મહાજનને આવતું જોયું. ને એમને આશ્ચર્ય થયું, આવકાર આપતા એ બોલ્યા,

"પધારો મહાજન ? આમ આ બાજુ કંઇ તરફ ?"

મહાજને વિનય–વિવેક જાળવીને બેઠક લીધી. ચોમેર મેળાની જોરદાર તૈયારીઓ થઈ રહી હતી. બાવાજીને માટે આ મેળો હજી પહેલો જ હતો. મહાજનના મુખીએ ઠાવકે મોઢે વાત શરૂ કરી :

કેમ બાવાજી, આ બધી તૈયારીઓ શાની ચાલે છે ? શું માતાજીનો કોઈ ઉત્સવ થવાનો છે ?

બાવાએ સાશ્ચર્ય કહ્યું, કેમ ખબર નથી ? શરદ પૂનમનો મેળો હવે નજીક આવી રહ્યો છે. પૂનમના દિવસે અહીં માનવ મહેરામણ ઉમટશે. આ રણમાં પાણીનો મહેરામણ તો ઉમટયાં જ કરતો હોય છે, પણ માનવ મહેરામણ ઉમટે એવો દિવસ તો વરસમાં એકવાર જ આવે છે, અને એ શરદપૂનમે.

રે ! શરદપૂનમ આવવાને હવે થોડા જ દિવસ બાકી છે, શું ? અરે રે ! બિચારી... મહાજન અરસપરસ વાત કરી રહ્યું. પળ પહેલાનો આનંદ ઓસરી ગયો હોય એવા મોં જોઈને બાવાએ પુછ્યું, મહાજન ! મેળો આવે છે, એ સાંભળીને ચિંતામગ્ન કેમ બની ગયા ? અરે રે ને બિચારાનો નિશાસો નાંખીને તમે કોની દયા ખાવ છો ?

બાવાજી ! એ મહામાતા જગદંબાની દયા ખાવાનું અમારૂં તો શું ગજુ ? જે આખા જગતનું જતન કરી રહ્યા છે એની ચિંતા કરવાનું અમ જેવા બાલુડાને કેટલું યોગ્ય ગણાય ? છતાં...મહાજન બોલતું અટકી ગયું. શબ્દો જાણે જીભની અણીએ આવીને થંભી ગયા. બાવાએ કહ્યું, મહાજન ? જે હોય એ કહોને ? મુંઝાવ છો શા માટે ? કયારેક એવી કટોકટી પણ આવી શકે છે કે બાલુડાને માતાની ચિંતા કરવી પડે !

બાવાજી ! મેળાની વાત સાંભળતા અમને વિચાર આવ્યો કે, એ જગદંબા અહિંસાનું અંતર આ દિવસે કેટલું બધું દુભાશે ? કીડીને કચડાતી જોતા જેનું હૈયું હાલી ઉઠે છે એ માતા પાડાનો વધ જોતા તો કેટ-કેટલા નિશાસા નાંખશે !

ઓહ ! તમે પાડાના વધની વાત કરો છો કેમ ? એમાં આપણે શું કરી શકીએ ? મેં બધો ઇતિહાસ મેળવ્યો છે. ગરાસીયા જેવા બળિયા સામે કોણ બાથ ભીડે ?

મહાજને દાવ નાખ્યો, બાવાજી ! કાળા માથાનો માનવી ધારે એ કરી શકે ! જ્યારે આપ તો બાવાજી છો. બધાનું દિલ આપે જીતી લીધું છે. આપના અંતરમાં બિરાજેલી અહિંસા ઉપર આપને શ્રદ્ધા છે કે નહિ ? અમે આપના વિશ્વાસે અહીં આવ્યા છીએ. અમૃતનો પ્યાલો ઝુંટવી ઝુંટવીને પીનારાની દુનિયામાં જાણી જાણીને ઝેરને પીનારા આપ જેવા છો. એ વિશ્વાસે જ અમે આપની પાસે અમારા દુભાતા ધર્મદિલની દવા લેવા આવ્યા છીએ. જો અહિંસાના હુતાશન વચ્ચે આપ અહિંસાના અમૃતકુંભ તરીકે અણનમ ઊભા રહો તો અમને વિશ્વાસ છે કે એકલમાતાના મંદિરે અહિંસાનો વિજયધ્વજ લહેરાઈ ઉઠે ને માતાજી આપની ઉપર વધુ પ્રસન્ન થાય.

મેળામાં થતી મહાહિંસાની વિગત મળતા બાવાનું દિલ દુઃખી તો થયું જ હતું. આમાં વળી મહાજનનું પીઠબળ મળ્યું. બાવાજી બળીયો બનીને બોલી ઉઠયો, મહાજન, મને મારી ફરજની યાદ કરાવ્યા બદલ તમારો ઉપકાર ! હું તમને વિશ્વાસ આપું છું કે શરદપૂનમની આ રાત કાળી નહિ બને. જાનનું જોખમ ખેડીનેય હું પાડાનો જાન બચાવીશ. જાઓ, તમે નિશ્ચિત બનો. અહિંસા તો બધા જ ધર્મની 'મહામાતા' છે. એની પૂજા કરવાનો આવો અવસર મને પાછો કયારે મળવાનો ?

આ વીર વાણી સાંભળીને મહાજન પ્રસન્ન થઇ ગયું. કુટીમાંથી ઉઠેલી આ વાણીમાં જે ટંકાર હતો, જે ખુમારી હતી, જે સંસ્કૃતિ–સમર્પણ હતું એ જોતા મહાજનનું મન હાથમાં ન રહ્યું. એણે કહ્યું, બાવાજી ! જો વધ બંધ રહે તો અમારા તરફથી સહુને મીઠાં મોં કરાવવામાં આવશે. મેળાની મેદની પેટભર શીરો ખાઇને અહિંસા માતાની દુવા માગે, એ જોવાનો અવસર અમને કયાં ફરી ફરી મળવાનો હતો ?

જવાબદારીનો બોજો લઈને મહાજન ઊભુ થયું. જવાબદારી નાનીસુની ન હતી. મેળાની વિરાટ મેદનીને પેટભર મીઠું જમણ આપવાનું હતું. પણ બાવાજીએ ઉઠાવેલી જવાબદારી આગળ મહાજનને પોતાની આ જવાબદારી ખૂબ જ નાની લાગતી હતી. બે ત્રણ દિવસો વીતી ગયા. મેળાની તૈયારીઓ છેલ્લું સ્વરૂપ પકડવા લાગી. મહાજને જોયુ તો બાવાજી હજી મૌન જ હતા. વધબંધી માટે એમણે હજી પા પગલી ઉઠાવી ન હતી. અવિશ્વાસ અને આશંકાનું એક વાદળ મહાજનને વિચાર કરાવી ગયું. શું મીઠાં જમણ કઢાવ્યાં નકામા તો નહિ જાય ને ? બાવાજી હજી કેમ હાલતા ચાલતા નથી ?

મહાજન ફરી એકવાર બાવાજીને મળી આવ્યું. બાવાએ તો છાતી ઠોકીને એક એ જ વાત કરી, મહાજન ! મારા પર વિશ્વાસ રાખીને તમ તમારે મીઠા ભોજનની તૈયારી કરો. જાનની બાજી લગાવીનેય હું પાડાનો જાન બચાવીશ.

અંતે 'આસો માસો શરદપૂનમની રાત જો'ના ગરબાઓથી વાતાવરણ બોલાતુ થઈ જાય, એ ઉમંગ આડો એક જ દિવસ બાકી રહ્યો ત્યારે બાવા રૂદ્રભદ્ર મઠમાંથી બહાર નીકળીને સીધા જ ગરાસિયાઓના ઉતારે પહોંચી ગયા.

એકલમાના અનન્ય ને અઠંગ ભક્તના માનમાં સહુ

ઊભા થઈ ગયા. બાવાજીને સહુએ માનપૂર્વક બેસાડયા.

કાં બાવાજી! એકાએક પધાર્યા? શું હોમ-હવન અને હત્ય ની બધી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ?

ગરાસિયાઓના આ પ્રશ્નનો જવાબ આપવાને બદલે બાવાએ બીજી જ વાત મૂકી હું તમને એક પ્રશ્ન પુછું છું માતાજીની પૂજા કિંમતીમાં કિંમતી ચીજથી થવી જોઈએ કે હલકામાં હલકી ચીજથી?

પ્રશ્નનું હાર્દ કોઈ ન સમજ્યું. સહુ સમસ્વરે બોલી ઊઠયા, કિંમતીમાં કિંમતી ચીજથી માતાજીની પૂજા કરીએ તો એમની મહેર રહે અને અમારી લાડી-વાડી-ગાડી લીલીછમ રહે

સોગઠી નાખતા બાવા બોલ્યા, આ દુનિયામાં કિંમતીમાં કિંમતી ચીજ જો કોઇ હોય તો એ જીવ છે. જર, જમીન ને જોરૂ કરતાંય સહુને વધુ વહાલ પોતાના જીવ પર હોય છે. જીવ જો કિંમતી ચીજ છે, તો જીવનું જતન કરવું એ કિંમતીમાં કિંમતી ચીજ છે. કિંમતીમાં કિંમતી ચીજથી દેવી પૂજા કઈ રીતે થાય એ હવે તમારે વિચારવાનું છે મને...તો...

બાવાજી આગળ બોલવા જતા હતા ત્યાં તો ગરાસિયા ગણગણી ઊઠયા, રે! આ તો પરંપરાથી ચાલ્યો આવતો પાડા વધનો આપણો રિવાજ બંધ કરાવવા માંગતા લાગે છે. વધ ન થાય તો એકલમાનો કોપ ઉતરે. આપણે સાફ થઇ જઇએ. બધા ગરાસિયા ઊભા થઈ ગયા કાકોટાથી એમણે કહ્યું:

ઓ બાવાજી, તમારે અમારી પૂજા-વિધીની પંચાત કરવાની જરૂર નથી. અમે વર્ષોથી જે રીતે પૂજા કરતા આવ્યા છીએ એ જ રીતે પૂજા કરવાના તમે તમારી તૈયારીઓ કરો. શા માટે નાહકનો અમારો કોપ વહોરવા તૈયાર થયા છો?

બાવાજી અણનમ હતા. એમણે કહ્યું, હું તો માનું છું કે એકલમાને રીઝવવાનો સાચો ઉપાય અહિંસા જ છે મા કદી પોતાના બાલૂડાના લોહી લઇને રાજી થતી હશે? આપણે એકલમાના બાલૂડાં, તો શું આ પશુ-પંખી નહિ? બલીનો આ પાડો શું માતાજીની પ્રજા નહિ?

ગરાસિયા ખળભળી ઊઠયા. ગોકીરો મચી ગયો. ટોળું બાવાજીની સામે પડયું: એ ધરમની પૂંછડી, તને આવ્યાને હજી તો આ પહેલુ જ વરસ છે, એટલે તને અમારા ઇતિહાસની શી ખબર પડે? જાણે છે કે કચ્છના રાએ પણ અમારી પૂજા સામે પોકાર ઉઠાવ્યો નથી? તુ વળી કોણ? વરસોથી અમે આ રીતે જ પાડાનો બલિ ચડાવતા આવ્યા છીએ. અમારી વચ્ચે માથુ મારવામાં મજા નથી, તું તારે તારી પૂજા સાચવ અને એકલમાની ધજા અણનમ રાખ.

ગરાસિયા ધક્કો મારીને બાવાને વળાવી આવ્યા જતાં જતાંય બાવો કહેતો ગયો, જાગ્યા ત્યારથી સવાર ગણો, રીવાજ જુનો હોય એટલે જાળવવો એવું કોણે કહ્યું? બાઇના કૂવે કંઈ થોડું જ પડી મરાય છે? મારી વાત પર વિચાર કરજો.

પથ્થર પરથી પાણી વહી જાય, એમ બાવાજીની આ વાત ગરાસિયાઓના દિલને અડયા વિના હવામાં ઊડી ગઇ. મહાજનને આ બધી વાતો જાણવા મળી. પણ એ તો બાવાજીના વિશ્વાસ પર મુસ્તાક બનીને મીઠાં જમણની તૈયારી કરી રહ્યું હતુ.

આસોની પૂનમ ઊગી મેળો પુરબહારમાં જામવા માંડયો. ઢોલ, નગારા અને ત્રાંસાના અવાજથી વાતાવરણ જાગતું થઇ ગયું. બલિનું મુહુર્ત આવવાને હવે થોડી જ વાર હતી. સૂર્યોદય સુધીમાં પાડો શણગારવાનું કામ પૂરું કરીને ગરાસિયાઓ નાચ-કુદમાં ગુલતાન બની ગયા હતા મંદિરમાં બધી તૈયારીઓ થઇ ચુકી હતી.

થાળી વાગી, ગરાસિયા એકઠા થઇ ગયા. પાડાનો વરઘોડો કાઢવાનું ટાણું થઇ ગયું. મેદની જામી, ઢોલીડા ઢોલ પીટવા મંડી પડયા ગરાસિયાનો આગેવાન પાડાને લેવા માટે રવાના થયો...પણ આશ્ચર્ય! પાડો ગુમ?

હાહાકાર મચી ગયો. બલિનો પાડો ગુમ? હજુ સુધી આવો કોઈ પાડાચોર પાકયો નથી! પકડો પાડાચોરને! અને ગરદને મારો એને! સહુ સમસમી ઊઠયા આનંદનો પ્રસંગ ક્રોધનો પ્રસંગ બની ગયો. સહુ ચોપાસ ફરી વળ્યા પણ પાડાચોરનું પગલુંય ન દેખાયું? સહુની આંખ આગળ ગઈ કાલે ધરમની

પૂછડી બનીને આવેલો રૂદ્રભદ્ર યાદ આવ્યો. બધાં બોલી ઊઠયા. નક્કી એ જ પાડાચોર! મઠમાં સંતાયો હશે? પકડો એને! 'હાજર સો હથિયાર'ની હક અને હાકોટાં પાડતુ ટોળું મઠ તરફ ધસમસી ગયું. અંતરમાં આગ હતી, હાથમાં હત્યા હતી, દાંત ગુસ્સાથી દબાયેલા હતા. મોં પર વિફરેલી વાઘણનું ખુન્નસ હતું. પણ, મઠ તો ખાલીખમ હતો. ટોળું વધુ ગુસ્સે ભરાયું. સહુ મંદિર તરફ દોડી ગયા.

મંદિરનું વાતાવરણ અજબનું હતું, હોમ-હવનની બધી તૈયારીઓ થઇ ગઈ હતી, છતાં જાણે અભયના ઓછાયા ચોતરફ ફેલાઈ ગયા હતા. ગરાસિયાઓને તો પાડાચોરનો પત્તો જોઇતો હતો. એમની નજર માતાની તરફ ગઈ તો, પથ્થરના પૂતળાની જેમ અણનમ અને અભય બાવો રૂદ્રભદ્ર આંખ મીંચીને ત્યાં જ ખડો રહેલો નજરે ચડયો.

જબરો ઢોંગી. બધા બોલી ઊઠયા. ચોરી કરીને હવે શાહુકારની અથવા બગલાની જેમ ધ્યાન ધરવા બેઠો છે? કરો એને પુરો? ચોરવો છે દેવીનો પાડો, રાડો પાડવી છે ધરમની અને ખાડો ખોદવો છે ખફગીનો?

બધા ગરાસિયા બાવાજીને વીંટાઈ વળ્યા, પણ તે બાવાજી જાણે પથ્થરની પ્રતિમા જ હતા. એમના મોં પર મોતનો ડર ન હતો. એમની આંખ બંધ હતી. શરીર પર જરાય કંપ ન હતો ગરાસિયાઓને લાગ્યું, આ બાવો આજે કોઈ ઓર જણાય છે. શું દેવીએ તો આના શરીરમાં પ્રવેશ નથી કર્યો ને? પાછા હટો બાપલિયા! મા એકલનો કોપ તો ઉતરશે ત્યારે ઉતરશે પણ આ બાવાનો અભિશાપ ઉતરશે તો આપણ સોએ સો વરસ અહીં અત્યારે જ પુરા થઈ જશે!

બાવાજીને જોતા સહુ અદ્રશ્ય ભયથી થરથરી ઊઠયા પણ આજનું ખુન્નસ જુદું જ હતું. 'મારવું કે મરવું'ના મુદ્રાલેખ સાથે સહુએ પોતાના હાથ ઉગામ્યા પણ જાણે હાથ સજ્જડ થઈ ગયા હોય એમ સહુને લાગવા માંડયું! બાવાજી હમણાં જ આંખ ખોલશે અને એમાંથી અગ્નિની જ્વાળાઓ ભડભડ થતી બહાર આવીને આપણા સહુને ભડથું બનાવી જશે, એવા ભયનાં ભણકારાથી સહુ ધ્રુજી ઉઠયા.

ગરાસિયાઓએ બધાં હથિયારો ફેંકી દીધા. સિંહની જેમ ડણકતા ગરાસિયા, સસલાની જેમ હાથ જોડીને ઊભા રહી ગયા: બાવાજી! અમારા પર દયા કરો.

રૂદ્રભદ્રે આંખ ખોલી કરૂણાનું અમી છાંટતા એ બોલ્યા. દયા તો આ એકલમાતા પાસે માંગો, હું શું આપવાનો હતો. મને કોલ આપો કે, અમે હવે પાડાનો વધ નહિ કરીએ. આટલા વખત સુધી હત્યાકાંડ સરજ્યા એની અમને માફી આપે!

બલિદાન જ નહિ, એની ભાવના પણ અફળ નથી નીવડતી એ સત્ય એ દહાડે મહાજનને સમજાયું. સહુનાં મીઠા થયેલા મોમાં અહિંસા માતાનું નામ ગુંજી રહ્યું.

લગભગ સં. ૧૯૩૦ આસો સુદિ પૂનમના દહાડે ત્યાં લહરાયેલો અહિંસાનો એ વિજયધ્વજ આજેય ફરકી રહ્યો છે અને અહિંસાની આલબેલ પોકારી રહ્યો છે.

"શ્રી મહાવીર શાસન" માર્ચ ૧૯૭૮ના અંકમાંથી સાભાર.


૧૦૦ ટકા શુદ્ધ

**કમલ** છાપ કેશર

૧, ૨, ૩, ૫, ૧૦, ૨૫૦ અને ૧૦૦૦ ગ્રામના પેકીંગમાં દરેક જૈન પેઢી તથા સુકા મેવા અને કરીયાણાની દુકાનેથી મળશે.

કાશ્મીરી મોંગરા [] કાશ્મીરી લચ્છા

કાશ્મીરના ભાવોએ નીચેના સ્થળેથી ખરીદો

કેસર, કસ્તુરી, અંબર, મોતી,

શીલાજીતના વ્યાપારી.

**રાજસ્થાન ટ્રેડર્સ** ફોન ૩૨૭૧૧૪ ૩૨૭૧૪૧

૨૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઇ-૪૦૦૦૦૩

# નારી-રત્ન અનુપમા ( ગુજરાતના ઇતિહાસની એક પ્રાસંગિક નવલ )

લેખક : શ્રી જગજીવનદાસ માવજીભાઈ કપાસી-ચુડા

ગુજરાતની રાજધાની મહાનગર પાટણમાં વણિકના નિવાસસ્થાનમાં એક સુંદર ભવન આવી રહ્યું હતું. ભવનની વિશાળ ઓસરીમાં એક ઝુલો હતો, એ ઝુલા ઉપર બેસીને એક પ્રૌઢ વયની સ્ત્રી ઝુલાને ધીમે ધીમે ચલાવી રહી હતી. સ્ત્રીની ઉંમર પ્રૌઢ હતી. તેનો સમસ્ત દેહ પાતળા સોટા જેવો પણ અતિ સુગઠિત હતો. તેનું ભવ્ય કપાળ, ચંદ્ર સમાન ઉજ્જ્વળ મુખ ને ઉપર રહેલી નાની રમણી નાસિકા, પ્રેમભાવ નિતરતા વિશાળ ચક્ષુઓ અને તેના સમસ્ત દેહના સમસ્ત અવયવો એટલા બધાં પ્રમાણસર અને સુંદર હતાં કે તેના દેહમાંથી શીળું રૂપ નિતરી રહ્યું હતું, અને તે સ્ત્રી દેવી સમાન જણાતી હતી. આ વખતે એક અઠાર-વીસ વર્ષનો યુવાન એકદમ ઉતાવળો ઉતાવળો આવ્યો. તે યુવાન પણ ઝુલા ઉપર બેઠેલી સ્ત્રી જેવો અને તેટલો જ સુંદર અને મોહક હતો. તેનું કપાળ અતિ વિશાળ અને તેજસ્વી હતું. તેની બન્ને ચક્ષુઓ દીર્ઘ અને વેધક હતાં. તેનું નાક કાંઈક ઉન્નત અને ગર્વીલું હતું. તેના બન્ને બાહુ ઢીંચણ સુધી લંબાતા આજાન બાહુ હતા અને તેનું સમસ્ત શરીર સુદૃઢ અને બળવાન જણાતું હતું. તે યુવાન ઝુલો ચલાવતી સ્ત્રીનો પુત્ર હતો.

તેણે ઝુલા ઉપર તે સ્ત્રી નજીક બેસતાં અધીરાઈથી પૂછયું "બા, તમે મારૂં વેવીશાળ કરવાનું નક્કી કર્યું છે ?"

"હા, બેટા પણ તું આટલો બધો અસ્થિર અને અધિરો કેમ થઈ ગયો છે ?" સ્ત્રીએ ઉત્તર આપતાં સામો પ્રશ્ન કર્યો.

"પણ બા, મારે એ કાળી અનુપમા સાથે વેવીશાળ કરવું નથી." યુવાને કાંઈક ઉકળાટ અને કાંઈક નરમાશથી કહ્યું.

તે સ્ત્રી પાટણના એક મંત્રી અશ્વરાજની પત્ની કુમારદેવી હતી અને તે યુવાન તેનો પુત્ર તેજપાળ હતો.

કુમારદેવીએ જરા સ્મિત કરીને પૂછયું, "બેટા તેજુ, તને કોણે કહ્યું કે અનુપમા કાળી છે ? જો અનુપમા કાળી હોય અને તારા લાયક ન હોય તો તારી માતા તેવી કન્યા સાથે તારૂં વેવીશાળ કરે ખરી ?"

"મને મારા મિત્રોએ વાત કરી હતી કે અનુપમા કાળી છે અને તારૂં વેવીશાળ તારી માતા એવી અનુપમા સાથે કરવાનાં છે અને એ વાત લગભગ નક્કી થઈ ગઈ છે. બા, આ વેવીશાળની વાત મને બીલકુલ ગમતી નથી." તેજપાળે આવેશથી ઉત્તર આપ્યો.

કુમારદેવીએ શાંતિથી કહ્યું, "બેટા તેજુ, તને તારી માતાનો વિશ્વાસ નથી ? જો અનુપમા તારે લાયક ન હોત તો હું તારૂં વેવીશાળ તેની સાથે કરૂં ખરી ? તારા પિતાની પણ આ વાતમાં સંમતિ છે. તેમ છતાં તારી સંમતિ વિના હું કાંઈ કરવા માગતી નથી" એમ કહીને કુમારદેવીએ તેના પુત્રના વિશાળ વાંસા ઉપર પોતાનો હાથ ફેરવીને ઉમેર્યું, "અલબત્ત અનુપમા તારી ભાભી લલિતા જેવી ગોરી નથી, તેમજ તે કાળી પણ નથી; સાંવરી એટલે શામળી છે. અને સાંવરો રંગ તો ઘણો જ આકર્ષક અને મન-મોહક હોય છે. આપણે જાણીએ છીએ કે ભગવાન શ્રી નેમિનાથ અને નરનારાયણ શ્રી કૃષ્ણ બન્નેનાં શરીરનો રંગ સાંવરો હતો; તેમ છતાં તેઓ સર્વાંગ સુંદર હતા. સાંવરો રંગ તો એક અનોખો અને અજોડ રંગ છે. મગન મંડળનો રંગ પણ સાંવરો છે અને તે આપણને કેવો અલ્હાદલાયક લાગે છે ? શરીરનો રંગ એ બહુ મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત તો સ્વભાવ અને ગુણની છે."

તેજપાળ સ્વભાવે કાંઈક ઉગ્ર હતો પણ તે પોતાની પ્રેમાળ અને વહાલસોઈ માતાને શું કહી શકે ? તે ઝુલા ઉપરથી ઉઠીને એકદમ પોતાના ખંડમાં ચાલ્યો ગયો. કુમારદેવી પોતાના પુત્ર તેજપાળના સ્વભાવને જાણતી હતી. તે વિચારમાં પડી ગઈ.

× × ×

આ પ્રસંગ-કથાના સમયે પાટણની રાજગાદી ઉપર

ભીમદેવ બીજો હતો. તે સ્વભાવે ઉગ્ર, ઉતાવળો, કાંઈક અવિચારી અને કાચા કાનનો હતો. જો કે તે ઘણો બળવાન અને શુરવીર હતો; પણ તેનું બધું બળ અને શૌર્ય તે સમયના રાજાઓ- દિલ્હીના પૃથુરાજ ચૌહાણ, કનોજના જયચંદ્ર રાઠોડ, માળવાના પરમાર રાજા અને આબુના રાજા જેતશી પરમાર સાથે એક બીજા આપસમાં નજીવાં કારણોસર યુધ્ધો કરીને ખર્ચાઈ ગયું હતું અને બીજાઓ પણ એક બીજા સામે લડીને પોતે પાયમાલ થઈ ગયા હતા તથા તે સાથે પ્રજાને પારાવાર સંકટોમાં મૂકી દીધી હતી. ઉપરાંત શાહબુદ્દીન ઘોરીએ ઉત્તરના રાજ્યોને સખત રીતે હરાવીને તેમનાં રાજ્યો કબજે કરી લીધા હતાં અને પોતાના મુખ્ય સરદાર કુતુબુદ્દીન ઐબકને ગુજરાત ઉપર ચડાઈ કરવા મોકલીને ગુજરાતની પણ ખાના-ખરાબી કરી નાંખી હતી. જે સમયે આ વિદેશીઓને આ દેશમાંથી ધકેલી કાઢીને દેશનાં રક્ષણને માટે તથા પ્રજાની સહીસલામતી માટે બધા રાજાઓએ એકત્ર થઈને પોતાનાં બળનો ઉપયોગ કરવાની જરૂર હતી, તે વખતે આ અવિચારી અને મિથ્યાભિમાની રજપૂત રાજાઓ જર, જમીન અને જોરૂના કંકાસમાં પરસ્પર યુધ્ધો કરીને એટલા નિર્બળ થઈ ગયા હતા કે તેઓ માતૃભૂમિનાં રક્ષણ માટે એકત્ર થઈને દેશને તથા પ્રજાને બચાવી શકયા નહિ. વળી ભાટ-ચારણોએ તેમની મિથ્યા પ્રશંસા કરીને તેમને એવા તો અહંકારી બનાવી મૂકયા હતા કે તેઓ પરસ્પર લડીને પોતે ખુવાર થઈ ગયા એટલું જ નહિ દેશ તથા પ્રજાને પણ ખુવારીના ખાડામાં ધકેલી દીધાં હતાં. આવા કપરા સમયે ભીમદેવ બીજાનું - ભોળા ભીમદેવનું પાટણનું રાજસિંહાસન ડોલી રહ્યું હતું. પાટણના ઘણા માંડલિક રાજાઓ પાટણની આણ નહિ સ્વીકારતાં સ્વતંત્ર જેવા થઈ બેઠા હતા પણ ખાસ કરીને ધોળકાનું મંડળ, તેના રાજા લવણપ્રસાદ તથા તેના પુત્ર વીરધવળ પાટણની રાજગાદીને અને રાજા ભીમદેવને સંપૂર્ણ વફાદાર રહ્યા હતા. અને લવણપ્રસાદ તો અવાર નવાર પાટણમાં રહીને રાજચિંતાકારી તરીકે પાટણની રાજ્ય વ્યવસ્થાને સંભાળી રાખતો હતો, અને તેનો પુત્ર વીરધવળ ધોળકાની ગાદી સંભાળતો હતો. તે વખતના ઈતિહાસની આટલી ટુંકી સમીક્ષા કરીને હવે આપણી કથામાં આગળ વધીએ.

× × ×

કુમારદેવી વિચારમાં ઝુલા ઉપર બેઠી હતી ત્યાં તેના બીજા પુત્ર વસ્તુપાળની પત્ની લલિતા આવી અને કુમારદેવીને વિનયથી કહ્યું, "બા, રસોઈ તૈયાર થઈ ગઈ છે, તો શી આજ્ઞા છે?"

કુમારદેવીએ વિચાર-તંદ્રામાંથી જાગીને સસ્મિત વદને કહ્યું, "લલિતા, ભોજનની ધીમે ધીમે તૈયારી કરો. તારા સસરાજી તથા ભાઈઓ આવી જાય એટલે અમે સૌ ભોજન ખંડમાં આવીએ છીએ."

એમ કહીને કુમારદેવી તેજપાળના ખંડમાં ગઈ અને લલિતા ભોજનની તૈયારી કરવા ચાલી ગઈ. તેજપાળ તેના ખંડમાં પલંગ ઉપર જેમ તેમ સુઈ રહ્યો હતો. તેની આંખો બંધ હતી અને મુખ ઉપર ગુસ્સાનાં લક્ષણો હતાં.

કુમારદેવીએ પલંગ ઉપર તેજપાળ નજીક બેસીને તેનાં કપોળ ઉપર પોતાનો કોમળ હાથ ફેરવતાં મૃદુસ્વરથી કહ્યું "તેજુ, ભોજનનો સમય થવા આવ્યો છે."

અહા! વ્હાલસોઈ માતાનો કોમળ હાથ અને મીઠો મૃદુસ્વર ભાગ્યશાળી પુત્રને જ પ્રાપ્ત થાય છે. ખરેખર સ્નેહથી માતા આ સંસારમાં પરમ અમૃત છે. માતાનાં કોમળ હાથના સ્પર્શથી તેજપાલનો ગુસ્સો શાંત થઈ જવા આવ્યો હતો તથા તેના ગાલ ઉપર એક ઉષ્ણ બિંદુ પડ્યું તેવો અનુભવ થતાં જ તેજપાળ આંખો ખોલીને પલંગમાં બેઠો થઈ ગયો અને માતાનાં સ્નેહથી નિતરતા મુખ સામે જોઈને તે એકદમ બોલી ઉઠયો "બા, શું તમે રડો છો? આ શું? તમે શા માટે રડો છો? તમારાં વચનની અવજ્ઞા કરવાનો મને હવે પસ્તાવો થાય છે. મા, તને ક્ષમા કરો હું તમે કહેશો તેમ કરવાને તૈયાર છું. મા, તમે જરા પણ દીલગીર થશો નહિ. તમને તમારા તેજુના સોગન છે."

કુમારદેવીએ પોતાના પુત્રને પોતાના બાહુમાં લીધો અને તેનાં ભવ્ય કપાળ ઉપર તથા માથા ઉપર હાથ વતી પંપાળતાં ઘણા જ વ્હાલથી કહ્યું, "તેજુ! હું રડતી નથી, પણ મારો પુત્ર સ્પષ્ટ વક્તા છે, તે જાણીને

મને ઘણો હર્ષ થયો. અને હર્ષના અતિરેકથી મારી આંખ સ્હેજ ભીની થઈ ગઈ. બેટા, તું તો મારો આજ્ઞાંકિત પુત્ર છે અને તમે ભાઈઓમાં તું સૌથી નાનો હોવાથી મને અતિ વ્હાલો છે. હું તારૂં મન જરા પણ નારાજ કરવા તૈયાર નથી. તારી ખુશી એ જ મારી ખુશી છે."

તેજપાળ તેની માતાના ખોળામાં માથું મૂકીને માતાને નમી પડ્યો અને બોલી ઉઠયો, "મા, ખરેખર તમે મારા પરમ હિતેચ્છું છો. તમે જેમ મને નારાજ કરવા રાજી નથી, તેમ હું પણ તમને કોઈ રીતે નારાજ કરવા ઈચ્છતો નથી. પરમ નિષ્કારણ કરૂણામયી માને જે પુત્ર નારાજ કરે તે કુપુત્ર છે અને હું તમારો નાનો પુત્ર કુપુત્ર થવા માગતો નથી; માટે અનુપમા સાથે મારૂં વેવીશાળ ખુશીથી કરો. મને લાગે છે કે મારા ભાગ્યમાં અનુપમા જ મારી ધર્મપત્ની થવાને લાયક છે મા, મને તમારી આજ્ઞા શિરોમાન્ય છે."

તેજપાળના-પોતાના અતિ વ્હાલા પુત્રના આવાં વિનયી વચનો સાંભળીને માતા કુમારદેવી ઘણીજ રાજી થઈ ગઈ અને અતિ હર્ષના આવેશથી કહ્યું, "મારા વ્હાલા અને વિનયી બેટા તેજુ! તું કહેશે અને રાજી હશે, તેમજ કરશું. શ્રી અરિહંત ભગવાન અને શ્રી શાસનદેવ આપણને સૌને સદ્‌બુદ્ધિ આપે અને આપણું કલ્યાણ અને મંગળ કરે." એમ બોલીને કુમારદેવીએ તેજપાળને પલંગ ઉપરથી બેઠો કરતાં ઉમેર્યું, "તારા પિતા આવી ગયા જણાય છે. હવે ચાલ, આપણે સૌ ભોજન કરવા જઈએ."

× × ×

ઈતિહાસ રસિકો જાણે છે કે તે પ્રમાણે લેખકને ખાસ કરીને કહેવાની જરૂર નથી કે ત્યારપછી યથા સમયે તેજપાળનું વેવીશાળ અનુપમા સાથે થઈ ગયું અને તેમનું લગ્ન પણ થોડા સમય પછી કરવામાં આવ્યું. તેજપાળ શરૂ શરૂમાં તો થોડો નારાજ રહ્યા કરતો હતો. જો કે અનુપમાને કાંઈ કઠોર વચનો કહેતો નહિ; પણ યુવાનવર્ગમાં જેવો પ્રેમ હોય છે, તેવો પ્રેમ તેજપાળ બતાવતો નહિ. અનુપમા પ્રત્યે તે બહુ સાવધાનીથી વર્તતો હતો અને પોતાનાં વર્તનથી તેની માતા કુમારદેવી અને તેની પત્ની અનુપમાને પોતાનો મનોવિકાર જણાઈ આવે નહિ, તેની ખાસ કાળજી રાખતો હતો. ચતુર અનુપમા પોતાના પતિની પોતા તરફ નારાજી છે, એ વાત તે સમજી ગઈ હતી; પરંતુ તે વાત લક્ષ્યમાં લીધા વિના એવી રીતે સંપૂર્ણ વિનય વિવેક, મનની ઉદારતા અને સહનશીલતાથી ગૃહના સૌ તરફ એવા તો ઊંડા પ્રેમભાવથી વર્તતી હતી કે તેનાં સાસુ-સસરા તથા જેઠ-જેઠાણી અને ગૃહનાં તમામ દાસ-દાસીઓ સૌ કોઈ અનુપમાથી પ્રભાવિત થઈ ગયા હતાં અને તેને એક ઉત્તમ ગૃહિણી માનતા હતાં એટલું જ નહિ પણ તેને દેવીસમાન માન આપતા હતાં અને તેની મીઠી વાણીને માનથી ઉઠાવી લેતા હતાં. ટુંકામાં તેણે ભવનનો બધો ભાર પોતા ઉપર ઉઠાવી લીધો હતો. તેથી તેના સાસુ કુમારદેવી તેના વિનય, વિવેક અને ચતુર બુદ્ધિથી તેના ઉપર ઘણી જ મમતા રાખતા હતાં. તેજપાળ પણ અનુપમાનું આવું વર્તન જોઈને મનમાં ને મનમાં ખુશી થતો હતો. લગ્ન પછી શરૂ શરૂમાં તેજપાળ જે નારાજી બતાવતો હતો તે ધીમેધીમે દૂર થઈ ગઈ હતી અને પોતાને આવી કુળવાન અને ગુણીયલ પત્ની મળી તે માટે માતાનો ઘણોજ ઉપકાર અંતઃકરણથી માનતો હતો. કુમારદેવી પણ પોતાના પુત્ર તેજપાળ અને પત્ની અનુપમા વચ્ચે મનમેળ થતો જોઈને ઘણીજ પ્રસન્ન રહેતી હતી અને તેજપાળ તરફ જોઈને મંદ હાસ્ય કરી લેતી હતી. તેજપાળ માતાનો મનોભાવ સમજીને શરમાઈને મા પાસેથી ઉતાવળો ઉતાવળો ચાલ્યો જતો હતો.

આ પ્રમાણે મંત્રી અશ્વરાજનું કુટુંબ સુખી જીવનમાં આનંદ અને સંતોષનો પૂરક અનુભવ કરીને તથા ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ ભાવથી કાળને નિર્ગમન કરતું હતું. પરંતુ સુખી કે દુઃખી કાળને કોઈ પણ રોકી શકતું નથી. કાળ કોઈની રાહ જોતો નથી, તે તો તેનું નિયમિત કાર્ય કરતો જ રહે છે. કેટલાક સમય પછી દાન, શીલ, તપ અને ભાવમાં તત્પર રહેતા અશ્વરાજે સ્વર્ગગમન કર્યું, જેથી પિતાનાં મૃત્યુના શોકને ભૂલી જવા માટે પોતાની પૂજનીય માતા અને ભાઈઓ સાથે સપરિવાર પાટણના નિવાસનો ત્યાગ કરીને વસ્તુપાળ તેજપાળ માંડલ ગામે આવીને રહ્યા

અને ત્યાં વસીને માતાની સેવા કરતા તથા ધર્મધ્યાન અને અનેક સુકૃત્યો કરીને સુખે રહેવા લાગ્યા. આ પછી, હા હંત ! મહાન પુન્ય કાર્ય કરીને કુમારદેવી પણ સ્વર્ગે સંચરી ગઈ.

ત્યાર પછી કેમ જાણે વસ્તુપાળ-તેજપાળના માતા-પિતાનાં સ્વર્ગગમનના શોકનું નિવારણ કરવા માટે જ હોય નહિ, તેમ એક મહા મુનિરાજ માંડલમાં આવીને સ્થિત થયા. વસ્તુપાળ-તેજપાળના જાણવામાં આ વાત આવી એટલે અતિ ઉલ્લાસથી બન્ને ભાઈઓ ઉપાશ્રયે હંમેશા આવીને મુનીશ્વરની ભક્તિ કરવા લાગ્યા. મહા મુનીએ તેમની સેવા-ભક્તિથી પ્રસન્ન થઈને તેમને ઉપદેશ આપતાં જેમના શોકનું નિવારણ કર્યું અને વિશેષ પ્રકારે આત્મશ્રેય માટે તીર્થ-યાત્રા કરવાનું સૂચન કર્યું; અને આ રીતે અસાર એવી લક્ષ્મીનો સદુપયોગ કરવાનો પણ ઉપદેશ આપ્યો. આ ઉપરથી બન્ને ભાઈઓએ પરમ પાવનકારી શત્રુંજય અને ગીરનાર તીર્થની યાત્રાએ જવાનું નક્કી કરીને એક શુભ દિવસે તેઓએ સહપરિવાર પ્રયાણ કરીને હુડાળા ગામે આવી પહોંચ્યા. આ વખતે એકાકી તીર્થયાત્રા કરવામાં જોખમ હતું; કારણ કે સૌરાષ્ટ્રના કેટલાક ઠાકોરો યાત્રાળુઓ પાસેથી તેમનાં રક્ષણનાં બહાને ઘણું દ્રવ્ય પડાવી લેતા હતા. અને કોઈક વખત તેમને લુંટી પણ લેતા હતા. આવી પરિસ્થિતિનો બન્નેએ વિચાર કરીને ભવિષ્યમાં હરકત ન આવે તે માટે, આપણી પાસે અત્યારે જે ધન છે તેમાંથી અહીં જ કાંઈક ભાગનું ધન ભૂમિમાતાને સુપ્રત કરીને એટલે કે જમીનમાં દાટીને યાત્રા માટે આગળ વધવું એ વ્યવહારદૃષ્ટિએ ઉચિત માની એકાદ વૃક્ષની નિશાનીએ ધનને દાટવા છાની રીતે ખોદકામ કરતાં સુવર્ણ મુદ્રાઓથી ભરેલું એક મોટું પાત્ર નીકળી પડયું. આ ઉપરથી બન્ને ભાઈઓ પોતાનું તથા આ રીતે પુણ્યથી પ્રાપ્ત થયેલું ધન લઈને ગામમાં પાછા નિવાસસ્થાને શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં આવ્યા; અને વિચાર કરવા લાગ્યા કે હવે આ બધાં ધનનું શું કરવું ઉચિત છે ? આ પ્રમાણે વિચાર કરતાં વસ્તુપાળને તુરત જ તેજપાળની પત્ની અનુપમા કે જેની બુદ્ધિ-ચાતુરી માટે તેમને માન હતું, તેને તેની સલાહ લેવાને બોલાવી અને સંપૂર્ણ વિગતથી વાત કરીને તેની સલાહ માગી અનુપમા તુરત જ બન્ને ભાઈઓ સન્મુખ આવીને ઊભી રહીને અને જેઠજીને તથા પતિને નીચા નમી વંદન કરીને વિનયથી કહ્યું, " પૂજ્ય જેઠજી ! ધન પ્રાપ્ત કરતાં મનુષ્યને અનેક પ્રકારે શ્રમ કરવો પડે છે અને એવા શ્રમથી કર્મો પણ બંધાય છે; માટે એવાં કર્મોનાં નિવારણ માટે ધનને ભૂમિમાં દાટવાને બદલે સર્વ લોકસમુહના જોવામાં આવે તેવાં ઉચ્ચ સ્થાનમાં તેનો ઉપયોગ કરવો એ સર્વોત્તમ છે; માટે આપણે શ્રી શત્રુંજય અને શ્રી ગીરનારજીની યાત્રાએ જઈએ છીએ, ત્યાં જ તેનો સદુપયોગ કરવો જોઈએ, એવી મારી નમ્ર માન્યતા છે. "

અનુપમાના આવા વિનયી અને લાભકારી વચનો સાંભળીને બન્ને ભાઈઓ ઘણા જ આનંદિત થયા અને અનુપમાની ઉત્તમ ધર્મબુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા. ખરેખર અનુપમા એ અનુપમ ઉપમાને લાયક અનુપમા જ છે અને તેની બુદ્ધિ-ચાતુરીને ધન્યવાદ છે.

કહેવાની જરૂર નથી કે પછી વસ્તુપાળ-તેજપાળ બધુ ધન લઈને યાત્રાએ જવા રવાના થયા અને માર્ગમાં સ્થળે સ્થળે અનેક પ્રકારનાં ધર્મનાં સુકૃત્યો કરતાં કરતાં શ્રી શત્રુંજય તથા શ્રી ગીરનારજીની વિધિપૂર્વક પરમ હર્ષ-ઉલ્લાસથી યાત્રા કરીને તથા ધનનો સદુપયોગ કરીને તેઓ સપરિવાર વાઘેલા મંડલની રાજધાની ધોળકામાં નિર્વિઘ્ને આવી પહોંચ્યા અને ધોળકામાં જ નિવાસ કરીને સુખે રહેવા લાગ્યા

## પત્રી—કચ્છમાં ભવ્ય ઉજવણી

કચ્છ-આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના આ૦શ્રી વ્રજપાલસ્વામીની ૫૦ પુણ્યતિથિ વૈ. સુદ ના પૂજ્ય જિતેન્દ્રમુનિજીની પ્રેરણાથી અહીં મોટા પાયે ઉજવનાર છે. આ પ્રસંગે જુદા જુદા ગામથી વરસીતપના પારણા કરવા ૫૦ જેટલાં ભાઈ-બહેનો પધારશે આ ઉજવણીને ભવ્ય બનાવવા ગામના આગેવાનો અને કાર્યકરો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

# જૈનધર્મની વૈવિધ્યતામાં એકતાના દર્શન

"સેવકદાસ"

આપણું દેશ એટલો બધો મોટો છે કે દર સો માઈલે આપણી dialect બદલાય છે અને ૫૦૦-૭૦૦ માઈલે ભાષા બદલાય છે. આ છે ભારતની વિશાળતા અને વૈવિધ્યતાના પાસા. આથી રાષ્ટ્રીય એકતા થવી બહુ જ જરૂરી છે. આપણાં નેતાઓ આ અંગે વારંવાર બોલતા હોય છે. જો આમ ન થયું તો આપણા દેશનું પ્રત્યેક રાજ્ય સ્વતંત્ર થવા પ્રયત્ન કરશે. તેનું પરિણામ દેશના ભાગલામાં અને કમજોરીમાં આવશે.

જૈન સમાજ અત્યંત નાનો સમાજ છે. તેમાં ઘણા ગચ્છ ભેદો છે. પરંતુ તેમાં જો સંગઠન-એકતા ન આવ્યું તો સમાજ વિશેષ કમજોર બની જશે. શ્રી સમ્મેતશિખરજી પ્રકરણ, શ્રી અંતરીક્ષજી પ્રકરણ, રતલામ પ્રકરણ, કેશરીયાજી પ્રકરણ—આ બધા આપણી કમજોરીનાં પરિણામો છે.

હમણાં હમણાં આપણાં કેટલાયે દીર્ઘદર્શી મુનિ મહાત્માઓ અને સાધ્વીજી મહારાજો ઉદારમતવાદી થતા જાય છે. તેઓ ગચ્છના સંગઠન માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે.

પૂ૦ રવ૦ સાધ્વીશ્રી સુનન્દાશ્રીજી મહારાજના વિદ્વાન્ શિષ્યા પૂ૦ સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી મહારાજે જયપુરમાં સંસ્કાર અધ્યયન સત્રના પ્રસંગે આપણાં ગચ્છોમાં એકતા આવે તે માટે પ્રશસ્ય પ્રયત્ન કરેલો. તેઓ તેમના ધ્યેયમાં ઘણે અંશે સફળ થયેલા. તેમના આ સુન્દર પ્રયાસની રૂપરેખા જાણવા જેવી છે.

આ સત્રમ સ્કૂલ અને કોલેજમાં ભણતી ૧૨૫ બહેનો જોડાઈ હતી. આમાંની કેટલીક બહેનો તપાગચ્છ ઉપરાંત ખરતરગચ્છની, સ્થાનકવાસી તેરાપંથી અને વૈષ્ણવ હતી. પૂ૦ સાધ્વીજી મહારાજ આ બધાને સાથે રાખી શકયા એ મારા માટે આશ્ચર્યની વાત હતી. તેથી મેં પૂ૦ મહારાજજીને 'આ કેવી રીતે શક્ય બન્યું' એ અંગે ખુલાસો પૂછયો.

પૂ૦ મહારાજજીએ મને જણાવ્યું કે જ્યારે અમે સત્રના આયોજન અંગેની પત્રિકા બહાર પાડી ત્યારે કેટલીય ખરતરગચ્છની સ્થાનકવાસી, તેરાપંથી તેમજ વૈષ્ણવ બહેનો મારી પાસે આવી અને મને પૂછયું, "શું આપ અમને સત્રમાં દાખલ કરશો?" "હું સ્થાનકવાસી છું," એમ એક બહેન બોલી. બીજી બોલી, "હું ખરતરગચ્છની છું" ત્રીજીએ કહ્યું, "હું તેરાપંથી છું."... એમ ઘણી બહેનો આવી ગઈ. મેં દરેક બહેનને કીધું, "હું તમને બધાને દાખલ કરીશ. મારે તમને સર્વ પ્રથમ માનવતાના પાઠો શિખવાડી સુશ્રાવિકા બનાવવી છે. પછી તમને તીર્થંકર ભગવાનનું સ્વરૂપ અને તેમની આજ્ઞા – તેમના સિદ્ધાંતોનું યથાર્થ દિગ્દર્શન કરાવવું છે, જેથી તમે તેમની આજ્ઞા સરળતાથી પાળી શકો, પછી તમને રૂચે તેમ કરશો. તમે ભલે ગમે તે ગચ્છના હો. તમે તમારા ગચ્છની પ્રણાલિકા સાચવો. તેમાં મને કંઈ વાંધો નથી." ભાઈ, આજે તેથી જ વૈવિધ્યતામાં એકતા જોવા મળે છે.

સત્રના પ્રારંભમાં અમે બહેનોને સામાયિકના વર્ગમાં બેસવાનું કહીયે છીએ, જેથી તેઓને જ્ઞાન-ધ્યાન સાથે સામાયિક રૂપી આંશિક ચારિત્રની પણ આરાધના થાય. હું સામાયિકનો અર્થ, તેની આવશ્યકતા, તેની ઉપયોગિતા સમજાવી પછી જણાવું કે જુઓ, ખરતરગચ્છમાં સામાયિક પારતી વખતે 'સામાઈઅ-વયજુત્તો' સૂત્રના બદલે 'ભયવં દસણ ભદ્દો' સૂત્ર બોલય છે. ભાવની દૃષ્ટિએ બન્ને લગભગ સરખા જેવા છે પરંતુ શબ્દરચનાની દૃષ્ટિએ અલગ છે...તેમને રૂચે તેમ કરો.

હું ફરીથી બીજા ગચ્છોની પદ્ધતિનું વર્ણન કરી જાઉં અને કહું કે સૌનું ધ્યેય એક છે—સમભાવ પ્રાપ્ત કરવો. રસ્તા, પદ્ધતિ અલગ અલગ છે. આવો, હું તમને દરેક ગચ્છની સામાયિક લેવાની પદ્ધતિ અંગે જણાવું

**તપાગચ્છ અને ખરતરગચ્છ :** તપાગચ્છમાં સામાયિક લેતી વખતે પ્રથમ 'ઈરિયાવહી' અને પછી 'કરેમિભંતે' ઉચરાવે છે. પણ ખરતરગચ્છમાં પ્રથમ ત્રણ 'કરેમિ ભંતે' અને પછી 'ઈરિયાવહી' સૂત્ર

બોલાય છે. બન્ને ગચ્છોમાં સ્થાપનાચાર્ય સામે ૪૮ મિનિટનું સામાયિક લેવાય છે.

**સ્થાનકવાસી** મોઢે મુહપત્તિ બાંધે છે. 'કરેમિ ભંતે' તપગચ્છની જેમ છે. પરંતુ 'મણેણું વાયેણું કાયેણું' શબ્દોના સ્થાને 'મણસા વયસા કાયસા' શબ્દો બોલે છે. તેઓ સ્થાપનાચાર્ય નથી રાખતા. શ્રી સીમંધરસ્વામિ ભગવાનની દિશાનું લક્ષ્ય કરીને ૬૦ મિનિટની સામાયિક લે છે. તેમ।। સામાયિક પારવાના પાઠમાં 'એઅસ્સ નવમસ્સ સામાઈઅ વયસ્સ પંચ અઈયારા૦' નામક પાઠ બોલે છે.

**તેરાપંથી :** તેઓ ૪૮ મિનિટની સામાયિક લે છે. સ્થાનકવાસી કરતા વધુ લાંબી મુહપત્તિ મોઢે બાંધે છે. સામાયિક લેવાનું સૂત્ર સ્થાનકવાસી જેવું હોય છે. પરંતુ પારવાનું સૂત્ર સ્થાનકવાસી સૂત્રનો અનુવાદ હોય છે. તેઓ પૂર્વ દિશા તરફ મોઢું રાખી સામાયિક કરે છે.

**દિગંબર :** સમાજમાં સ્વાધ્યાયનું વિશેષ મહત્ત્વ છે. સામાયિકમાં ખાસ સમયની મર્યાદા નથી. લેવા-પારવાના પ્રાયઃ વિવિધ પ્રકારો હોય છે.

**વૈષ્ણવ :** તેઓ કોરા કાગળ જેવા બહેનો હતા. સામાયિક એટલે શું ? તેનો ઉદ્દેશ્ય શું છે ? આ સર્વ સમજાવવું પડે. સામાયિક એ ઘડીનું ચારિત્ર કહેવાય. તે ગૃહસ્થનું નવમું વ્રત કહેવાય. તેમાં આત્મામાંથી રાગદ્વેષને દૂર કરીને ઉત્તરોત્તર સમભાવની પ્રાપ્તિ કરવાની હોય છે. સામાયિક કેવી રીતે લીધું અને કેવી રીતે પાર્યું તેની અપેક્ષા જીવનમાં સામાયિક દ્વારા સમભાવનો કેટલો વિકાસ કર્યો એ જ્ઞાન અતિ મહત્ત્વપૂર્ણ છે. આ બહેનોએ સામાયિકનો ઉદ્દેશ્ય સમજીને વિધિપૂર્વક યથાર્થ સામાયિક પ્રારંભ કર્યું.

આ રીતે મેં બધા ગચ્છોના સામાયિકના વિધાનો, પદ્ધતિ, સૂત્રો વગેરે સમજી લીધેલા. હું પછી તેમને સમજાવું કે સામાયિકનો અર્થ છે સમભાવ-રાગ દ્વેષને જીતવા તમે કોઈપણ વિધિથી સામાયિક કરો પણ આ વસ્તુ તમારામાં આવે તે જ મારે તમને સમજાવવું છે. આ રીતે સામાયિકનો ધ્યેય એક છે, તેનો ભાવ એક છે, પરંતુ અલગ અલગ ગચ્છમાં ઉપર બતાવ્યું તેમ પદ્ધતિઓ અલગ અલગ છે. તમને રૂચે તેમ કરશો.

પ્રારંભમાં સત્રના વર્ગોમાં ઘણી બહેનો સામાયિક લઈને બેસતી વખતે મુહપત્તિ બાંધતી કારણ, મેં આ બધી બહેનોને તેમના વિચારો મુજબ વર્તવાની છુટ આપી હતી. તેથી ૮/૧૦ દિવસ પછી મોટા ભાગની બહેનો બહુમતિના વર્તન મુજબ પોતાની ઈચ્છાનુસાર આરાધના તેમજ અભ્યાસ કરતી થઈ ગઈ. આ બહેનો સામાયિકનું લક્ષ્ય શું છે તે સમજી ગયેલ તેથી પ્રમાદ ન સેવતા જ્ઞાન-ધ્યાનમય સમય પસાર કરતી. વળી બાહ્યસ્થિતિની અપેક્ષા આંતર નિરીક્ષણમાં લક્ષ્ય અપાતું

મને ચોક્કસ ખાત્રી છે કે જો મેં આપણી રીતે ધર્મ આરાધના કરવાનું કહ્યું હોત તો કદાચ તે લોકો મારા આદેશ પ્રતિ વિરોધ ( Resistance ) બતાવત, જે મારા ધ્યેયને નુકશાન પહોંચાડત. સત્રના અંતે આ બધી બહેનો જાણે એક જ સંપ્રદાયની ન હોય તેમ લાગતી હતી. **सघे शक्तिः कलियुगे** આ યુગમાં સંગઠન એ શક્તિ છે તે સૂત્રમાં આ અનુભવ પછી મને સત્યની વિશેષ પ્રતીતિ થઈ.

આ સત્રમાં એક તેરાપંથી દીકરી પણ દેરાવાસી કુટુમ્બની વહુ પણ દાખલ થઈ હતી. તે બહેનને દર્શન કરવાનો પણ કંટાળો આવતો. પણ મેં તેને દર્શન કરવા જવાનું દબાણ ન કર્યું. મેં સર્વ પ્રથમ ૮/૧૦ દિવસમાં આપણા તીર્થંકર ભગવાનનું સ્વરૂપ, તેમના પ્રાતિહાર્યો, તેમના અતિશયો અને તેમનો આપણા ઉપર અનન્ય ઉપકાર અંગે સમજાવ્યું. આથી તેમનો પૂજાતિશય સ્વાભાવિક રીતે સિદ્ધ થયો. ધીરે ધીરે તેઓ દહેરાસરજી જતા થયા. સત્રની પૂર્ણાહુતિ સમયે પોતાના શ્વસુરગૃહે ખૂબ જ આદરણીય બની ગયા. કારણ, તેમને હવે દેરાસરજી પ્રિય લાગવા માંડયું હતું.

પૂ૦ સાધ્વીજી મહારાજે વિવિધ સંપ્રદાયોની એકતા માટે જે દીર્ઘદર્શિતા વાપરી છે અને તેમના ધ્યેયમાં જે સફળતા મળી છે, તે ખૂબ જ સરાહનીય છે.

મને તો આપણા અનેકાન્તવાદના સિદ્ધાંતનો જાણે જીવનમાં અમલ ન થતો હોય તેવું લાગ્યું.

# પ્રભુજીની આજ્ઞા

લેખક : શ્રી મફતલાલભાઈ સંઘવી, ડીસા

ચૈત્ર શુદ તેરસ.

આસન્ન-ઉપકારી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીનો જન્મ-કલ્યાણક દિવસ.

એ જગબંધુના શાસનમાં આપણે જીવીએ છીએ. એ શાસનનો પ્રાણ છે, "સવિ જીવ કરૂં શાસનરસી"ની ઉત્કૃષ્ટતમ ભાવદયાથી ભારોભાર રસાએલી શ્રી જિનાજ્ઞા

એ આજ્ઞાના અજવાળે એક-એક કદમ ભરાય તો કેઢીઆ સ્વાર્થની આંખો મિચાઈ જાય; મોહનાં ગાત્રો શિથિલ થઈ જાય; પાંચ ઇન્દ્રિયોનાં વિષયોનું સેવન ખારૂં વખ બની જાય; પ્રમાદયોગે કદાચ કોઈ વિષયમાં મન જોડાય તો જોરદાર ઝાટકો લાગે, દેહની ઈમારત ધ્રૂજવા લાગે, ચાર કષાય, હડકાયા કૂતરાની જેમ હડધૂત થાય; જીવમાત્રના હિતથી નિરાળા સ્વહિતનો વિચાર કેટલો ભ્રામક છે, છેતરનારો છે, જગતની ભૂલભૂલામણીમાં ફસાવનારો છે, તે સ્પષ્ટપણે હૃદયગત થઇ જાય.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને નમાય એટલે આત્મતુલ્યતાના ભાવ સાથે સંબંધ સંધાય અને મમતાનો પાશ છૂટી જાય.

શાસનની હીલણા એટલે શું એ બાબતનું તાત્ત્વિક જ્ઞાન આજે પણ અનેક પુણ્યવંત આત્માઓને છે. પણ તે જ્ઞાન મુજબના વર્તન માટે જરૂરી જે નમસ્કારભાવની પરિણતિ જોઇએ, તેના અભાવે શાસનની પ્રભાવનાના કાર્યોમાં શાસનપતિની આજ્ઞાને બરાબર કેન્દ્રમાં રાખીને જ જીવનની પ્રત્યેક પળને સાધવાની બાબતમાં ક્ષોભજનક પોલાણ આપણે ત્યાં પડતું જાય છે.

'अर्ह' ભક્તિ વડે 'અહં'ને ઓગાળવાની જે પ્રક્રિયા છે, તેની સાથે કૃતજ્ઞભાવ જોડાય છે એટલે જ તે પ્રાણવંતી બને છે.

વિચારો!

જો શ્રી મહાવીરપ્રભુજી ન થયા હોત તો આજે આ ભૂમિ પર શ્રીસંઘ હોત? સાધુ-સાધ્વી હોત? શ્રાવક-શ્રાવિકા હોત? પર્વતિથિઓની આરાધના હોત? સાત ક્ષેત્રો અને તેની ભક્તિની પરંપરા હોત? નવતત્ત્વનું નિર્મળ જ્ઞાન આપણા સુધી પહોંચી શક્યું હોત?

જો કે પ્રભુના ઉપકારો તો અસીમ છે. ગણ્યા ન ગણાય એટલા છે.

આ તો તેમના તરફના કૃતજ્ઞભાવને પ્રાણવંતો બનાવવાના આશયથી થોડાક જ ઉપકારો ટાંકયા છે.

શ્રી જિનાજ્ઞાનો આરાધક અંદરથી મોટો હોય, બહારથી નાનો હોય.

બહારથી નાનાને ઇન્દ્રિયોનાં આકર્ષણ અડતાં નથી, અંદરથી મોટોને કષાયના હુમલા નડતા નથી.

આજ્ઞાની આરાધના દ્વારા પ્રભુ-શાસનની ભાવદયાના સીધા સંબંધમાં અવાય છે.

આ ભાવ-દયા, સંસારમાં રહેલા બધા જીવો અહં-જાળથી મુક્ત થઇને, અર્હંભક્તિ જન્ય સમત્વના રસિયા બને એવો શુદ્ધ સંસ્કાર વ્યક્તિની સમગ્રતાપર અંકિત કરે છે. કોઈ એક પણ દુભાય નહિ તેવી જાગૃતિનો જીવનમાં સંચાર કરે છે.

વિશ્વહિતકર જીવનના અધિશુદ્ધ ઉઘાડનું અદ્ભુત રસાયણ, શ્રીજિનાજ્ઞાના અંતરાળે રહેલું છે.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીજીને ભજનારા સહુની એ પ્રથમ ફરજ છે કે, તેમની આજ્ઞાનો સર્વત્ર જય જયકાર થાય એવું નિર્મળ, કદાગ્રહ રહિત જીવન જીવે.

કૃતજ્ઞતા દ્વારા નમ્રતા અને પરોપકાર દ્વારા ઉદારતા આપણા 'અંગભૂત' બને, તો જ આજ્ઞા આપણા હૃદયનું 'હૃદય' બની શકે.

આજ્ઞાને હૃદય સોંપનારો ધન્યાત્મા જ, જીવોનો 'હૃદયેશ્વર' બનતો હોય છે.

અનાદિ કાળથી મોહની આજ્ઞા પાળીને અધ-મૂઆ જેવા લાચાર બની ગએલા આપણે, જો માથું ઉંચકી શકીએ, તો જ મહા મોહજેતા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પાળવાની યોગ્યતા ખીલવી શકીએ.

માથું ઉંચકવાનું છે મોહની આજ્ઞા સામે, કાળા સ્વાર્થના લવારા સામે, રાગ-દ્વેષના વાવા-ઝોડા સામે, વિષય-કષાયના ક્રૂર જીવન સામે.

શ્રી જૈન શાસનનો જયનાદ ગજવીને, છાતી ગજગજ ફૂલાવનારા આપણા સહુની એ ફરજ છે કે એ શાસનની ત્રિભુવનક્ષેમંકર અમી છાયામાં બધા જીવો આકર્ષાય એવું નિર્મળ, વ્યાપક, ઉદાત્ત જીવન આપણે જીવતા થઇએ.

પોકળ શબ્દોથી કામ નહિ ચાલે.

મન સાથે તન તેમ જ વચનને જોડીને જ આપણે શાસનપતિના અસીમ ઉપકારોને લાયક જીવન ઘડી શકીશું.

'હું'ને આગળ ઘણા ભવો સુધી રાખ્યો, હવે 'અર્હં' અને તેમની આજ્ઞાને આગળ રાખ-વાનો અભ્યાસ કેળવીએ, પરહિત પરાયણ બનીએ

મનનો ઉપયોગ સ્વાર્થી વિચારો પાછળ કરીને આપણે આપણું જ નહિ, વિશ્વહિતનું પણ અપ-માન કરીએ છીએ.

શાસનપતિની આજ્ઞાના અજવાળે જીવનના મહાગ્રન્થનું અધ્યયન કરીશું તો આત્મા પહેલો વંચાશે.

એ જ આત્માને 'છેલ્લો' ધકેલીને આપણે ખૂબ નીચે ગબડ્યા છીએ.

હવે ફરીથી ઊંચે આવવા માટે પ્રભુજીની આજ્ઞાને જીવનમાં ઊંચામાં ઊંચું સ્થાન આપીએ!


## નાની વાર્તા

મમ્મી :- બેટા, તું ભણજે ઘણું, પણ સાથે પુણ્યનું કાર્ય પણ કરતો રહેજે.

મહેશ :- શા માટે પુણ્ય કરવું? આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા

મમ્મી :- ભોળા બેટા, પરભવની વાત પછી; પરંતુ આ ભવમાં પણ યશ મેળવવો હોય તો પુણ્યની પ્રથમ જરૂર પડે છે. નહિ તો લોક કહેશે કે ભણ્યા પણ ગણ્યા નહિ.

મહેશ :- હા, મમ્મી! એ વાત તદ્દન સાચી છે આપણે ત્યાં આવેલા પેલા સંગીતકાર શ્રી મનુભાઈ એચ. પાટણવાલા શું ગીત ગાય છે! સૌ તેમનો યશ ગાય છે

મમ્મી :- બેટા, તેઓ કલા શીખ્યા છે, સાથે પુણ્યશાળી છે, જેથી તેમનો યશ સંગીત કલાના પ્રોગ્રામમાં નાચી ઉઠે છે.

મહેશ :- તો બા! આપણે તેમનું સરનામું રાખી મુકીએ, જેથી કયારે પણ પ્રભુ ભક્તિના પ્રસંગમાં લાભ લઇ શકાય.

પ્રસંગ આવેલો જવાનો તો છે, પરંતુ સદાને માટે યાદગાર બની જાય ત્યારે આનંદની અવધિ રહેતી નથી. પરંતુ તેવા આનંદને અનુભવવા માટે યશસ્વી સંગીતકારની જરૂર હોય છે.

તો આપ આપને ત્યાંના શાન્તિસ્નાત્ર, અઠ્ઠાઈ મહોત્સવ આદિ પ્રસંગને અનુરૂપ કથાગીતો, લોકગીત પર તથા સીને તર્જ પર ભાવવાહિ ગીતો માટે નીચેની પાર્ટીને યા[illegible] કરીને જરૂર બોલાવી લેશો.

પ્રતિષ્ઠા, ઉજમણાં, સંઘયાત્રા

* શ્રી સિદ્ધચક્ર ....
* શ્રી વીશસ્થાનક ....
* શ્રી ઋષિમંડલ ....
* શ્રી ચિંતામણી ....

પૂજા, મહોત્સવે, ભાવનાં

ફોન : C/o. ૫૭૬૦૫૨ C/o. ૫૬૨૯૦૭

**મનુભાઈ એચ. પાટણવાળા**

૧૪૫, ડી. અરૂણા નિવાસ, પેલે માળે,
ચાલ્ડ્રન હોસ્પીટલ પાછળ,
વિલેપાર્લા-વેસ્ટ, મુંબઇ ૪૦૦૦૫૬

# પૂ. આ. દેવ વિજયપ્રતાપસૂરિજી મ૦ના કાળધર્મ નિમિત્તે અમદાવાદમાં ચતુર્વિધ સંઘની મળેલ જાહેર શોકસભા

પૂ૦ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં અમદાવાદ શ્રીસંઘના નગરશેઠ શ્રી અરવિંદભાઈ વિમળભાઈ તથા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ વગેરે આગેવાન ગૃહસ્થો દ્વારા તા. ૨૦-૪-૭૮ના રોજ ચતુર્વિધ સંઘની પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ નિમિત્તે ગુણાનુવાદ સભા પાંજરાપોળ જૈન ભોજનશાળાના ઉપરના વિશાળ હોલમાં યોજવામાં આવી હતી.

જેમાં પૂ. આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, પૂ. આ૦ શ્રી વિજયભાનુચંદ્રસૂરીશ્વરજી મ૦, પૂ. આ૦ શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ૦, પૂ. આ૦ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ જુદા જુદા સમુદાયના સાધુ-સાધ્વીજી મહારાજો તથા શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ, શ્રી ચારૂચંદ્ર ભોગીલાલ, શ્રી અનુભાઇ ચીમનલાલ, શ્રી સંપતલાલ પદમચંદ વગેરે આગેવાન ગૃહસ્થો તથા ભાવિક ભાઈ બેનોની સારી એવી સંખ્યાથી ઉપરનો આખો હોલ ચીકાર ભરાઈ ગયો હતો.

પૂ આ૦ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ના મંગલ પ્રવચન બાદ પંડિત મફતલાલ ઝવેરચંદભાઈએ સભા બોલાવવાની જાહેરાત કરી હતી.

ત્યારબાદ સૌપ્રથમ પૂ. આ૦ શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મહારાજે સ્વ૦ આચાર્યદેવના જીવન પર બોલતા જણાવ્યું હતું કે તેઓ જૈન સમાજમાં એક સુંદર આદર્શ મૂકી ગયા છે. સૌથી મોટા હોવા છતાં તે ઘણા નમ્ર હતા. વિ. સં. ૨૦૨૮થી ૨૦૩૧ના ચાર ચોમાસામાં અમને તેમની સરળતાનો સારો અનુભવ થયો છે. જીવનના પ્રારંભમાં તેમણે સુંદર જ્ઞાન-ધ્યાન અને ગ્રંથોનું સંપાદન કર્યું છે. છેલ્લા વર્ષોમાં તેમની દ્વારા જ પંચાંગ સંપાદન થતાં હતા. તેમના ગુણો સાથે તેમના કાર્યની પુરવણી થવી જોઈએ.

ત્યારબાદ પૂ આ. શ્રી વિજયભાનુચંદ્રસૂરિજી મહારાજે જણાવ્યું કે, જૈન સંઘની મર્યાદા ખૂબ સુંદર છે. અરિહંતની આરાધનામાં સમગ્ર શાસનની આરાધના છે. સ્વ. પૂ આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી મ૦નું જેવું નામ હતું તેવા તેમના ગુણ હતા. સંમેલનમાં મારે ઘણો પરિચય થયો હતો. તે દઢનિશ્ચયી, વૈરાગી, સમજદાર, વિરાટ શક્તિવાન હતા મુંબઈ જતાં પહેલાં તેમણે મુંબઇનો અભ્યાસ કર્યો હતો. ત્યાં કેવી રીતે રહેવું તેની ૧૮ કલમો તેમણે ઘડી કાઢી હતી. જેને લઈ મુંબઈમાં વધુ ચોમાસા કરવા છતાં કોઇએ ન મેળવી હોય તેટલી ચાહના તેમણે મુંબઇમાં મેળવી હતી. નિર્ણયશક્તિ તેમની અજોડ હતી. તેને લઇ તેમનું સંઘમાં અજોડ સ્થાન હતું. મુંબઈથી પાલીતાણાનો અને પાલીતાણાથી જુનાગઢનો છ'રી પાળતો સંઘ અને તેની પ્રભાવના એ તેમની લોકપ્રિયતાનો નમુનો છે. તેમના કાળધર્મથી સંઘને ભારે ખોટ પડી છે.

ત્યારબાદ પૂ આ.શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મહારાજે જણાવ્યું કે, પૂ. આ.શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ૦ કહેતા તે મુજબ સદાચારરત મહાપુરુષો કલ્યાણકારી છે; અને તેમનુ કીર્તન-સ્તવન કલ્યાણ કરે છે. પૂ. આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ તેવા મહાપુરુષ હતા. જન્મનારનું મૃત્યુ નિશ્ચિત છે, મરણ પ્રકૃતિ છે. છતાં મરણ આવતાં પહેલાં જીવન સફળ કરવું જોઇએ. આ સફળ કરવા જીવનનો ભોગ આપવો જોઇએ. હવે વ્યક્તિગત વિચારને બદલે સમૂહગત વિચારવાની જરૂર છે. સ્વથી સર્વમાં જવાની જરૂર છે. દેવ-ગુરુ-ધર્મને વફાદાર બનીએ સ્વ. પૂ૦ આચાર્યદેવે શાસનના પ્રભાવનાના કાર્યોથી જૈન સંઘને ધર્મમાર્ગે વાર્યો છે. મહાપુરુષોનું મરણ શોચનીય નથી, પણ આપણે માટે જરૂર શોકવાળું છે. તે મહા ઉપકારી અને દીર્ઘદૃષ્ટા હતા.

પૂ. શ્રી અશોકસાગરજી મહારાજે આ પ્રસંગે જણાવ્યું કે, મેં મારી પાંચ વર્ષની ઉંમરે તેમની પાસેથી ગુણમંજરીની વાત સાંભળેલી. તેઓ વાત્સલ્ય-

# શ્રી જિનપ્રતિમાજીઓ આપવાના છે......

અખિલ ભારતવર્ષના શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘોને અમારી નમ્ર વિનંતી છે કે, આપના શ્રી જિનમંદિરોમાં આરસના કે ધાતુના શ્રી જિનપ્રતિમાઓની જરૂરત હોય તો અમોને લાભ આપવા કૃપા કરશોજી.

અમો અમારા ખર્ચે સારામાં સારા શ્રી જિનપ્રતિમાઓ ભરાવીને અંજનશલાકા કરાવીને સબહુમાન અર્પણ કરવા ભાવના રાખીએ છીએ.

જે ભાગ્યશાળીઓને પોતાના પ્રતિમાજીની અંજનશલાકા કરાવવી હોય તેઓ વૈશાખ સુદ ૧૧ સુધીમાં પહોંચાડવા કૃપા કરે.

અંજનશલાકા વૈશાખ વદ ૭; રવિવાર તા. ૨૮-૫-૭૮ના શુભ દિવસે પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં થશે.

**લિ૦ મંત્રીશ્રી ખાનપુર જૈન શ્રીસંઘ**

ઠે. શેઠ રાજેન્દ્રભાઈ માણેકલાલ મનસુખભાઈનો બંગલો, શાહપુર, **અમદાવાદ-૧**

---

## વેકેશનમાં તત્ત્વજ્ઞાન મેળવવા પધારો

# આધ્યાત્મિક જ્ઞાનશિબિર
# માઉન્ટઆબૂ (અચલગઢ)

તા. ૨૮-૫-૭૮ થી
૧૨-૬-૭૮ સુધી
સોળ દિવસનો
ભવ્ય કાર્યક્રમ

પ્રવચનકાર : પ. પૂ. આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સાહેબના સુશિષ્ય પૂ. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ૦ના શિષ્ય પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજ.

સગવડો : (૧) ભોજન અને આવાસ નિઃશુલ્ક (મફત) (૨) રાજસ્થાનમાંથી આવનાર હિન્દી માધ્યમવાળા અને અન્ય પ્રાંતમાંથી આવનાર અંગ્રેજી માધ્યમવાળા વિદ્યાર્થીઓને પૂરુ રેલ્વેભાડું આપવામાં આવશે. (૩) મેટ્રીક અને તેની ઉપરના કોલેજીયન વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. (૪) નીચેના સરનામેથી ફોર્મ મંગાવી તા. ૮-૫-૭૮ સુધી મોકલી આપવું. (૫) ગોલ્ડ અને સિલ્વર મેડલ વગેરે ઇનામો આપવામાં આવશે. સરનામું—

આધ્યાત્મિક જ્ઞાનશિબિર C/o. કુમાર એજન્સીઝ (ઈન્ડિયા)
૪૪, ખાડીકર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ [ફોન : ૩૫૯૪૭]

પૂર્ણ સમાધિસ્થ પુરુષ હતા. જેણે જીવનને તપમય બનાવ્યું હોય તે સમાધિસ્થ કહેવાય. તેઓશ્રીનો મારા ઉપર ખૂબ પ્રેમ હતો. શાસનના હરેક કાર્યમાં તેઓ સુંદર પ્રેરણા આપતા. પૂ. આ૦શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ, પૂ. આ૦શ્રી વિજયપ્રતાપસૂરિજી મ૦, પૂ. આ૦શ્રી હંસસાગરસૂરિજી મ. એ બધા શાસનના શિરતાજ હતા.

પૂ. દાદા સિદ્ધિસૂરિજી મહારાજના સમુદાયના પૂ. શ્રી રવિપ્રભવિજયજી મહારાજે જણાવ્યું કે, ગુરુતત્ત્વની મહત્તા દેવ અને ધર્મ કરતાં પણ વધુ છે. દેવ–ગુરુ–ધર્મમાં ગુરુપદ વચ્ચે છે. આ મહાપુરુષ ગયા તેમાં આપણા સંઘે અને આપણે શું ગુમાવ્યું તે વિચારવું જોઈએ. આ ન વિચારીએ તો તેમની ઉપયોગિતા સમજી નહિ શકાય. તે મહાપુરુષ જ્યાં જતાં ત્યાં સંઘને કમાણી કરાવતા. તે મહાપુરુષે કષ્ટ સહન કરી લોકોને ધર્મમાર્ગે વાળ્યા છે. તેમનામાં આ પાછળ અનોખું તત્ત્વ હતું; અને તે તત્ત્વ ગુરુની કૃપા હતી. રોજ પ્રતાપસૂરિના નામની માળા ગણો. જેને લઈ તમારા શુદ્ધ અધ્યવસાય થાય.

ત્યારબાદ શ્રી જયંતિલાલ ઝવેરીએ ગુરુ ગુણગર્ભિત કવિતા ગાઈ હતી.

તે પછી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ જણાવ્યું હતું કે, સદ્ગત પૂ. આચાર્યશ્રી કરુણાપ્રધાન, સરળ, આડંબર રહિત મહાપુરુષ હતા. "ઉપશમસારં સામાન્યં, સમતાએ સમણો હોઇ" આ પદ તેમણે તેમના જીવનમાં ઉતાર્યાં હતા.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ જણાવ્યું હતું કે, સ્વ. પૂ. આચાર્યદેવ શાસનના મોભી, દીર્ઘદૃષ્ટા, સરળ અને શાસન હિતસ્વી મહાપુરુષ હતા. પૂર્વકાળમાં ગુરુની સેવા અને ઉત્તર કાળમાં તેવા જ શાંત, સમાધિસ્થ અને શાસનના હિતચિંતક હતા. તેમના સ્વર્ગવાસથી શાસનને ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે.

ત્યારબાદ પંડિત ફતલાલે જણાવ્યું કે, બાળક જન્મે ત્યારે રોતો હોય છે અને જગત હસતું હોય છે. પણ તેણે એવી કરણી કરવી જોઈએ કે તે આ દુનિયામાંથી વિદાય લે ત્યારે તે હસતો હોય અને જગત રોતું હોય. પ. પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મ. એવું ઉત્તમ જીવન જીવી ગયા છે કે તેમની પાછળ તેમના ગુણોને યાદ કરી જગત રડે છે; જ્યારે તેઓ તેમના ઉત્કૃષ્ટ જીવન બદલ સંતોષ લઈને ગયા!

આ પછી પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજે જણાવ્યું કે, સ્વ. આ. દેવશ્રી વિજયપ્રતાપસૂરિજી મ. આપણા સંઘના મોભી પુરુષ હતા. તેમના કાળધર્મથી જૈન શાસનને મહાન ખોટ પડી છે. તેઓ દીર્ઘદૃષ્ટા, વિચારવંત અને શાસનના કાર્યોમાં હરહંમેશ સલાહ લેવા યોગ્ય શાસનના હિતચિંતક મહાપુરુષ હતા.

ત્યારબાદ શેઠશ્રી અનુભાઈ ચીમનલાલે ચતુર્વિધ સંઘ વતી ઠરાવ વાંચી સંભળાવ્યો હતો અને તેને વિસાશ્રીમાળી જ્ઞાતિના શેઠ ચારુચંદ્ર ભોગીલાલભાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ સૌએ મૌનપૂર્વક બાર નવકારનો કાઉસ્સગ્ગ કરેલ અને અંતે પૂ. આચાર્યમહારાજના સર્વ મંગલ સાથે સભા પૂર્ણ થઈ હતી.


દી
ન
બાં
ધુ
ડ્રે
સી
સ

જે
બીજાના
સુખ અને
કલ્યાણ
માટે
પ્રયત્ન
કરે છે તે
સ્વયં
સુખ અને
કલ્યાણ
પામે છે.

૦૦

૯૨,
ભુલેશ્વર,
મુંબઈ
૪૦૦-૦૦૨.

* પ્રોપરાયટર *
ઉમરસી ખીયસી પોલડિયા

પૂ. પંન્યાસશ્રીની ભવ્ય સામૈયાપૂર્વક
## મદ્રાસમાં પુનઃ પધરામણી

પૂજ્ય પન્યાસપ્રવરશ્રી વિશાલવિજયજી ગણિવર્ય, મુનિશ્રી રાજશેખરવિજયજી મ૦ આદિ મદ્રાસથી વિહાર કરી લગભગ ૪૦ માઇલ દૂર ચીંગલપેઠ પાસે પહોંચતાં, મદ્રાસ નયામંદિર સંઘના ટ્રસ્ટીઓ, આગેવાનો અને કાર્યકર્તાઓ પૂ. પંન્યાસશ્રી આદિને મદ્રાસ પાછા પધારી ભવ્ય શિખરબંધી જિનાલય તેમ જ નૂતન ભવ્ય ઉપાશ્રયના ખાત-શિલાન્યાસ મુહૂર્ત કરાવવા ખૂબ જ આગ્રહ ભરી વિનંતિ કરી. આથી પૂ. પં. શ્રી આદિ ફા. વદ ૧૧ના ભવ્ય સામૈયાપૂર્વક પુનઃ મદ્રાસ પધાર્યા છે. પૂજ્યશ્રીના પુનઃ આગમનથી સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો છે.

ઓળી આરાધના, ભ૦ મહાવીર જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો, રાજ્યપાલ આદિની ઉપસ્થિતિમાં ભ૦ મહાવીરદેવની ઉપકારિતા-મહાનતાને દર્શાવતી વિશાળ જાહેરસભા, ચૈત્ર વદ ૫ ગુરુવારથી વૈ. સુદ ૭ સુધીની વિદ્યાર્થી શિબિર, વૈશાખમાં જ નૂતન જિનાલય-ઉપાશ્રયના ખાતમુહૂર્તાદિ કરાવ્યા પછી વિહારના ભાવ છે. જો કે સંઘનો બીજુ ચાતુર્માસ કરાવવા ખૂબ આગ્રહ થઈ રહ્યો છે.

અત્રે પૂ. પં.શ્રીની નિશ્રામાં પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ના સ્વર્ગવાસ નિમિત્તે ગુણાનુવાદ સભા અને વીસસ્થાનક મહાપૂજન વગેરે થયેલ.

---


## જવનન રક્તવર્ધક ટોનિક પિલ્સ

(ભારત સરકાર દ્વારા રજી. નં. ૧૪૬૮૬૦)

દેશ-વિદેશોમાં પ્રશંસા પત્ર પ્રાપ્ત શુદ્ધ આયુર્વેદિક પદ્ધત્તિથી તૈયાર કરેલ ઔષધિ. દુબળા પાતળા શરીર, લોહીની કમી, ભૂખ ન લાગવી, થકાવટ, બેચેની, ગભરામણ, કબજીઆત, સ્વપ્ન કમજોરી, કેલ્સીયમની કમી અને વીર્યના પાતળાપણાને દૂર કરવા જવનન ટોનિક પિલ્સનું સેવન કરો. શરીર સ્વસ્થ બને છે.

૬૪ ગોળીએનું એક પેકેટ રૂ. ૫-૦૦
પૂરો કોર્સ ત્રણ પેકેટ રૂ. ૧૫-૦૦
(પોસ્ટ-પેકીંગ ખર્ચ અલગ)

**ગેસ સોલ્ટ**-ગેસ, અપચો, મરડો, પેટનું દર્દ, આફરાથી તુરત આરામ મળે છે.

૫૦ ગ્રામના રૂ. ૨-૫૦

**સેકસ ટોન** (કેપ્સુલ)-શારીરિક કમજોરીને દૂર કરનાર શક્તિવર્ધક આયુર્વેદિક ઔષધિ.

૧૦૦ કેપ્સુલના રૂ. ૫-૦૦

પ્રત્યેક રોગનો ઈલાજ આયુર્વેદિક પદ્ધત્તિથી કરવામાં આવે છે. સલાહ મફત મેળવી દવાઓનું મોટું સૂચિપત્ર મફત મંગાવો.

સંસ્થાપક : પં. **શ્રી રામપ્રસાદ જૈન વૈદ્ય**
વ્યવસ્થાપક : **ડો. કન્હૈયાલાલ જૈન**
નિર્માતા ફર્મ : **જૈન બાલામૃત કાર્યાલય**
બેલનગંજ, **આગરા-૪** (યુ. પી.)


---


પધારો................ પધારો..... .......... પધારો.

## યાત્રાધામ શ્રી વાલમ તીર્થ

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં વાલમ ગામે શ્રી સંપ્રતિ રાજા વખતનું ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું અતિ પ્રાચીન જિનાલય છે. ભારતના જૈન તીર્થોના ઈતિહાસમાં શ્રી વાલમતીર્થ માટે એવું લખાણ છે કે અવસર્પિણી કાળમાં ૨૦મા શ્રી મુનિસુવ્રતસ્વામિ ભ૦ના શાસનમાં તેમના નિર્વાણ બાદ ૧૨૨ વર્ષે અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવેલા તેમાંની આ એક પ્રતિમા છે.

સૌરાષ્ટ્રમાં જેમ નેમિનાથ ભગવાનનું તીર્થ ગિરનાર છે – તેમ ગુજરાતમાં પણ શ્રી વાલમ તીર્થ છે. આ તીર્થમાં ધર્મશાળા-ઉપાશ્રય આદિની યાત્રાળુઓ માટે સારી સગવડ છે. આ તીર્થમાં કાયમ ભાતુ અપાય છે. કાયમી તિથિ નોંધાવી લાભ લેવા વિનંતી છે. ઓર્ડર મુજબ ચા, પાણી તથા જમવાની સગવડ કરી આપવામાં આવે છે.

મહેસાણાથી તારંગા જતાં વિસનગર સ્ટેશન આવે છે. વાલમ તીર્થમાં જવા માટે મહેસાણા, ઊંઝા, વિસનગરથી એસ. ટી. બસની પાકા રોડની સગવડ છે તથા ટેલીફોનની સગવડ પણ છે. ટેલીફોન નં. ૪૩.

**લિ. શ્રી વાલમ તીર્થ કમિટી**
**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર**
(ઉ. ગુજરાત) તા. વીસનગર, મુ. **વાલમ**

# શતાવધાની પૂ. આ૦ શ્રીની નિશ્રામાં ઠેર ઠેર ધર્મારાધના
# અગાસી જતા પગપાળા સંઘને નડેલો ગંભીર અકસ્માત

દક્ષિણદેશોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ૦ના પટ્ટપ્રભાવક પ્રખરવક્તા પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦ આદિ દાદર જૈન જ્ઞાનમંદિરના વાર્ષિક ભવ્ય મહોત્સવમાં હાજરી આપી, સસ્વાગત શ્રી નમિનાથજીના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં સમૂહ સામાયિક, પ્રવચનાદિ થયા. ત્યાંથી સૂરિજી મહારાજ ડીલાઈલ રોડ પધાર્યા

**પાઠશાળાઓની સ્થાપના**

સૂરિજી મ૦ના ઉપદેશથી પોતાના પૂ ગુરુદેવના પુણ્ય નામથી મુંબઇના જુદા જુદા પરાઓમાં કાંદીવલી, મહાવીરનગર (કાંદીવલી), ભાદરણનગર, કાલીના, પોયસર તથા ધનમાલ-મલાડ અને તાજેતરમાં જુહુગલી-અંધેરી તેમજ લોવર પરેલમાં પાઠશાળા શરૂ થઇ. પાઠશાળા માટે ત્યાંથી જ રૂ. ૩૫ હજાર અને ડીલાઇલ રોડની પાઠશાળા માટે ૧૫ હજારનું ફંડ થયું રાજસ્થાન સમાજે પાઠશાળાનો મેળાવડો યોજી દાતારને હારતોરા કર્યા, દાનવીરે બીજા વર્ષનો પણ પૂર્ણ ખર્ચ આપવાનું જાહેર કર્યું. તેમજ સૂરિજીની પ્રેરણાથી આઠેય પાઠશાળાને ઉત્તેજન આપવા રૂ. બે હજારની ટીપ પણ થઈ, આ રકમમાંથી થોડા થોડા બધે ઇનામી યોજના માટે મોકલાવાયા.

સૂરિજી ત્યાંથી કાલીના થઈ શ્રી અર્હંત્ પૂજન

---


## અહિંસાધર્મ તથા સંસ્કૃતિરક્ષણ, વ્યસનમુક્તિ અને લોકકલ્યાણાર્થે

## અપીલ

ગુજરાતરાજ્યના વડોદરા જિલ્લામાં બોડેલી તીર્થ આવેલું છે. ભવ્ય શિખરબંધી દેરાસર અને તેમાં શ્રી મહાવીરસ્વામીની ભવ્ય ચમત્કારિક પ્રતિમાજી બિરાજમાન છે. બોડેલી આજુબાજુ ૩૦-૩૦ માઈલ સુધીના ગામોમાંથી હજારો પરમાર ક્ષત્રિય ભાઇ-બહેનોએ જૈનધર્મ અંગીકાર કરેલ છે અને તેઓ સારી રીતે ધર્મારાધના પણ કરી રહ્યાં છે. તેમાં ૧૧ ગામોમાં જૈનમંદિર-ઉપાશ્રય થયેલ છે. ૨૧ ગામોમાં પાઠશાળા ચાલે છે. બાળકો તેમાં મોટી સંખ્યામાં ધાર્મિક અભ્યાસ કરે છે. શ્રી વર્ધમાન જૈન આશ્રમ-બોડેલીમાં બાળકોને શ્રી રાખી ધાર્મિક તેમ જ વ્યવહારિક અભ્યાસ કરાવાય છે. આ બધા ખર્ચને પહોંચી વળવા તેમ જ બીજાં નવાં કરવા યોગ્ય બાકી કામો માટે મદદની મોટી જરૂર છે. આજસુધી દાનવીરોની મદદથી આ કાર્ય ચાલી રહ્યું છે તો આપસૌને નમ્ર વિનંતી છે કે સંસ્થાને આગળ લાવવા તથા માનવોમાં ભૂલાઇ ગયેલાં ધર્મસંસ્કારો જાગૃત કરવાના આ કાર્યમાં બને તેટલી વધુ રકમ મોકલવા કૃપા કરશો.

બોડેલી તીર્થમાં ભોજનશાળા, ધર્મશાળાદિની સુંદર સગવડતા છે. તો યાત્રાનો મહાન લાભ લેવા પધારશોજી

તા. ક. દાનની રકમનો ચેક અગર ડ્રાફ્ટ સભાના નામનો બોડેલીના સરનામે મોકલવા વિનંતી છે.

નિવેદક : માનદ્ મંત્રીઓ,
બાબુભાઇ એચ. જીનવાળા
જસવંતલાલ સોમચંદ શાહ

**શ્રી પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા**

વર્ધમાન જૈન આશ્રમ, મુ. બોડેલી-૩૯૧૧૩૫ (જિ વડોદરા)

પ્રસંગે શાંતાક્રુઝ પધાર્યા હતા. ત્યાંથી મલાડ-ભાદરણ-નગર સસ્વાગત પધાર્યા

## છ'રી પાળતો સંઘ

ભાદરણનગરથી અગાસી તીર્થના પદયાત્રા સંઘનું ફાગણ સુદ ૬ ના ભારે ઠાઠથી પ્રયાણ થયું. ઠેરઠેર સૂરિજીના સામૈયા સંઘપૂજન, જાહેર વ્યાખ્યાનો તેમજ સંઘપતિ શેઠશ્રી ગાંગજીભાઇ તથા શ્રીમતી દેવકાબ્હેનને હાર તોરા પહેરાવી સ્વાગત કરવામાં આવતું.

## ગંભીર ટ્રેન અકસ્માત

સંઘ ક્રમે કરી નાલાસોપારા આગળ વધી રહ્યો હતો. ટ્રેનના આ રસ્તે અચાનક ગાડીઓ આવતી હોય સૂરિજી મહારાજે કહેલ કે, જેમને ટ્રેનમાં જવું હોય તેઓ ખુશીથી જાય. પણ, સંઘનો ઉમંગ જોઇ સૌ સાથે જ ચાલતા રહ્યા. સૌ કોઈ યાત્રિક આવતી-જતી ટ્રેનનો ખ્યાલ રાખીને આગળ વધતાં જતાં હતાં. પણ એક સ્થળે વળાંક આવતાં ટ્રેન આવી રહ્યાનો ખ્યાલ ન રહ્યો. સીટી વાગી હોત તો થોડો ખ્યાલ પણ આવી જાત! પરંતુ, કાળ જ કાળ લેવાને દોડી આવ્યો હોય એમ એ ટ્રેને ગંભીર અકસ્માત સર્જી દીધો. આમ તો ટ્રેન આવતાં તુરત બાજુએ સૌ ખસી જાય. પણ અહીં તો નાળું હતું. સૌ ગભરાયા. એક ડોશીમાએ તો નાળા પરથી કૂદકો માર્યો. તે બચી ગયા. એક ભાઈ; જેમનું નામ હસમુખભાઇ; તેઓ ૧-૨ ના હાથ પકડી લાવી રહ્યા હતા ત્યાં એક બહેનની સાડી તેમના પગમાં ભરાઈ...પળવારમાં તો ટ્રેન આવી પહોંચી ને તેની અડફેટથી મહાસુખભાઇ પટકાઈ પડયા. બીજાને બચાવવા જતાં પોતાનું જ બલિદાન આપી ગયા! બીજી એક બહેન પણ અડફેટમાં આવી પડયા. એક બહેનનું મહાસુખભાઇને જોઇને હાર્ટફેલ થઈ ગયું બધે હાહાકાર મચી ગયો.

૪૦૦ માણસ સંઘમાં હતું. વાત વાયુવેગે ફરી વળી સંઘ તે દિવસે નાલાસોપારા રોકાઇ ગયો. આ અકસ્માતમાં મહાસુખભાઈ અને બે બહેનોના મરણ થયાં અને એક બહેનનું હાર્ટફેલથી મૃત્યુ થયું. ૧૦ થી ૧૫ હજારની માનવમેદનીની ઉપસ્થિતિમાં એ ચારે મૃતદેહોની સ્મશાનયાત્રા નીકળી. સૂરિજી, સંઘપતિ સૌ કોઈને આ ગમખ્વાર બનાવથી ઘણો આઘાત લાગ્યો પણ તૂટીની બૂટી નથી.

બીજે દિવસે અગાસી તીર્થે સાદી રીતે સંઘપતિ-જીને માળ પહેરાવાઇ. ૨ થી ૩ હજારની મેદની થયેલ. સાદુ ભોજન અપાયું. બપોરે શ્રી પ્રવિણભાઇ અમૃત-લાલ તરફથી શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવાયું. સૂરિજી બીજે દિવસે વિહાર કરી વિરાર પધારત, ત્યાં મહેતાજી કહે, સાહેબ! ૪૦૦ ટ્રંકકોલ આવ્યા છે. સૌની લાગણી બદલ મારે શું કહેવુ!

## શોકસભા

વિરારથી વિહાર કરી સૂરિજી તા. ૨૬ ના દશા શ્રીમાળી નગરમાં પધાર્યા. ત્યાં સૂરિજીની નેશ્રામાં વિરાટ શોકસભા યોજાઇ. સૌએ સદ્‌ગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પી. વિશેષ કરી જેમણે બીજાને બચાવતા પોતાનું બલિદાન આપ્યું એવા ધર્મવીર મહાસુખભાઈને સૌએ ભાવભરી અંજલિ અર્પી અનેક સંઘો સંસ્થાઓના આગેવાનોની હાજરીમાં સૂરિજીએ સાચી હકીકત રજૂ કરી: કોઈ પાટા નીચે કપાયા નથી, પણ અડફેટમાં


**સાધર્મિક મદદ :** એક જૈન સંસ્કારીક વસ્તારી કુટુંબને વસાવવું છે. જેઓને વસવાટ કરવાની ઈચ્છા હોય તો, જૈન દેરાસરજીમાં પુજા-સ્નાત્ર તેમજ પરચુરણ દેરાસરજીનું કામ તથા હીસાબી કામનો અનુભવ હોય તેમજ પાઠશાળા ચલાવી શકે તેવા કુટુંબે લખવું. સાધારણમાંથી પગાર આપવામાં આવશે. ઉપરાંત પરચુરણ દુકાન વગેરે કરવાની ઈચ્છા હશે તો તેમાં શ્રીસંઘ મદદકર્તા થશે. પત્રવ્યવહાર નીચેના સરનામે કરો.

શ્રી મનસુખલાલ ધનજીભાઈ વોરા [ફોન નં.: ૩૧૯૫૬૬, ૩૧૯૫૬૪]
C/o. એમ. મનસુખલાલ એન્ડ કું. ૩૯૫ કાલબાદેવી રોડ, મુંબઈ-૨

જ બાબત આમ બનવા પામ્યું હતું. અન્ય કોઈને હાથે-પગે કંઇ જ ઇજા થઇ નથી પણ સંઘમાં ૪૦૦ માણસ હોય, તેમના સગાવ્હાલા "કોણ હશે! કોણ હશે!"ની અશંકાને કારણે જરા વધુ હાહાકાર થયો. આમ, સૂરિજીએ એકેએક વાતનું સ્પષ્ટીકરણ કર્યું હતું, વધુમાં સૂરિજી મહારાજે સદ્ગત મહાસુખભાઇના પરિવારને રાહતરૂપ સહાય કરવા અપીલ કરતાં પાંચ જ મિનિટમાં રૂા. ૨૫ હજાર થઈ ગયા. મોટા દેરાસરથી રૂા. ૩૫ હજાર અને અન્ય મળી કુલ રૂા. ૭૫ હજાર ભેગા થયા. આ અકસ્માત સમયે વિરારની સજીવની હોસ્પીટલે તાત્કાલિક સેવા આપી તે બદલ રૂા. ૩ હજાર જૈન સંઘ દ્વારા તેમને આપવાનો નિર્ણય લેવાયેલ.

## પુણ્ય સ્મૃતિ ટ્રસ્ટને ભેટ મળેલી જમીન

આગમ પ્રભાકર પૂજ્યપાદ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ૦ સા૦ના ઉચિત સ્મારક તરીકે "પુણ્ય-સ્મૃતિ ટ્રસ્ટ" તરફથી પાટણમાં આગમ મંદિર બંધાનાર છે.

કાલિકા માતાની બરાબર સામેની ૪૦૦૦ મીટર જગ્યા શેઠશ્રી ભોગીલાલ લેહેરચંદના ધર્મપત્ની શ્રીમતી ચંપાબેને ટ્રસ્ટને ભેટ આપીને આગમ-મંદિરના આ કાર્યને સારો વેગ આપ્યો છે. આ આગમ મંદિર માટે અત્યાર સુધીમાં ૫૦ પ્લેટો માટે બે લાખ રૂપિયાના વચનો મળી ચુકયા છે અને હજુ બીજા મળતા જાય છે ચાર હજાર આપનાર મહાનુભાવનું નામ તામ્ર-પત્રની ૧૪"×૨૨"ની પ્લેટ નીચે અંકિત કરવામાં આવશે. આ ટ્રસ્ટને દાનમાં મળતી રકમ ઇન્કમટેક્ષમાં કર માફી-પાત્ર છે, જે માટેનું સર્ટીફીકેટ પણ હાલમાં મળી ગયું છે.

## કાળધર્મ-પાલીતાણા


આચાર્યશ્રી વિજયજિતેન્દ્રસૂરિજી મ૦ના શિષ્ય મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ૦ના શિષ્યરત્ન મુનિશ્રી જયંતપ્રભવિજયજી મહારાજ જૈન સ્વાધ્યાય મંદિરમાં, ચૈત્ર સુદ ૪ ને મંગળવાર; તા. ૧૧-૪-૭૮ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

## બાલ તપસ્વીઓનું બહુમાન મુંબઈ

વઢવાણ નિવાસી હાલ મુંબઈ શીવનાં રહેતા ઉગ્ર તપસ્વી શ્રી માણેકલાલ ગુલાબચંદ વોરા તથા તેમના ધર્મપત્ની વસુમતીબહેન ધર્મના રંગે રંગાયેલા એક આદર્શ દંપતી છે. એઓ બન્ને સંગીતકાર છે. તાજેતરમાં પાલીતાણા ખાતે પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં આ દંપતીએ ત્રીજું ઉપધાન કરી માળપરિધાન કરેલ છે. વિશેષ ગૌરવપ્રદ બીના એ છે કે, તેઓએ ઉપધાનવહન કરવા સાથે પોતાના બાળકો પુંડરિકકુમાર (ઉ. વર્ષ ૫) તથા કૃપાકુમારી (ઉ. વર્ષ ૯)ને પણ ઉપધાન તપની ઉગ્ર આરાધના કરાવી ધર્મના ઊંડા સંસ્કાર સીંચ્યા છે.

આ બંને બાળ તપસ્વીઓનું તેમની વિરલ ધર્મભાવના અને આરાધનાની અનુમોદનાર્થે એક બહુમાન સમારંભ તા. ૧૨-૩-૭૮ના રોજ શ્રી શીવ જૈન સંઘના ઉપક્રમે યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રી શીવ જૈન સંઘે ચાંદીના શ્રીફળો, શ્રી ઝાલાવાડ શ્વે. મૂ૦ સંઘે તથા જુદા જુદા ૧૦ જૈન મંડળોએ રોકડ રૂપિયા બાળ તપસ્વીઓને આપી, તેમનું બહુમાન કરેલ.

બાળ તપસ્વીના માત-પિતાએ આ મળેલ ચીજો અને રકમોમાં ઉમેરો કરીને બન્ને સંઘો અને દરેક મંડળોને પરત ભેટ આપી એક આદર્શ ઉદાહરણ પૂરૂ પાડયું હતું.



# સુઘોષા ઘંટાનિનાદ

( પ્રભુ મહાવીરના જન્મ સમયનો એક પ્રસંગ )

—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ

ઘંટા નિનાદિત થઈ સુઘોષા ઇંદ્રલોકે ગર્જતી,
પ્રતિ દેવયાને ને વિમાને નાદ મધુરા નર્તતી;
આનંદનો વર્ષાવ કરતી ધ્વનિ કરે પ્રતિનાદની,
સંદેશવાહક એ શિવંકર ભવિકજન મન નંદિની. ૧

સહુ દેવદેવી ઇંદ્ર શચી સહ વિબુધ ચોંકયા હર્ષથી,
આશ્ચર્ય શું ? આનંદ શાનો ? જાણવા દોડ્યા અતિ;
દેવેન્દ્રમંદિર સંચરે આનંદ મંગલ નવ નવા,
ત્યાં વર્ધમાન જિનેન્દ્રનો શુભ જન્મ જાણ્યો ભાવવા. ૨

પુલકિત થયા સહુ રોમરાજી જય જયારવ બોલતા,
સહુ અમર નાચે હર્ષથી સ્વચ્છંદ ભાવે ડોલતા;
મંદાર ચંપક માલતી ને કેતકી કુસુમો ઘણા,
નંદનવનેથી લાવિયા છે વિવિધ રંગ સુગંધના. ૩

ધારી અલંકારો ઘણા મણિ રત્ન મુક્તાફલ તણા,
મંદાકિની તટ મૃદુલ સિકતામાં રમે દેવાંગના;
ગૂંથી કુસુમના મંજરી નિજ વેણીકચ શૃંગારતા,
વક્ષસ્થળે મંદારમાલા નાચતી ગુણ સંકુલા. ૪

વીણા અને કરતાલ ઝંકૃત મધુર ગાન સુણાવતા,
વાજે મૃદંગો તાલ ધરતા મધુરિમાંથી નાચતા;
ભૂલી ગઈ નિજને સુમંગલ છંદ રસભર ગાવતા,
અમરાવલિ ને અમર નારી નર્તને મન ભાવતા. ૫

દેવેન્દ્રને વિનવે સહુ લાવો પ્રભુ બાલક તણે,
શ્રી વર્ધમાન જિનેન્દ્ર દર્શન ભાવના સહુના મને;
મંદાકિની ગંગાતણા જલ ક્ષીર જલનિધિ લાવશું,
જઈ મેરૂગિરિ પર કનક કલશા ભર ભરી નવરાવશું ૬

પ્રભુ સ્નાત્ર કરશું ભક્તિભાવે ઓચ્છવો કરશું ઘણા,
સાર્થક્ય કરશુ જન્મનું છે હોંશ મનની અમતણા;
મુખ કમલ જોશું જગતના તારકતણા ગુણ ગાઇશું,
સાફલ્ય થાશે જન્મનું આનંદ મંગલ ભાવશું ૭

ચંદન સુગંધી મૃદુ વિલેપન અંગ કરશું પ્રભુતણા,
માલા કુસુમની પ્રભુ શરીરે ધારશું અમ ભાવના;
હુલરાવશું ખોળે લેઈ ધરી ભાવ આત્મસમર્પણા,
એવા જિનેશ્વર વીર ચરણે નમન હો બાલેન્દુના. ૮

## મુંબઈમાં ચાતુર્માસ

- પૂ૦ ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી મ૦ આદિનું આગામી ચાતુર્માસ પાયધુની–ગોડીજી ઉપાશ્રય નક્કી થયું છે.
- પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ આદિનું ચાતુર્માસ ભાયખલા નક્કી થયું છે.


## જિનાલયોના શિલ્પીકાર

**મીસ્ત્રી જેરૂપ લીલાશંકર સોમપુરા**

પરંપરાગત શિલ્પ–શાસ્ત્રોક્ત ગણિતથી
દેવમંદિરોનું કાર્ય કરનાર.

ગજધર લીલાશંકર જેરૂપજી સોમપુરા

૧. મુ. પો. બરલૂટ, જિ. સીરોહી ( રાજસ્થાન )
૨. ઠે. ડાક બંગલાની પાસે, પો. મકરાણા
જિ. નાગૌર ( રાજસ્થાન )

**પ્રભાવના માટે ઉપયોગી**

**મહા પ્રભાવિક**

## સ્મરણ સ્તોત્રાદિ સંગ્રહ

( કિંમત રૂ. ૨–૫૦ ) ( પોકેટ સાઈઝમાં )

- જેમાં નવસ્મરણ ઉપરાંત ઋષિમંડલ સ્તોત્ર (૧૦૨ ગાથાનું), શત્રુંજય લઘુકલ્પ, ગૌતમસ્વામી તથા શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ, ગ્રહશાન્તિ સ્તોત્ર વગેરે. ૨૦૦ પૃષ્ઠો, પોકેટ સાઈઝમાં, ડબલ કલર પ્રિન્ટીંગ.
- આકર્ષક પ્લાસ્ટીક કવર.
- દરેક જૈન કુટુંબમાં વસાવવા લાયક.
- વર્ષીતપના પારણાના પ્રસંગ ઉપર પ્રભાવના માટે ૧૦૦ (એકસો) નકલ અગર તે ઉપરાંતનો ઓર્ડર આપનારને તેમનાં સ્વજનનો ફોટો ફ્રી છાપી દેશું.

—: સંપર્ક સાધો :—

**સાધના પ્રકાશન મંદિર : દાણાપીઠ ભાવનગર**

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

## ૭૬મા વર્ષમાં પ્રદાર્પણ પ્રસંગે નમ્ર વિજ્ઞપ્તિ

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજની પ્રતિનિધિ સંસ્થા અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ (સ્થાપના : તારીખ ૨૫ જાન્યુઆરી ૧૯૦૨, સંવત ૧૯૫૮ ભાદરવા વદ ૮) પંચોતેર વર્ષ પૂરાં કરી છોતેરમા વર્ષમાં પ્રદાપર્ણ કરે છે. આ પ્રસંગે કોન્ફરન્સની પ્રવૃત્તિઓને વ્યાપક અને વેગવંતી બનાવવા માટે સારૂ ભંડોળ એકત્ર કરવા વિચારેલ છે.

આ સમયે સહજ પ્રશ્ન થાય કે કોન્ફરન્સે છેલ્લા ગત વર્ષોમાં શું કર્યું ? આજે તે શું કરી રહી છે ? ભંડોળ એકત્ર કરીને શું શું કાર્યો કરવાના છો ?

જેથી સહજ જણાવવું સ્વાભાવિક છે.

આ પ્રશ્નોના જવાબ આપતા અગાઉ થોડીક આનુષંગિક બાબત જણાવી દઈએ. આ સંસ્થા આપણા સમાજની વિચારપ્રેરક અને માર્ગદર્શક સંસ્થા છે.

જૈન સમાજના સર્વદેશીય ઉત્થાન માટે કોન્ફરન્સે આઠ દાયકાથી ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક, રાજકીય અને તીર્થોના રક્ષણ માટે કાર્યો કરેલા છે. તેનો ઇતિહાસ ઉજ્જવળ છે.

**શિક્ષણ પ્રચાર** જૈન સમાજનો બાળક કેળવણીથી વંચિત ન રહે તે માટે સ્થાનિક અને બહારગામ 'કોન્ફરન્સ કેળવણી પ્રચાર' સમિતિઓ ઊભી કરી લાખો રૂપિયા ખર્ચ કરેલ છે. મુંબઈમાં ચાલતી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિ આજે પણ પાઠ્યપુસ્તકોના વિતરણનું કાર્ય કરે છે.

**શ્રાવક-શ્રાવિકા ઉત્કર્ષ :** ભારતમાં જુદા જુદા ગામોમાં ૫૦ કેન્દ્રો ખોલી, નાના નાના ઉદ્યોગો ચાલુ કરી, ૫૦ ટકા ગ્રાંટ આપવા દ્વારા શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષના કાર્યો કરેલા છે. અને ૧૯૫૫માં મુંબઈ સી. પી. ટેંક ઉપર શ્રી જૈન કોન્ફરન્સ ઉદ્યોગગૃહ ચાલુ કરેલ; અને આજે તે સુંદર કાર્ય કરી અનેક સાધારણ કુટુંબોને રોજી-રોટી આપે છે.

**ધાર્મિક શિક્ષણ પ્રચાર:** ધાર્મિક શિક્ષણક્ષેત્રે ૭૦ વર્ષથી કાર્ય કરતી શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની સ્થાપના પુનામાં મળેલા સાતમા અધિવેશનમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટીના ધોરણે લેવાતી બોર્ડની ધાર્મિક પરીક્ષાઓમાં ભારતભરના ભાઈ-બહેનો બેસે છે અને ધર્માભિમુખ બને છે.

**તીર્થરક્ષા:** જૈન સંસ્કૃતિના રક્ષણાર્થે અને તીર્થો અને જિનમંદિરોના પ્રશ્નોમાં આપણો અવાજ સરકાર સમક્ષ પહોંચાડી તીર્થરક્ષાનું કાર્ય કરેલ છે.

પુસ્તકોદ્ધાર અને ગ્રંથપ્રકાશન, બનારસમાં જૈનચેર, જેસલમેર જ્ઞાનભંડારનું રક્ષણ વિ. કાર્યો પણ કોન્ફરન્સે કરેલા છે.

**છેલ્લા ગત વર્ષોમાં કરેલા નક્કર કાર્યો:**

ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકના સુઅવસરે કોન્ફરન્સે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનું સરકારીક્ષેત્રે સુયોગ્ય પ્રતિનિધિત્વ કર્યું.

ભગવાન મહાવીર જન્મકલ્યાણક (ચૈત્રશુદિ ૧૩) ના દિવસે ભારતના જુદા જુદા રાજ્યોમાં જાહેરરજા રખાવવા કાર્ય કરેલ છે. આ વર્ષે મહારાષ્ટ્ર અને બીજા રાજ્યોમાં જાહેરરજા મંજુર કરાવેલ છે.

અનાજના કંટ્રોલ વખતે બન્ને આયંબિલતપની ઓળીની પરમીશન મેળવી સમગ્ર જૈન સમાજનું કાર્ય કરેલ છે.

પાલીતાણામાં જીવહિંસા ઉપર ગુજરાત સરકારે તાજેતરમાં પ્રતિબંધ જાહેર કરેલ છે, તે માટે કોન્ફરન્સે પ્રયાસો કરેલા છે.

બૃહદ મુંબઈની મ્યુનિસીપાલિટી શાળાઓમાં બાળકોને ઇંડા આપવાની યોજના પડતી મુકાવી છે.

તામિલનાડુ રાજ્યમાં ઘેટાં ઉછેરીને ૩૦ કરોડના ખર્ચથી કતલખાનાની યોજના પડતી મુકાવવા તથા દિગમ્બર જૈનાચાર્ય ઉપર ત્રિચીનાપલ્લીના લોકોએ હુમલો કરેલ તેની ન્યાયી તપાસ કરવા વિરોધસભા ભરી કાર્ય હાથ ધરેલ છે.

ચારેય ફિરકાની એકતા વધુ મજબુત બનાવવા કાર્યવાહી કરેલ છે.

મુંબઈ તથા ભાવનગરમાં શ્રી વર્ધમાન કો–ઓપરેટીવ બેંકો ચાલુ કરેલ છે અને તે દ્વારા સમાજ ઉત્કર્ષનું કાર્ય કરેલ છે.

નેત્ર–નિદાન કેન્દ્ર ચાલે છે. દુધ કેન્દ્ર ચાલુ કરી તે દ્વારા હજારો બાળકોને ઉપયોગી થયા છીએ.

આ ઉપરાંત શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને લગતી અનેક સમસ્યાઓ માટે કોન્ફરન્સે પ્રતિનિધિત્વ દાખવી યોગ્ય નિર્ણયો લેવરાવ્યા છે.

કોન્ફરન્સ વિચારપ્રેરક અને ઉપદેશાત્મક સંસ્થા હોઈ, તેમણે ચાલુ કરેલ પ્રવૃત્તિઓ સમય જતાં સ્વતંત્ર અને સ્વાયત કરી દેવામાં આવેલ છે. કોન્ફરન્સના ધ્યેય અને ઉદ્દેશવાળી સંસ્થાઓ નવી–નવી ઉભી થતાં કોન્ફરન્સપ્રેમી કાર્યકરો એ સંસ્થાઓમાં ચાલ્યા જતા પીઢ, અનુભવી અને ખમતીધર કાર્યકરોની સંખ્યા અને શક્તિ વ્હેંચાઈ ગયા. કોન્ફરન્સ સુધારાવાદી સંસ્થા છે, એવી ખોટી બૂમાબૂમથી સાર્વત્રિક સહકારમાં પણ ઓટ આવી છે. આ અને બીજા આવા જ કારણો છતાંય કોન્ફરન્સ ટકી રહેલ છે. માણસની જેમ સંસ્થાને પણ પોતાનું ભાગ્ય અને પુણ્ય હોય છે. કોન્ફરન્સ પણ એવું એક અનેરું ભાગ્ય લઇને જન્મી છે.

**કોન્ફરન્સને વધુ ગતિશીલ બનાવવા નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવા નિર્ણય કર્યો છે :**

ભારતના જુદા જુદા પ્રાંતો–ગામોમાં પ્રાંતિય સમિતિઓ બનાવીને પૂરક સહાય ( સબસીડી ) આપીને ઉદ્યોગગૃહ, હીરા ઘસવાની ઘંટીઓ, સહકારી સ્ટોરો શરૂ કરવા.

શિક્ષીત બેકાર સાધર્મિક ભાઈઓને નાના ઉદ્યોગો કે વેપાર કરવા લોન આપવી.

ધાર્મિક શિક્ષણના પ્રચાર માટે નવી પાઠશાળાઓ શરૂ કરવી અને નબળી પાઠશાળાઓને સહાય કરવી.

શિક્ષીત બેકારોને કામ-ધંધો ( નોકરી ) અપાવવા પ્રયત્ન કરવા.

જુદા જુદા પ્રાંતો અને ગામોમાં સહકારી બેંકો ખોલવી યા તેના માટે પ્રેરણા આપવી. સમાજ–ઉત્કર્ષ સાધવા યોગ્ય પગલા ભરવા.

અમારી ભાવના વિશુદ્ધ અને ઉત્તુંગ છે. અમારી આ વાત સાથે આપ પણ પુરેપુરા સહમત થશો જ કે સમ્યક્ સમાજોત્કર્ષની પ્રવૃત્તિઓ માટે પુરતું નાણાભંડોળ અનિવાર્ય છે. આથી અમે હાલ તુરત સારૂ એવું ભંડોળ એકત્ર કરવાનો નિર્ણય કર્યો છે.

આ ભંડોળનું લક્ષ્યાંક સિદ્ધ કરવા રવિવાર તા. ૨૮મી મે ૧૯૭૮ના રોજ ષણ્મુખાનંદ હોલ, માટુંગામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ પ્રસંગે એક સુવીનેર પણ પ્રગટ કરવામાં આવનાર છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે પ્રારંભમાં પચાસ હજારની રકમના વચનો મળ્યા છે. અમને સમાજની ઉદાર ભાવના પ્રત્યે શ્રદ્ધા છે. કોન્ફરન્સની પ્રવૃત્તિઓને વેગ આપવા નીચેની કોઈ પણ યોજનામાં સહાયક બની આભારી કરશો.

રૂ. ૧૧૦૦૧ વિવિધ પ્રવૃત્તિઓ–કાર્યો કરવા

( કાયમી નિભાવ ફંડ ).

રૂ. ૫૦૦૧ સુકૃત ફંડ.
રૂ. ૧૦૦૧ પેટ્રન.
રૂ. ૫૦૧ આજીવન સભ્ય ‘અ’ વર્ગ.
રૂ. ૨૫૧ આજીવન સભ્ય ‘બ’ વર્ગ.
રૂ. ૧૦૧ આજીવન સભ્ય ‘ક’ વર્ગ.

સુવીનેરમાં આપની કંપની-પેઢીની જાહેરાત અગર વ્યક્તિગત શુભેચ્છા આપીને સહકાર આપશો.

**: જાહેરખબરના દર :**

| | |
|---|---|
| ટાઈટલ પાનુ છેલ્લું | રૂ. ૨૦૦૦ |
| ટાઈટલ પાનુ બે તથા ત્રણના | રૂ. ૧૫૦૦ |
| આખું પાનું આર્ટપેપર | રૂ. ૧૦૦૦ |
| આખું પાનું સાદુ | રૂ. ૫૦૦ |
| અડધું પાનું રૂ. ૨૫૦, પા પાનું | રૂ. ૧૫૦ |

દીપચંદભાઈ એસ. ગાર્ડી,
પ્રમુખ.

તા. ૧-૪-૧૯૭૮

કોન્ફરન્સનો પ્રેરક અને જ્વલંત સંદેશો ખૂણે ખૂણે પહોંચે તેવી શુભ ભાવનાથી આ ભંડોળ કરવામાં આવનાર છે. આશા છે આ વિજ્ઞપ્તિનો આપના તરફથી પ્રેરણાત્મક પ્રત્યુતર અવશ્ય મળશે.

લિ. ભવદીય,

જયંતભાઈ એમ. શાહ
રસીકલાલ સી. શાહ (કોલસાવાળા)
જગદીશચંદ્ર બી. નગરશેઠ
વિનોદચંદ્ર દલીચંદ શાહ
માનદ્ મંત્રીઓ.

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

## વર્ષીતપ-પારણાના મૂળસ્થળ તથા કલ્યાણકભૂમિ હસ્તિનાપુરજીમાં

## પ્રથમ પારણા અને કલ્યાણક મંદિરની અંજનશલાકા-પ્રતિષ્ઠા તા. ૧૦-૫-૭૮

### [] અક્ષયતૃતીયા મહોત્સવ : તા. ૪-૫-૧૯૭૮ થી તા. ૧૧-૫-૧૯૭૮ []

આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતે આજથી હજારો વર્ષ પૂર્વે પાવનભૂમિ શ્રી હસ્તિનાપુરજીમાં, પોતાના ૪૦૦ દિવસના નિરાહાર ઉગ્ર તપનું પારણું, અક્ષયતૃતીયા (અખાત્રીજ)ના શુભ દિને, પોતાના પ્રપૌત્ર શ્રી શ્રેયાંસકુમારના હાથે ઈક્ષુરસથી કરી, સ્વયં આ ધર્મભૂમિને, આ અવસર્પિણીકાળનું પ્રથમ તીર્થ બનાવ્યું છે

ઉપરાંત, ૧૬મા શ્રી શાન્તિનાથ, ૧૭મા શ્રી કુંથુનાથ અને ૧૮મા શ્રી અરનાથજી તીર્થંકર ભગવંતોએ ચ્યવન, જન્મ, દીક્ષા તેમ જ કેવલજ્ઞાન એમ ચાર-ચાર અર્થાત કૂલ ૧૨ કલ્યાણકોથી આ પુણ્યભૂમિને પરમ પાવન બનાવી છે.


આપને જાણીને અનેરો આનંદ થશે કે શ્રી હસ્તિનાપુરજી તીર્થમાં બનેલી આ ઘટનાઓને મૂર્તસ્વરૂપ આપવા ભારતવર્ષમાં પ્રથમ થયેલ પારણાનું (પ્રતિકૃતિનું) તેમ જ કલ્યાણક મંદિરનુ હાથ ધરેલ નિર્માણકાર્ય પુર્ણ થયેલ છે. તેમાં ઈક્ષુરસ ગ્રહણ કરતી ભગવાન ઋષભદેવની અને શ્રી શ્રેયાંસકુમારજીની ભવ્ય પ્રતિમાજીઓની અંજનશલાકા તથા પ્રાણ પ્રતિષ્ઠા અક્ષયતૃતીયાના શુભ દિને પ્રાતઃ સ્મરણીય, યુગવીર, પંજાબકેસરી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર શાંતિમૂર્તિ, રાષ્ટ્રસંત, જિનશાસનરત્ન જૈનાચાર્ય શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ, સર્વ-ધર્મ સમન્વયી ગણિવર્ય શ્રી જનકવિજયજી મહારાજ તેમ જ વિદુષી સાધ્વી શ્રી હેમેન્દ્રશ્રીજી, સાધ્વીશ્રીજી પદ્મયશાશ્રીજી આદિ અનેક સાધુ-સાધ્વી સમુદાયની ઉપસ્થિતિમાં સમ્પન્ન થનાર છે. આ બન્ને પ્રતિમાજીઓ બિરાજમાન કરવાની બોલી તેમ જ

ધ્વજાદંડ અને કળશની બોલી શરૂ થઇ ગઇ છે. શ્રી કલ્યાણક મંદિરમાં સુંદર કમળમાં અંકિત ભગવાન ઋષભદેવની ચરણપાદુકા પણ સ્થાપિત કરવામાં આવનાર છે, તેની બોલી પણ ચાલુ છે. શ્રી હસ્તિનાપુરજીમાં થયેલા દરેક કલ્યાણકોના ચિત્રપટ પણ મંદિરજીમાં લગાડવામાં આવનાર છે. નીચેની વિગતે બોલીઓ ચાલુ છે. તેમાં વધુ ચઢાવો બોલી લાભ લેવા ઈચ્છતા દરેક ભાઇ–બહેન નીચે જણાવેલ સરનામે સંપર્ક સાધવા કૃપા કરે.



**પ્રતિષ્ઠા હેતુ નીચેની વિગતે બોલી ચાલુ છે :—**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ ભગવાન બિરાજમાન કરવાની બોલી | રૂા. ૩૧૦૦૦ |
| ૨. | શ્રી શ્રેયાંસકુમારજીની મૂર્તિ બિરાજમાન કર. ,, | રૂા. ૧૨૦૦૦ |
| ૩. | શ્રી મંદિરજીમાં ધ્વજા ચઢાવવાની બોલી.... | રૂા. ૧૩૦૦૦ |
| ૪. | ધ્વજાદંડની ( કળશની ) બોલી.... | રૂા. ૬૦૦૦ |
| ૫. | શ્રી ઋષભદેવના ચરણ સ્થાપન કરવાની બોલી.... | રૂા. ૫૦૦૦ |



તીર્થ સમિતિ દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે એક સ્વાગત સમિતિ બનાવવામાં આવનાર છે. રૂા. ૧૦૦૧ની રકમ આપનાર ભાઇ–બહેન સ્વાગત સમિતિના સભ્ય બની શકે છે.

ભ. ઋષભદેવ અને શ્રી શ્રેયાંસકુમારજીની મૂર્તિ તથા ભગવાનની ચરણપાદુકાના નિર્માણનો કુલ ખર્ચ અંદાજે રૂા. ૧૦૦૦૦૦ ( એક લાખ ) છે, તેમાં જે ભાઇ–બહેન પોતાની શક્તિ અને ભાવના પ્રમાણે લાભ લેવા ઇચ્છતા હોય તેઓ નીચેના સરનામે લખી જણાવવા કૃપા કરે.

પ્રભુ પ્રતિષ્ઠાના શુભ અવસર પર અંજનશલાકા માટે મોકલનારા પ્રતિમાજીનો નકરો સાધારણમાં રૂા. ૧૦૧, ભંડારમાં રૂા. ૫૧ અને રૂા. ૨૫૧ અનામત રૂપે (જે પાછળથી પાછા આપવામાં આવશે) લેવામાં આવશે. અંજનશલાકા થયા બાદ ૧૫ દિવસની અંદર આ પ્રતિમાજી લઈ જવાના રહેશે, અન્યથા તીર્થ સમિતિ રૂા. ૨૫૧ જે અનામત રૂપે જમા છે તે ખર્ચી પ્રતિમાજી મોકલાવી આપશે; અને બાકી બચેલ રકમ પણ તે સાથે મોકલાવી આપશે.

જીવનમાં તીર્થ અને કલ્યાણક ભૂમિ પર આ પ્રકારે લાભ લેવાનો શુભ અવસર પુણ્યકર્મોના ફળસ્વરૂપે જ પ્રાપ્ત થાય છે. અમોને પૂર્ણ આશા છે કે પ્રતિષ્ઠા તેમ જ અક્ષયતૃતીયાના પારણાના મહોત્સવ પ્રસંગે વધુ ને વધુ ભાઈ બહેનો પધારી ધર્મોપાર્જન કરશે..

| રામલાલ જૈન | વિનોદલાલ એન. દલાલ | નિર્મલકુમાર જૈન |
|---|---|---|
| ( પ્રધાન ) | ( અધ્યક્ષ–નિર્માણ સમિતિ ) | ( મંત્રી ) |

શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ સમિતિ, શ્રી જૈન શ્વે. મંદિર, હસ્તિનાપુર, જિ. મેરઠ (ઉત્તર પ્રદેશ)

**મુખ્ય કાર્યાલય : ૨/૯૨, રૂપનગર, દિલ્લી–૧૧૦૦૦૭**

# આવો.... પધારો.... સુસ્વાગતમ્

જૈસલમેર જુહારિયે દુઃખ વારિએ રે, અરિહંતબિંબ અનેક તીર્થ તે નમુએ.

**જૈસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો.**

સુદૂર પશ્ચિમ રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા તેમ જ ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે.

જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં ૬૬૦૦ મનોહર જિન પ્રતિમાજીઓ બિરાજમાન છે.

વિશેષતાઓ : જૈન આલમમાં જૈસલમેર પંચતીર્થી નીચેની વિશેષતાઓ માટે સુપ્રસિદ્ધ છે. (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો, પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ તથા તિલ જેવડી પ્રતિમા અને નવ જેટલા જિનાલયો આદિ. (૨) ઐતિહાસિક શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડાર. તાડપત્રીય ગ્રન્થો ઇત્યાદિ. (૩) પ્રથમ દાદાગુરૂ આ. શ્રી જિનદત્તસૂરિજી મ૦ના ચોલપટ્ટા, ચાદર અને મુહપત્તિ, જે તેઓના અગ્નિસંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી શતાબ્દીમાં મંત્રિત તાંબાની શલાકા લગાવેલ શ્રી જિનવર્ધનસૂરિજી મ. દ્વારા પ્રતિષ્ઠિત કરાએલ જિનપ્રતિમાજી તેમજ શ્રી ભૈરવજીની મૂર્તિ. (૫) અનેક દાદાવાડીઓ, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની ભવ્ય કલાત્મક હવેલીઓ. (૬) લૌદ્રવપુરના ચમત્કારિક અધિષ્ઠાયક દેવના દર્શનનું સૌભાગ્ય કેટલાએ ભાગ્યશાળીઓને પ્રાપ્ત થાય છે.

માર્ગદર્શન : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના આધુનિક સાધનોથી જોડાએલ છે. જોધપુરથી દિવસના એકવાર બસ અને રાત્રે ટ્રેઇન જૈસલમેર જાય છે અમરસાગર, લોદ્રવા અને બ્રહ્મસર જવા યાત્રિકોની સુવિધા માટે બસનો પ્રબંધ પણ ઉપલબ્ધ છે.

આવાસ પ્રબંધ : યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા માટેના પૂરતા સાધનો છે મરૂભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે. શ્રદ્ધાળુ અને દાનવીરો દ્વારા મળતા કાયમી તિથિના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

સકલ શ્રી સંઘને નમ્ર નિવેદન છે કે આ પાવન પંચતીર્થીની યાત્રા દ્વારા અને દુર્લભ જ્ઞાનભંડારના દર્શન કરી પોતાનું જીવન સાર્થક બનાવો.

વિનીત : રાજેન્દ્ર જૈન, પ્રચાર મંત્રી, જૈન ટ્રસ્ટ, જૈસલમેર.

(ઠે. પી. ૨૦૭, બી. સી. આઈ. ટી. રોડ, સ્કીમ ૬ એમ, કલકત્તા–૫૪)

[ ફોન : ૩૨–૪૫૨૫, ૩૫–૯૩૯૦ ]

વિનીત : માનમલજી ચૌરડીયા, વ્યવસ્થાપક જૈન ટ્રસ્ટ, જૈસલમેર

**શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**

તાર : જૈન ટ્રસ્ટ ] જૈસલમેર–રાજસ્થાન [ ફોન નં. ૩૦

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

**ફક્ત જ્ઞાન–પ્રચારાર્થે**

**પ્રગટ થઈ ચુકી છે**

મુંબઈના સુપ્રસિદ્ધ જૈન સંગીતકાર

**શ્રી મનુભાઈ એચ. પાટણવાળાની**

તેજસ્વી કલમે લખાયેલી

## જિન–ગીત–ગંગા

પુસ્તિકા... જેમાં

લેટેસ્ટ ગીતો પર આધારિત સ્તવનો

ગુજરાતી–હિન્દી–રાજસ્થાની ભાષામાં

જ્ઞાન સાથે ગમ્મત ઘેર બેઠા મેળવો.

કિંમત : ફક્ત ત્રણ રૂપિયા.

પુસ્તિકા દશથી વધુ લેનારને ખાસ વળતર આપવામાં આવશે, તેમજ આપના માંગલિક પ્રસંગોએ જેવા કે પૂજા, ભાવના અને અઠ્ઠાઈ મહોત્સવમાં અમારી પાર્ટીને બોલાવી આપના અવસરને દીપાવો.

શિસ્ત, શાંતિ ને પ્રભુભક્તિ એ અમારો મુદ્રાલેખ છે.

— સરનામું —

**શ્રી મનુભાઈ એચ. પાટણવાળા**

૧૪૫, ડી, અરૂણા નિવાસ,
ચીલ્ડ્રન હોસ્પિટલ પાછળ,
વિલેપારલે ( વેસ્ટ ),
મુંબઈ નં. ૪૦૦૦૫૬
ફોન : C/o. ૫૬૨૯૦૭
૫૭૬૦૫૨

## અમદાવાદ પાંજરાપોળમાં મુમુક્ષુરત્ન બાળબ્રહ્મચારી— ભરતકુમારનું બહુમાન

અમદાવાદ-પાંજરાપોળમાં બિરાજમાન પૂજ્ય શાસનસમ્રાટશ્રીના સમુદાયના શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યભગવન્તોની શુભ નિશ્રામાં ચૈત્ર સુદ ૫ બુધવાર સવારે વ્યાખ્યાન સમયે વાસદ નિવાસી દીક્ષાર્થી શ્રી ભરતકુમાર જયંતિલાલનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સંગીતકાર શ્રી હીરાલાલ ઠાકુરે માંગલિક સ્તવન ગાયું હતું. શ્રી બાલાભાઇ કાપડિયાએ દીક્ષાર્થીનો પરિચય આપતાં જણાવ્યું હતું કે ભાઇ ભરતકુમાર વાસદના વતની છે. ૧૯ વર્ષ જેવી ઊગતી યુવાન વયમાં સંયમના એકાન્તહિતકર માર્ગે સંચરવા તૈયાર થયા છે, એ ખૂબ જ આનન્દજનક છે. તેઓની વૈરાગ્યભાવના અનુમોદનીય છે. તેમના સંસારી દાદા તથા કાકાએ સંયમ સ્વીકાર્યું છે જેઓ અત્યારે મુનિશ્રી ચન્દ્રસેનમુનિજી, તથા મુનિશ્રી કીર્તિસેનમુનિજી નામે સારી આરાધના કરી રહ્યા છે. તેમના માસી તથા બ્હેન સાધ્વીજી શ્રી પ્રશાન્તશ્રીજી અને હર્ષપૂર્ણાશ્રીજી મ. પણ તપ-ત્યાગની સુન્દર આરાધના કરે છે. આમ તેઓને આ ત્યાગમાર્ગ વારસામાં જ મળ્યો છે. આપણે તેમનું જેટલું બહુમાન કરીએ તેટલું ઓછું છે. શ્રી હીરાભાઇએ દીક્ષા પ્રસંગનું ગીત ગાયુ હતું. મુનિશ્રી કુન્દકુન્દ વિજયજીએ ભાઇ ભરતકુમારની ત્યાગભાવનાની અનુમોદના કરી સંયમ એજ મનુષ્યજન્મની સારભુત વસ્તુ છે એમ જણાવ્યું હતું

ભાઇ ભરતકુમારે બહુમાનનો પ્રત્યુત્તર વાળતાં જણાવ્યું કે અત્યારે થઇ રહેલું બહુમાન એ મારૂં નહીં પણ ચારિત્રનું બહુમાન છે. મારા માતા પિતા અને પૂજ્ય ગુરુવર્યોનો ઉપકાર હું ભુલી શકતો નથી, જેઓએ મારામાં સંસ્કારનું સિંચન કરી ઉપદેશ, પ્રેરણા આપી અને સંયમ જીવન માટે યોગ્ય બનાવ્યો. આપ સૌના આશીર્વાદથી મારો ત્યાગમાર્ગ નિષ્કંટક બનો અને હું સંયમ જીવનમાં ખુબ ખુબ પ્રગતિ કરી આત્મકલ્યાણ સાધું એજ અંતરની ઇચ્છા.

ભાઇશ્રી ભરતની દીક્ષા વાસદ મુકામે પૂજ્ય આચાર્ય દેવશ્રી દેવસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન આચાર્ય દેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય તરીકે વૈશાખ માસમાં મહા મહોત્સવ સહ અપાશે.

## પાંજરાપોળશ્રી વિજય નેમિસુરિ જ્ઞાનશાળામાં બિરાજમાન પુજ્ય આચાર્ય મહારાજશ્રીની સુખશાતા પુછવા પુ. આચાય ની પધરામણી

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી પોતાના શિષ્ય સમુદાય સાથે ચૈત્ર સુદિ ૩ના રોજ પાંજરાપોળ શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળામાં બિરાજમાન સમર્થ વિદ્વાન પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજશ્રીને સુખશાતા પૂછવા પધારતાં જૈન સમાજમાં આશ્ચર્યની લાગણી ફેલાઇ હતી.

છેલ્લા અઢી વર્ષથી કેન્સર જેવી અસાધ્ય બીમારીમાં પણ અપૂર્વ સમતા અને સ્વસ્થતા ધારણ કરી રહેલા પૂ. આચાર્યશ્રી આદર્શ રૂપ જીવન જીવી રહ્યા છે.

પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે પૂ મહારાજશ્રીની પ્રસન્નતા ને સ્વસ્થતાને નજરે નિહાળી ઘણો આનન્દ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ડોકટરી ટ્રીટમેન્ટ કિરણ વગેરે ઉપચાર કરાવ્યા હોત તો આવી સ્વસ્થતા ન રહી શકી હોત. પૂજ્ય આચાર્યોના આ મિલનથી પરસ્પર ઘણો આનન્દ અને સન્તોષ થયો હતો.

શ્રી જૈન શ્વેતામ્બર

# શ્રી કરેડાજી
# પાર્શ્વનાથજી તીર્થ

(સ્ટેશન : ભુપાલસાગર; રાજસ્થાન)

## યાત્રાર્થે અવશ્ય પધારો

આ તીર્થ ઘણું પ્રાચીન છે. તેનું કયારે નિર્માણ થયું, તેનો ઇતિહાસ જાણવો આજપણ મહત્ત્વપૂર્ણ છે. તેનો પૂર્વે જીર્ણોદ્ધાર માંડવગઢના મહામંત્રી પેથડ શાહ તથા તેમના પુત્ર ઝંઝણકુમાર દ્વારા થવાનો ઉલ્લેખ ગ્રન્થોમાં જોવા મળે છે.

આ તીર્થનો જીર્ણોદ્ધાર તાજેતરમાં જ શ્રી શંખેશ્વર સોંયણીજી તીર્થ પેઢી દ્વારા કરવામાં આવ્યો છે અને ૫૨ (બાવન) દેરીઓમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી જુદા જુદા નામોથી બિરાજમાન કરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી કરેડા પાર્શ્વનાથની પ્રતિમાજી પ્રાચીન, શ્યામવર્ણી તેમ જ અત્યન્ત મનોહારી અને ચમત્કારી છે તેના નિર્મલ ભાવે દર્શન માત્રથી અનેરો આહ્લાદ અને પુણ્યોપાર્જન થાય છે.

અમદાવાદથી ઉદયપુર ચિતોડગઢ જવાના રેલ્વે માર્ગે ભુપાલસાગર નામે સ્ટેશન આવે છે. ત્યાંથી ૩ ફર્લાંગ દુર પર આ તીર્થ આવેલ છે. તીર્થ શાંત અને નિર્મળ વાતાવરણમાં આવેલ છે રમણિય તળાવના કિનારે આધુનિક સુવિધાઓથી સુસજ્જ વિશાળ ધર્મશાળા અને ભોજનશાળા છે. અહીં આવાગમન માટે રેલ ઉપરાંત ઉદયપુર, ચિતોડગઢ, રાશ્મી, નાથદ્વારા વગેરે સ્થળોએથી ૩૦ ઉપરાંત બસો મંદિરજીની પાસેથી થઇ આવતી જતી હોય છે.

મેનેજર શ્રી કરેડા પાર્શ્વનાથજી, ભુપાલસાગર.

પેઢી તરફથી પ્રકાશિત

# ઉપયોગી પુસ્તકો

૧. જૈન તીર્થ સર્વ સંગ્રહ
(ત્રણ દળદાર ગ્રન્થો) ૫૦-૦૦

૨. જૈન તીર્થોનો નકશો ૧-૫૦

૩. શ્રી સિદ્ધહેમ વ્યાકરણ ૧૬-૦૦

૪. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય
(સચિત્ર ટૂંક પરિચય) ૨-૦૦

૫. The Temples of SHATRUNJAYA
(૪૫ ચિત્રો તથા વર્ણનના ૨૭ પાના સાથેનો ૨૨" x ૧૫" ઇંચની મોટી સાઇઝનો, જેમ્સ બર્જેસે સને ૧૮૬૯માં અંગ્રેજીમાં તૈયાર કરેલ ગ્રન્થ ૧૦૦-૦૦

૬. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ
પ્રતિષ્ઠાનું સચિત્ર વર્ણન).... ૧૫-૦૦

**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી**
ઝવેરીવાડ, પટણીની ખડકી
પો. બો. નં. ૫૧ અમદાવાદ-૧

તા. ક. આ પુસ્તકો પેઢીની પાલીતાણા શાખામાંથી પણ મળશે.

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ અવિચ્છિન્ન સામાચારી વિજયતેતરામ્

# નવામતવાળાઓ !

# લ્યો તમારી પોતાની જ આંખે જુઓ ! ! !

**ભુતકાળમાં પણ જૈની પંચાંગમાં અપર્વતિથિની જ ક્ષય-વૃદ્ધિ હતી.**

---

શ્રી આત્મારામજી મ. અપરનામ શ્રી આનંદ વિ. મ.ના આદેશથી પ્રગટ થયેલ—
વિ. સં. ૧૯૪૫ની સાલના તે જૈન પંચાંગની પ્રસ્તાવના અને અષાડ મહિનો શું કહે છે ?

---

તે..મ..જ

વિ. સં. ૧૯૪૫ની સાલના દસ્તાવેજી જૈન પંચાંગની ફોટો કોપીઓ

---

ત..દુ..પ...રાં...ત

**શ્રી તપાગચ્છની સામાચારી મુજબ અને જોધપુરી પંચાંગના આધારે તૈયાર કરેલા વિ. સં. ૧૯૪૭-૧૯૪૮-૧૯૪૯-૧૯૫૧ અને ૧૯૫૩ ની સાલના અપર્વતિથિના ક્ષય-વૃદ્ધિવાળા જૈન પંચાંગોની દસ્તાવેજી ફોટો કોપીઓ.**

**જે પંચાંગો-આગમ-શાસ્ત્રો અને શ્રીવિજયદેવસૂર તપાગચ્છની અવિચ્છિન્ન-સામાચારી પ્રમાણેની માન્યતાને સિદ્ધ કરે છે.**

અ..ને

નવાતિથિપંથના નેતા આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના જન્મ [૧૯૫૨] પહેલાના-
૯૨ થી ૯૮ વર્ષો જુના જૈન પંચાંગો તટસ્થતાની દીવાદાંડી ધરે છે.

મા..ટે

**અનિચ્છાએ પણ નવામતને માનનારા પુ. આચાર્યશ્રીઓ આદિ સાવધાન !**

**નવામતી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી તરફથી ૨૪ વર્ષે બહાર પડેલ ' તિથિદિન અને પર્વારાધન' નામના ગ્રંથમાં અને મહાવીર શાસન આદિમાં છપાયેલ પંચાંગોના કોઠાથી ભરમાશો નહિ.**

જુ...ઓ

**શ્રી તપાગચ્છની માન્યતાનું વિ. સં. ૧૯૪૫ની સાલનું જૈન પંચાંગ [ તેની ફોટો કોપીઓ ] તેમાં કોઇપણ જગ્યાએ પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કરી નથી.**

લે..ખ..ક

**સ્વ. પુ. આ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરશિશુ પં. શ્રી નરેન્દ્રસાગરજી ગણિ-પાલીતાણા**

# નવા તિથિ પંથના નેતા આ. શ્રી રામચંદ્રસૂરિજી તરફથી હમણાં જ બહાર પડેલ 'તિથિદિન અને પર્વારાધન' સંબંધી ગ્રંથની તથા મહાવીર શાસન આદિની ભવવર્ધક માયાજાળથી કોઈ ભરમાશો નહી.

નવા મતી આ૦ શ્રી વિજય રામચંદ્રસુરિજીએ વિ. સં. ૨૦૧૨ લગભગથી તૈયાર કરાવીને છપાવવા માંડેલ 'તિથિ દિન અને પર્વારાધન સંબંધી ગ્રંથ' તેઓએ ગત ચાતુર્માસમાં સુરત છાપરિયા શેરીમાંથી લગભગ ૨૩ વર્ષે સમાજ સમક્ષ મુકેલ છે તેના કાગળો પણ જુના થઈ ગયેલ છે.

તે ગ્રંથના પાકા બે ફારમ આજથી લગભગ વીસેક વર્ષ પહેલા અમારા ગુરુદેવ સ્વ૦ પૂ૦ આ. શ્રી શાસન કંટકોધ્ધારક સૂરિજી મ. શ્રીના હાથમાં ઝડપાઈ ગયેલ. તે [illegible]ન તેઓશ્રીએ તે વખતના શાસન સુધાકરમાં કરેલ. તેનો તે વર્ગ તરફથી આજ સુધી કોઈ ઈન્કાર થઈ શકેલ નથી.

ત્યાર બાદ વર્ષો ઉપર વર્ષો વીતતા ગયા. લોકો તેઓને પુછાવતા કે 'અમોએ અગાઉથી રૂા. ૧૧) ભર્યા છે તે ગ્રંથ ક્યારે બહાર પડશે?' તેનો જવાબ તેઓશ્રી તરફથી એવો જૈન પ્રવચન આદિમાં અપાતો હતો કે 'અમો તકની રાહ જોઈએ છીએ', વિ. પોતાની મન ધારી તક વર્ષો સુધી ન મળી. તેમાં ૨૦૧૪ની સાલમાં ભરાયેલ 'શ્રમણ સંમેલન' વખતે શેઠશ્રીની સહી કરાવવા પૂર્વક બહાર પાડવાની ભાવના હતી; પણ તેમાં શેઠશ્રીનો સહકાર ન મળ્યો. થાકીને અંતે ગત ચોમાસામાં તે ગ્રંથ બહાર મૂકયો. ઉંડે ઉંડે એવું પણ કારણ હોય કે તે ગ્રંથનું ખંડન કરનારા મહારથીઓની હૈયાતી ન હોય ત્યારે બહાર પાડવો. કારણ કે તેમાં શાસન પક્ષના અને પોતાના પક્ષના આચાર્યોના નામે જે જે ભળતી વાતો લખી હોય તેનો તે તે આચાર્યે તો ઈન્કાર કરી શકે નહિ પરંતુ શાસન જયવંતુ છે. ખોટું ક્યાં સુધી નભે?

તે ગ્રંથમાં એવી તો રૂપેરી ગોળીયો વડે માયાજાળ બીછાવી છે કે–વાંચનારને જરાય માલુમ ન પડે કે આમાં સુગર કોટેજ છે? પરંતુ હાલના તબક્કે આપણે તેમાં ઉતરવા માંગતા નથી. અહિં તો ડો. પી. એલ વૈદ્યે જે ચૂકાદો આપ્યો છે અને તેઓએ માન્ય કરેલ છે અને જેનું ભાષાંતર શેઠ શ્રી કસ્તુરભાઈએ છપાવેલ છે તે ચૂકાદામાં અનેક જગ્યાએ શબ્દોની–વાક્યોની અને અક્ષરોની ફેરફારી કરીને તે ગ્રંથમાં છાપ્યો છે તેની સાથે મૂળ લખાણ મેળવતાં સામાન્ય માનવીને પણ સહેજે સમજાય તેમ છે કે નિર્ણયકારને તેમ જ શેઠશ્રીના કરાવેલા ભાષાંતરને પણ દગો દેવામાં આવ્યો છે.

જો પોતાના મત પ્રમાણે જ ચુકાદો આવ્યો હોય તો તેમાં શબ્દોની, વાક્યોની અને અક્ષરોની ફેરફારી કરવાની શી જરૂર પડી? આવી ઘાલમેલ કરવી કે કરાવવી તે પરમેષ્ઠીના ત્રીજા પદને શોભનીય છે ખરી?

તેમજ તે ગ્રંથમાં અને મહાવીર શાસન આદિમાં જનતાને ભરમાવવા માટે-શ્રી આત્મારામજી મ. ના આદેશથી પ્રગટ થયેલ વિ. સં. ૧૯૪૫ની સાલના કહેવાતા જૈન પંચાંગના પોતાને ફાવતા અમૂક મહિનાના કોઠાઓના બ્લોકો કરાવીને છાપેલ છે. જેને તપાગચ્છીય જૈન પંચાગ મનાવવાનો ભ્રમ ઉભો કર્યો છે. વાસ્તવિક તે પંચાગ, લૌકાગચ્છની માન્યતાનુ જ તેમજ તે પંચાગ અજૈની પંચાંગ પ્રમાણે જ છપાવ્યુ હોવાનું જાણવા છતાં કરોળીયાંની જેમ કેવી માયાજાળ ગુંથી છે કે–વાંચનારને સહેજે એમ જણાય કે ૮૮ વર્ષ પહેલા પણ જૈન પંચાંગમાં પર્વતિથિની ક્ષય વૃદ્ધિ થતી હતી! જેઓને ભવની ભીતિ ન હોય તે જ આવી માયાજાળ રચી શકે ને? કયા ભવને કાજે આવા પ્રપંચો કરવા પડે છે?

તેઓએ જે વિ. સં. ૧૯૪૫ના જૈન પંચાંગ અંગે માયાજાળ બીછાવી છે તે જ પંચાંગની પ્રસ્તાવના અને અષાઢ મહિનાનો કોઠો તે માયાજાળનો ભાંડો ફોડી નાખે છે. જેના બ્લોકો બનાવીને આ અંકમાંજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તે જોઈને–વાંચીને વિચારીને જનતાને ખાત્રી થશે કે–પોતાના કુમતને પોષવા માટે પૂર્વ પુરૂષોના નામે તે વર્ગને કેવા પ્રપંચો કરવા પડે છે! તેમજ આ નવો કુમત કાઢ્યા પહેલા પોતાના વાજીંત્ર 'જૈન પ્રવચન' વર્ષ ૬ ના અંક ૧૨-૧૩-૧૪ ના પૃ. ૧૭૧ માં 'તત્ત્વતરંગિણીનો આધાર તે સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે' એમ લખી પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો જ ક્ષય થતો હોવાની તે વર્ગનાજ વાતથી પણ વિરૂદ્ધ વર્તી કૂડ-કપટ-પ્રપંચબાજી ખેલી ભવ વધારી રહ્યા છે.

નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પોતાના ગ્રંથમાં તથા પં. શ્રી જિનેન્દ્રવિજયજીએ કુમત પોષક મહાવીર શાસન આદિમાં નવામતની પુષ્ટિ માટે જાણે તપાગચ્છનુ જ પંચાંગ ન હોય તેવો ભ્રમ ઉભો કરીને વિ. સં. ૧૯૪૫ની સાલના પંચાંગના કોઠાઓની ફોટો કોપીઓ છાપી છે પરંતુ તે પંચાંગની આ પ્રસ્તાવના જ સાબિત કરે છે કે—તે પંચાંગ તપાગચ્છની સામાચારીનું નથી જ.

તે પંચાંગ શ્રી આત્મારામજી મ૦ ની માન્યતાનું નથી જ.

## પ્રસ્તાવના.

પ્રિય જૈન બંધુઓ, [illegible] નથી. [illegible] પરંતુ [illegible] 'જૈનધર્મ પ્રકાશક' [illegible] પંચાંગ [illegible] નથી. [illegible] 'સુધ નહિ સુધની [illegible]' [illegible]

[illegible] જૈન શાસ્ત્રના [illegible] વગેરે પૂર્ણ માહિતિનો [illegible] સંસારમાં [illegible] મુહુર્તોને [illegible] આ જૈનબંધુઓની [illegible]

[illegible] જૈનબંધુઓ [illegible]

[illegible] માત્ર [illegible]

[illegible] તે ઉપરથી આ [illegible]

[illegible] આ કિમત [illegible] માત્ર એક [illegible]

[illegible]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

[illegible]

આ નિષ્પક્ષ અને સચોટ પૂરાવો માયાજાળ ખુલ્લી પાડે છે.

## હવે વાંચો આ પ્રસ્તાવના શું કહે છે ?

નવામતી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પોતાના 'તિથિદિન અને પર્વારાધના સંબંધે બહાર પાડેલ ગ્રન્થમાં તથા નવામતનો ઝેરી પ્રચાર કરનાર પં. શ્રી જિનેન્દ્રવિજયજી તરફથી મહાવીર શાસન આદિમાં જે વિ. સં. ૧૯૪૫ની સાલના પ્રચાંગના પોતાને ફાવતા કોઠાઓની ફોટો કોપીઓ છપાવવામાં આવી છે. તે પંચાંગ, તપાગચ્છની માન્યતાનું નથી જ એમ સાબિત કરતી તે પંચાંગ બહાર પાડનાર શા. કેશવજી લહેરાભાઈ શરાફ પોતાની સહીથી તે પંચાંગની પ્રસ્તાવનાના બીજે પેરેગ્રાફમાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે—

**"આપણા જૈન લોકાના (લોંકાના) રુવીસ્તર તહેવારો—વ્રતો—ઉપાસનાઓ વગેરે. + + +"**


આ ઉપરથી સાબિત થાય છે કે—તે પંચાંગ શ્રી તપાગચ્છની સામાચારીનું નથી. આ વસ્તુ ખુલ્લી ન પડી જાય તેટલા ખાતર તેઓએ પ્રસ્તાવનાનો બ્લોક છપાવ્યો નથી. જેથી અમારે પાઠકો પાસે તેનો બ્લોક બનાવીને જનતા સમક્ષ મૂકવામાં આવ્યો છે. જે નવામતીઓની જાળને ખુલ્લી પાડે છે.

તપાગચ્છના નામે જૈનેતરોની માન્યતાના પંચાંગોથી સાવધાન

વિ૦ સં૦ ૧૯૪૫ની સાલના તે જ પંચાંગની આ પ્રસ્તાવના, નવામતીઓની પ્રપંચી માયાજાળને ખુલ્લી કરે છે.

નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ અને પં. શ્રી જિનેન્દ્રવિજયજીએ વિ. સં. ૧૯૪૫ની સાલના છપાવેલા પંચાંગના કોઠાઓની સાથે ઈરાદાપૂર્વક તેમણે નહિં છપાવેલા તે જ પંચાંગના અષાડ મહિનાનો આ કોઠો, ધડ–માથા વિનાના નિરાધાર એવા તેમના કુમતની ભયંકર માયાજાળને ખુલ્લી પાડે છે.

પર્વતિથિના ક્ષય પ્રસંગે અપર્વતિથિના કરેલા ક્ષયનો પુરાવો.



આમાં ક્ષયે પૂર્વા તિથિ : કાર્યાનો પ્રઘોષ પ્રતિબિંબિત થાય છે.

## જુઓ ! અષાડ માહિનાના આ કાઠા શું કહે છે !

નવામતી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ અને પં. શ્રી જિનેન્દ્રવિજયજીએ વિ. સં. ૧૯૪૫ની સાલના પોતાને ફાવતા કોઠાઓને બહાર પાડીને જનતામાં એવી છાપ ઉભી કરવાનો નિરર્થક પ્રયત્ન કર્યો છે કે :–

“૮૮ વર્ષ પૂર્વે પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી હતી. તેમ જણાવીને પોતાના કુમતને પૂ૦ શ્રી ઉમાસ્વાતીજી મહારાજશ્રીના નામે સૈદ્ધાંતિક ગણાવે છે.”

પરંતુ તે જ પંચાંગનો અષાડ મહિનાનો આ કોઠો તેમના કુમતને લપડાક મારવા પૂર્વક જણાવે છે કે—

જૂઓ ! તેમાં અષાડ શુદ ૧૪ નો ક્ષય બતાવ્યો છે, પરંતુ અષાડ શુદ ૧૩ ના ખાનામાં સ્પષ્ટ લખેલ છે કે, **‘ચોમાસી ચૌદશ શુદ ૧૪ શ્રી વાસુપૂજયજી મોક્ષે ગયા. તપાગચ્છની સામાચારી શ્રાવકોનું ચોમાસું બેઠું.”**

આ લખાણથી સાબિત થાય છે કે—તેરસના દિવસે તપાગચ્છની સામાચારી પ્રમાણે ચોમાસી ચૌદશ જાહેર કરી છે. પોતાના મતનું દિવાળું નીકળે એટલે જ તેઓએ આ કોઠો છપાવ્યો નથી. આવી માયા જાળ કરવાથી આત્માને શું લાભ થવાનો છે.

જ્યારે નવામતીઓની પ્રપંચી માયાજાળ અહીં ખુલ્લી થાય છે.

આ કોઠામાં તપાગચ્છની સામાચારી પ્રમાણે અષાડ શુદ ૧૩ના દિવસે ચોમાસી ચૌદશ સ્પષ્ટ રીતે જણાવી છે.

નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ તથા પં. શ્રી જિનેન્દ્રવિજયજીએ પોતાના કુમતની પુષ્ટિ માટે બીનતપાગચ્છીય એવા વિ. સં. ૧૯૪૫ની સાલના પંચાંગના કોઠાઓ છપાવી ભ્રમજાળ તો કરી, પરંતુ અવિચ્છિન્ન તપાગચ્છની સામાચારી મુજબના સંઘમાન્ય (વિ. સં. ૧૯૪૫ની સાલના જ જૈન પંચાંગના આ કોઠાઓ નવામતીઓની માયાજાળનું જાહેર લીલામ કરે છે.

પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કદી કરે છે માની નથી.

સંવત ૧૯૪૫ ના ચૈતર સુદી ૧ થી ચૈતર વદી ૦)) તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૮૯ થી ૩૦ મી એપ્રીલ સુધીનું પંચાંગ

| તિથિ. | તારીખ | વાર. | |
|---|---|---|---|
| સુદ ૧ | ૧ | સોમ. | |
| ૨ | ૨ | મંગળ | |
| ૩ | ૩ | બુધ. | ૧૭ મા કુંથુનાથને કેવળજ્ઞાન ઉપજ્યું. |
| ૪ | ૪ | ગુરૂ. | |
| ૫ | ૫ | શુક્ર. | અજિતનાથ, સંભવનાથ અને અનંતનાથ મોક્ષે ગયા. |
| ૬ | ૬ | શની. | |
| ૭ | ૭ | રવિ. | ઓળી બેઠી. આ વ્રત સાડાચાર વરસ કરવું. |
| ૮ | ૮ | સોમ | |
| ૯ | ૯ | મંગળ | ૫ મા સુમતીનાથ મોક્ષે ગયા. |
| ૧૦ | ૧૦ | બુધ. | |
| ૧૦ | ૧૧ | ગુરૂ. | |
| ૧૧ | ૧૨ | શુક્ર. | ૫ મા સુમતિનાથને કેવળજ્ઞાન ઉપજ્યું. |
| ૧૨ | ૧૩ | શની. | |
| x | | | ક્ષય છે. સુદ ૧૩ શ્રી મહાવીરસ્વામી જનમ્યા. |
| ૧૪ | ૧૪ | રવિ. | |
| ૧૫ | ૧૫ | સોમ. | ઓળી પુરી ૬ઠ્ઠા પદમપ્રભુને કેવળજ્ઞાન થયું. |
| વદી૧ | ૧૬ | મંગળ | ૧૭ મા કુંથુનાથ મોક્ષે ગયા. |
| ૨ | ૧૭ | બુધ | ૧૦ મા સીતળનાથ મોક્ષે ગયા. |
| ૩ | ૧૮ | ગુરૂ. | |
| ૪ | ૧૯ | શુક્ર. | |
| ૫ | ૨૦ | શની. | |
| ૬ | ૨૧ | રવિ | ૧૦ મા શીતળનાથ ગર્ભે આવ્યા. |
| ૭ | ૨૨ | સોમ. | |
| ૮ | ૨૩ | મંગળ | |
| ૯ | ૨૪ | બુધ. | ૧૦ નો ક્ષય છે ૨૧ નમીનાથ મોક્ષે ગયા. |
| ૧૧ | ૨૫ | ગુરૂ. | પંચક બેઠાં. |
| ૧૨ | ૨૬ | શુક્ર | |
| ૧૩ | ૨૭ | શની | |
| ૧૩ | ૨૮ | રવિ. | ૧૪ મા અનંતનાથ જનમ્યા. કેવળજ્ઞાન થયું |
| ૧૪ | ૨૯ | સોમ. | કુંથુનાથ જનમ્યા. અનંતનાથે દીક્ષા લીધી. તથા |
| ૦)) | ૩૦ | મંગળ | |

ચૈત્ર વદી એ ૧૩ લખી છે. પણ એ ૦)) કરી નથી.

૮૮ વર્ષ પહેલાના તપાગચ્છીય જૈન પંચાંગના કોઠા સાક્ષી પૂરે છે.

સંવત ૧૯૪૫ ના જેઠ સુદી ૧ થી જેઠ વદી ૦)) તા૦ ૩૦ મી મેએ સને ૧૮૮૯ થી ૨૮ મી જુન સુધીનું પંચાંગ

| તિથિ. | તારીખ | વાર. | |
|---|---|---|---|
| સુદી૧ | ૩૦ | ગુરૂ. | |
| ૨ | ૩૧ | શુક્ર. | |
| ૩ | ૧ | શની. | |
| ૪ | ૨ | રવિ. | |
| ૪ | ૩ | સોમ. | ૧૫ મા ધર્મનાથ જનમ્યા. |
| ૫ | ૪ | મંગળ | |
| ૬ | ૫ | બુધ. | |
| ૭ | ૬ | ગુરૂ. | |
| ૮ | ૭ | શુક્ર. | |
| ૯ | ૮ | શની. | ૧૨ મા વાસુપુજ્યજી ગર્ભ આવ્યા. |
| ૧૧ | ૯ | રવિ. | |
| ૧૨ | ૧૦ | સોમ. | ૭ મા સુપાર્શ્વનાથ જનમ્યા. |
| ૧૩ | ૧૧ | મંગળ | ૧૬ મા શાંતિનાથ જનમ્યા. સુપાર્શ્વનાથે દિક્ષા લીધી. |
| ૧૪ | ૧૨ | બુધ. | |
| ૧૫ | ૧૩ | ગુરૂ. | |
| વદી૧ | ૧૪ | શુક્ર. | |
| ૨ | ૧૫ | શની. | |
| ૩ | ૧૬ | રવિ. | |
| ૪ | ૧૭ | સોમ. | પંચક ૧ લા રીખવદેવ ગર્ભે આવ્યા. |
| ૫ | ૧૮ | મંગળ | પંચક. |
| ૬ | ૧૯ | બુધ. | પંચક |
| x | | | ૭ નો ક્ષય છે. ૧૩ મા વિમળનાથ મોક્ષે ગયા. |
| ૮ | ૨૦ | ગુરૂ. | પંચક. આદ્રા બેઠા. |
| ૯ | ૨૧ | શુક્ર | પંચક ઉતર્યાં. ૨૧ મા નમીનાથે દિક્ષા લીધી. |
| ૧૦ | ૨૨ | શની | |
| ૧૦ | ૨૩ | રવિ. | |
| ૧૧ | ૨૪ | સોમ. | |
| ૧૨ | ૨૫ | મંગળ | |
| ૧૩ | ૨૬ | બુધ | |
| ૧૪ | ૨૭ | ગુરૂ | |
| ૦)) | ૨૮ | શુક્ર | સુર્ય ગ્રહણ. |

જેઠ શુદ ૪ બે કરી છે. પણ બે ૫ કરી નથી.
વદિ ૧૦ બે કરી છે પણ બે ૧૧ કરી નથી.

નવો મત કપોલ કલ્પિત જ છે તેમ સમજીને તેનો ત્યાગ કરો.

નવામતના નેતા આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના ગુરુ આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. શ્રી માંડીને યાવત્ શ્રી આત્મારામજી મ. સુધીના તેમના વડીલોએ પણ જેના આધારે આરાધના કરી હતી તે ૮૮ વર્ષ જુના વિ. સં. ૧૯૪૫-૪૭ની સાલના જૈન પંચાંગોની ફોટો કોપી. નવામતવાળાઓ શું જોઈને દોષનો ટોપલો પોતાના વડીલોને માથે નાખી રહ્યા હશે !

દુનિયાને ઉંધા પાટા બંધાવવાથી કલ્યાણ થવાનું નથી.

સંવત ૧૯૪૫ ના શ્રાવણ સુદી ૧ થી શ્રાવણ વદી ૦)) તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૮૯ થી ૨૭ મી અગસ્ટ સુધીનું પંચાંગ.

| તિથિ. | તારીખ | વાર. | |
|---|---|---|---|
| સુદી૧ | ૨૮ | રવિ. | |
| ૧ | ૨૯ | સોમ | શ્રી સુમતિનાથ ગર્ભે આવ્યા. |
| ૨ | ૩૦ | મંગળ | |
| ૩ | ૧ | બુધ. | |
| ૫ | ૨. | ગુરુ. | પહિનાનું ધડ બેઠું. શ્રી નેમનાથ જનમ્યા. |
| ૬ | ૩ | શુકર. | શ્રી નેમનાથે દિક્ષા લીધી. |
| ૭ | ૪ | શની. | |
| ૮ | ૫ | રવિ. | ૨૩ મા પાર્શ્વનાથ મોક્ષે ગયા. |
| ૯ | ૬ | સોમ. | |
| ૧૦ | ૭ | મંગળ | |
| ૧૧ | ૮ | બુધ. | |
| ૧૨ | ૯ | ગુરુ. | બકરી ઈદ. |
| ૧૩ | ૧૦ | શુકર. | |
| ૧૪ | ૧૧ | શની. | ગજેવ. |
| ૧૫ | ૧૨ | રવિ | પચંક, ૨૦ મા મુનિસુવ્રત સ્વામી ગર્ભે આવ્યા |
| વદી૧ | | | ક્ષય છે. |
| ૨ | ૧૩ | સોમ. | પચંક, |
| ૩ | ૧૪ | મંગળ | પચંક, |
| ૪ | ૧૫ | બુધ. | પંચક, |
| ૫ | ૧૬ | ગુરુ. | નાગપાંચમ. |
| ૬ | ૧૭ | શુકર | ૧૫ મું ધડ રાંધણ છઠ. |
| ૭ | ૧૮ | શની | પ્રભુ મોક્ષે ગયા. |
| ૭ | ૧૯ | રવિ | શીળ સાતમ. શ્રી સાંતિનાથ ગર્ભે આવ્યા. ચંદ્ર |
| ૮ | ૨૦ | સોમ. | ૭ મા સુપાર્શ્વનાથ ગર્ભે આવ્યા. ગોકળઆઠમ. |
| ૯ | ૨૧ | મંગળ | |
| ૧૦ | ૨૨ | બુધ | રોયણીવતની તિથિ. |
| ૧૧ | ૨૩ | ગુરુ | |
| ૧૨ | ૨૪ | શુકર | અઠાઈ બેઠી. પજુસણ પર્વ બેઠાં. |
| ૧૩ | ૨૫ | શની | શ્રી મહાવીર સ્વામી ત્રીશલાની કુખે ગર્ભે આવ્યા. |
| ૧૪ | ૨૬ | રવિ | |
| ૦)) | ૨૭ | સોમ | કલ્પ સુત્રનો દીવસ. |

શ્રાવણ શુદ ૧ બે છે, પણ બે બીજ કરી નથી. વદી ૧ નો ક્ષય છે પણ ૨ નો ક્ષય કર્યો નથી.

સત્યના પક્ષપાતી હો તો શાસ્ત્ર અને પરંપરાનો સ્વીકાર કરો.

# સંવત ૧૯૪૭ ની સાલનું
# જૈન પંચાંગ.

## વાર્ષિક તિથિઓની વધઘટ.

| | | |
|---|---|---|
| કારતક—દીન ૩૦ | ફાગણ—દીન ૨૯ | અસાડ—દીન ૨૯ |
| સુદી ૭ નો ક્ષય. | સુદી ૬ નો ક્ષય | વદી ૬ નો ક્ષય |
| વદી ૯ બે. | સુદી ૯ બે | શ્રાવણ—દીન ૩૦ |
| માગસર—દીન ૨૯ | વદી ૧૩ નો ક્ષય | સુદી ૪ બે |
| સુદી ૧ નો ક્ષય. | ચૈતર—દીન ૩૦ | સુદી ૧૭ નો ક્ષય |
| પોષ—દીન ૨૯ | સુદી ૧૩ બે | ભાદરવો—દીન ૨૯ |
| સુદી ૬ નો ક્ષય. | વદી ૭ નો ક્ષય | વદી ૧ નો ક્ષય |
| વદી ૧ બે | વૈશાખ—દીન ૨૯ | આસો—દીન ૩૦ |
| વદી ૧૩ નો ક્ષય | વદી ૧૦ નો ક્ષય | સુદી ૧ બે. |
| માહા—દીન ૩૦ | જેઠ—દીન ૩૦ | સુદી ૧૦ નો ક્ષય |
| વદી ૪ બે | સુદી ૯ બે | |
| વદી ૭ નો ક્ષય | વદી ૩ નો ક્ષય | |

## વાર્ષિક પર્વ તિથિઓ.

**કારતક માસ.**

સુદી ૧ નવું વર્ષ.
સુદી ૫ જ્ઞાન પાંચમ.
સુદી ૬ અઠાઈ બેઠી.
સુદી ૧૪ ચોમાસી ચૌદશ.
સુદી ૧૫ કારતકી પુનમ (દેવદીવાળી.)
વદી ૧ રોહીણી.
સુદી ૬ પંચક ૯—૩૫ પછી બેઠા.
સુદી ૧૨ પંચક ૨૩—૧૯ પછી ઉતરયા.

**માગસર માસ.**

સુદી ૧૧ મૌન એકાદશી.
સુદી ૧૪ રોહીણી.
સુદી ૫ પંચક ૨૯—૪૮ પછી બેઠા.
સુદી ૯ પંચક ૪૩—૨૨ પછી ઉતરયાં

**પોષ માસ.**

સુદી ૧૧ રોહીણી.
સુદી ૧૫ પોષી પુનમ.
વદી ૧૨—૧૩ મેર તેરશ.
સુદી ૨ પંચક ૫૦—૩ પછી બેઠા
સુદી ૮ પંચક ૩—[illegible] પછી ઉતરયા
વદી ૦)) પંચક [illegible]—૪૨ પછી બેઠા

**માહા માસ.**

સુદી ૪ રોહીણી.
સુદી ૫ પંચક ૨૭—૩૧ પછી ઉતરયા.

વિ. સં. ૧૯૪૭ના આખાય વર્ષની અપર્વતિથિઓની જ વધઘટ આ કોઠામાં કરવામાં આવી છે.

વડીલોને સંડોવવાથી નવો મત કાંઈ જુનો થવાનો નથી.

શ્રી પંચાંગી-આગમ-શાસ્ત્ર-પરંપરા અને-પૂ૦ આ ઉમાસ્વાતજી મ. ના પ્રઘોષ અનુસારે વિ. સં. ૧૯૯૨ સુધી જેઓએ પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ માની નથી, કરી નથી એવા આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. થી માંડીને યાવત્ શ્રી આત્મારામજી મ. સુધીના 'નવામતના નેતા આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીનાં' તમામ પૂર્વજોએ પણ જેના આધારે આરાધના કરી હતી તે ૮૬ વર્ષ પૂર્વેના વિ. સં. ૧૯૪૭-૪૮ની સાલના સકલસંઘમાન્યશ્રી જૈન પંચાંગની ફોટો કોપીઓ

વીર સંવત ૨૪૧૭ શાલીવાહન ૧૮૧૨-૧૩ ઈ. સ. ૧૮૯૦-૯૧ હીઝરી ૧૩૦૮

પોષ સંવત ૧૯૪૭

| ઈંગ્રેજી તારીખ | તિથિ | વાર. | પોષ માસને માટે જોશીઓનું ભવિષ્ય—કઠોળ મોંઘુ થશે. સોનું, રૂપુ, તથા કાંસુ સસ્તુ વેચાશે.-ગાયો, ભેંસો તથા ઘોડા સસ્તા વેચાશે. રોગ વિગેરે બહુ પીડા થશે |
|---|---|---|---|
| સુ.૧ | ૧૧ | રવી | જૈનવર્ગમાં જ્ઞાનપ્રકાશ માસિક ચોપાનિયું પ્રગટ થયું. સં. ૧૯૪૫ |
| ૨ | ૧૨ | સોમ | પંચક બેઠાં. |
| ૩ | ૧૩ | મંગળ | પંચક. |
| ૪ | ૧૪ | બુધ | પંચક. |
| ૫ | ૧૫ | ગુરૂ | પંચક. |
| ૭ | ૧૬ | શુકર | ૬ ને દિવસે ૧૩ મા વિમળનાથને કેવળજ્ઞાન ઉપન્યું. પંચક. |
| ૮ | ૧૭ | સની | પંચક ઉતરયાં. |
| ૯ | ૧૮ | રવી | ૧૬ મા સાંતીનાથને કેવળજ્ઞાન ઉપજ્યું. |
| ૧૦ | ૧૯ | સોમ | |
| ૧૧ | ૨૦ | મંગળ | રોહીણી. |
| ૧૨ | ૨૧ | બુધ | |
| ૧૩ | ૨૨ | ગુરૂ | |
| ૧૪ | ૨૩ | શુકર | [પોળમાં સુપાર્શ્વનાથના દેરાની વરસગાંઠ. |
| ૧૫ | ૨૪ | સની | ૧૫ મા ધરમનાથને કેવળજ્ઞાન ઉપન્યું, પોસીપુનમ. રાંતેજીમાં દિરની |
| વ.૧ | ૨૫ | રવી | |
| ૨ | ૨૬ | સોમ | |
| ૩ | ૨૭ | મંગળ | |
| ૪ | ૨૮ | બુધ | ૧૧ મા શ્રેયાંસનાથને કેવળજ્ઞાન ઉપન્યું. |
| ૪ | ૨૯ | ગુરૂ | |
| ૫ | ૩૦ | શુકર | |
| ૬ | ૩૧ | સની | ૮ મા પદ્મપ્રભુ સુસીમા રાણીની કુખે ગર્ભે આવ્યા. |
| ૭ | ૧ | રવી | |
| ૮ | ૨ | સોમ | |
| ૯ | ૩ | મંગળ | ૨ જા અજીતનાથે દિક્ષા લીધી. |
| ૧૦ | ૪ | બુધ | |
| ૧૧ | ૫ | ગુરૂ | |
| ૧૨ | ૬ | શુકર | ૧૦ મા શીતળનાથ જનમ્યા તથા દિક્ષા લીધી. મેરુતેરસ. આજે ૦ રીખભદેવ ભગવાન અષ્ટાપદ ઉપર મોક્ષે ગયા. |
| ૧૪ | ૭ | સની | |
| ૦)) | ૮ | રવી | |
| | ૯ | અરવાસી | |

પોષ વદિ ૧૩ નો ક્ષય કર્યો છે પણ ૦)) નો કર્યો નથી.

શ્રી રામચંદ્રસૂરિજીએ જ નવો મત કાઢયાનો સચોટ પૂરાવો.

સાહેબ !

મને એકવાર ખરીદશો તો હું તમારી બારે માસ સેવા બજાવીશ.

# સંવત ૧૯૪૮ ની સાલનું. જૈન પંચાંગ.

શ્રી તપાગચ્છની સમાચારી તથા પંડીત શ્રીધર શીવલાલના જોધપુરી પંચાંગને અનુસારે ખાસ જૈન વર્ગ માટે, છપાવી પ્રસિદ્ધ કર્તા. શ્રી લઘુ આદ્ય જૈન ધર્મ પ્રવર્તક સભા.

અમદાવાદ

માણેકચોકમાં ગોળવાળાની ઓળે "વિજયપ્રવર્તક" પ્રેસમાં છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૪૭. સને ૧૮૯૧.

કીંમત ૦-૧-૦

વિ. સં. ૧૯૪૮ ની સાલના તપાગચ્છીય જૈન પંચાંગનુ મુખપૃષ્ઠ

મારું તે સાચું નહિ, પરંતુ સાચું તે મારું નો સ્વીકાર કરો.

શ્રી પંચાંગી આગમ-શાસ્ત્ર અને શ્રી વિજયદેવસૂર તપાગચ્છ અવિચ્છિન્ન સામાચારી તેમ જ પૂ૦ શ્રી ઉમાસ્વાતિવાચકવર્યના પ્રઘોષ અનુસારે તથા નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના જન્મ પહેલાના અને તેમના તમામ વડીલોને પણ માન્ય એવા વિ. સં. ૧૯૪૮-૪૯ ની સાલના-૮૪ વર્ષ જુના સકલ સંઘ માન્ય તપાગચ્છીય જૈન પંચાંગની ફોટા કોપીઓ

નવામતમાં ગરકી રાખવાની પ્રપંચબાજીથી હવે તો ચેતો !

સંવત ૧૯૪૮ ના ફાગણ સુદ ૧ થી વદ ૦)) સુધી તા. ૨૯ ફેબ્રુઆરીથી તા. ૨૮ માર્ચ સને ૧૮૯૨ સુધી.

| તીથી | વાર | તારીખ | જૈન પર્વ તથા કલ્યાણક. |
|---|---|---|---|
| સુ ૧ | ૦ | ૦ | ક્ષય. |
| ૨ | સોમ | ૨૯ | અરનાથ ગર્ભે આવ્યા. |
| ૩ | ભોમ | ૧ | બેડામાં અમીઝરા પારશ્વનાથના દેરાનીવર્ષગાંઠ.માર્ચ [illegible] |
| ૪ | બુધ | ૨ | મલ્લિનાથ ગર્ભે આવ્યા. |
| ૫ | ગુરૂ | ૩ | મારવાડના સીવગંજ શેહેરમાં આદેશ્વરના દેરાની વર્ષગાંઠ. |
| ૬ | શુકર | ૪ | |
| ૭ | શની | ૫ | અઠ્ઠાઈ બેઠી. રોહણી. |
| ૮ | રવી | ૬ | સિદ્ધાચળની જાત્રા, રીખવદેવ ભગવાન પ્રથમ સિદ્ધાચળ |
| ૯ | સોમ | ૭ | ઉપર પધાર્યા. સંભવ નાથ ગર્ભે આવ્યા. |
| ૧૦ | ભોમ | ૮ | નમિ વિનમી બે ક્રોડ મુનિ સાથે સેત્રુંજા ઉપર સિદ્ધ વર્યા. |
| ૧૧ | બુધ | ૯ | મલ્લિનાથ પુત્રી પણે જનમ્યા. |
| ૧૨ | ગુરૂ | ૧૦ | મલ્લિનાથ મોક્ષે ગયા. મુનિસુવ્રત સ્વામીએ દિક્ષા લીધી. |
| ૧૩ | શુકર | ૧૧ | સેત્રુંજાની છ ગાઉની પ્રદક્ષણા. |
| ૧૪ | શની | ૧૨ | ચોમાસી ચૌદશ. |
| ૧૫ | રવી | ૧૩ | વાસુપુજ્યે દિક્ષા લીધી, |
| વ૧ | સોમ | ૧૪ | ધુળ પડવો, રાજપર, હરીપરની જાત્રા. |
| ૨ | ભોમ | ૧૫ | |
| ૩ | બુધ | ૧૬ | અ. નાગજીભુદરની પોળમાં સાંતીનાથના દેરાની વર્ષગાંઠ. |
| ૪ | ગુરૂ | ૧૭ | પાર્શ્વનાથ ગર્ભે આવ્યા તથા કેવળજ્ઞાન ઉપજ્યું. |
| ૫ | શુકર | ૧૮ | ચંદ્રપ્રભુ ગર્ભે આવ્યા, ૧૭ મા કુંથુનાથે દિક્ષા લીધી. |
| ૬ | શની | ૧૯ | |
| ૭ | રવી | ૨૦ | |
| ૮ | સોમ | ૨૧ | શ્રી રીખવદેવ જનમ્યા તથા દિક્ષા લીધી, |
| ૯ | ભોમ | ૨૨ | |
| ૧૦ | બુધ | ૨૩ | |
| ૧૧ | ગુરૂ | ૨૪ | |
| ૧૨ | શુકર | ૨૫ | |
| ૧૩ | શની | ૨૬ | |
| ૧૪ | રવી | ૨૭ | નમીરાજાની ૬૪ પુત્રીઓ સેત્રુંજા ઉપર સિદ્ધિ વરી. |
| ૦)) | સોમ | ૨૮ | |

ફાગણ શુદ ૧ નો ક્ષય કર્યો છે, પણ ૨ નો કર્યો નથી

આ દસ્તાવેજી પંચાંગો નવામતની કાલ્પનકતા પૂરવાર કરે છે.

૨ સંવત ૨૪૧૯, શાલીવાહન ૧૮૧૪-૧૫, ૭. સ. ૧

કારતક સંવત ૧૯૪૯


| તીથી | તારીખ | વાર. | કારતક માસને લાદે બારીઓનુ ભવિષ્ય—આ માં ધાન્ય સારી રીતે પાકશે. અને આવ તાલ સોંઘા થશે, ઘેર ઘેર આનંદ થશે, મોતી અને માણેક, સોનું વિગેરે કિંમતી ખનીજ પદાર્થો સોંઘા થશે. |
|---|---|---|---|
| ૧ | ૨૧ | શુકર | નવું વર્ષ. વિક્રમ સંવત ૧૯૪૯, વિર સંવત ૨૪૧૯, ૧ લી પાટે શ્રી |
| ૨ | ૨૨ | સની. | ભાઈબીજ સુધર્માસ્વામી બેઠા. |
| ૩ | ૨૩ | રવિ. | શ્રી સુવધીનાથને કેવળજ્ઞાન ઉપજ્યું. |
| ૪ | ૨૪ | સોમ. | |
| ૪ | ૨૫ | મંગળ | |
| ૫ | ૨૬ | બુધ. | જ્ઞાનપાંચમ, |
| ૬ | ૨૭ | ગુર. | અઠ્ઠાઈ બેઠી, |
| ૭ | ૨૮ | શુકર. | |
| ૮ | ૨૯ | સની. | પંચક બેઠાં. મુંબાઈની પાંજરા પોળ મોતીશા શેઠે ૨૧ લાખ ખર- |
| ૯ | ૩૦ | રવિ. | પંચક. ચીને બંધાવી. |
| | | | ક્ષય છે. |
| ૧૧ | ૩૧ | સોમ. | પંચક દેવ ઉઠી એકાદશી. |
| ૧૨ | ન૧ | મંગળ | શ્રી અરનાથને કેવળજ્ઞાન ઉપજ્યુ, પંચક |
| ૧૩ | ૨ | બુધ. | પંચક. |
| ૧૪ | ૩ | ગુર. | ચોમાસી ચૌદશ, પંચક ઉતરયાં. |
| ૧૫ | ૪ | શુકર | સેત્રુંજાનીજાત્રા, પટનીજાત્રા, હેમાચાર્ય ધંધુકામાં૧૧૪૫માં જન્મ્યા. |
| વ૧ | ૫ | સની | દ્રાવિડ વારિખિલ્લ દશ ક્રોડ મુની સાથે |
| ૨ | ૬ | રવિ. | રોહીણી } સેત્રુંજા ઉપર સિદ્ધિ વર્યા, ચોમાસુ પુરૂ |
| ૩ | ૭ | સોમ. | થયું, સાધુ સાધવીઓ વિહાર કરશે. |
| ૪ | ૮ | મંગળ | |
| ૫ | ૯ | બુધ. | શ્રી સુવધિનાથ જનમ્યા, |
| ૬ | ૧૦ | ગુર. | શ્રી સુવધિનાથે દિક્ષા લીધી, |
| ૭ | ૧૧ | શુકર | |
| ૮ | ૧૨ | સની. | મોતીશા શેઠે સંવત ૧૮૮૭માં પાલીટાણામાં જાત્રાળુઓને માટે |
| ૯ | ૧૩ | રવિ. | રૂ.૮૬૦૦૦ ખરચીને ધર્મશાળા બંધાવી. |
| ૧૦ | ૧૪ | સોમ. | પદ્મપ્રભુ મોક્ષે ગયા, માહાવીરસ્વામીએ દિક્ષા લીધી. |
| ૧૧ | ૧૫ | મંગળ | |
| ૧૨ | ૧૬ | બુધ. | |
| ૧૩ | ૧૭ | ગુર. | |
| ૧૪ | ૧૮ | શુકર. | |
| ૦)) | ૧૯ | સની. | |
| ડી. નવેમ્બર. | | | |

કાર્તિક શુદ ૪ બે કરી છે પણ બે ૫ કરી નથી.
શુદ ૧૦ નો ક્ષય છે, પણ ૧૧ નો ક્ષય કર્યો નથી.

શાસનપક્ષ તો નવામતીઓની પ્રપંચબાજીથી ચેતી ગયો છે.

શ્રી પંચાંગી આગમ–શાસ્ત્ર પરંપરા અને પૂ. વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મ. ના પ્રઘોષ અનુસારે શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છીય શ્રી ચતુર્વિધ સંઘને સર્વમાન્ય અને નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના જન્મ પહેલાના ૮૨ વર્ષ જુના એવા વિ. સં. ૧૯૫૧ ની સાલના જૈન પંચાંગની ફોટો કોપીઓ

જિનાજ્ઞાનું આરાધન મોક્ષ માટે છે. વિરાધના ભવ ભ્રમણ માટે છે.



સંવત ૧૯૫૧ ની સાલનું

જૈન પંચાંગ.

આસ ૧૨ નું.

(શ્રી તપાગચ્છની સમાચારી તથા પંડિત શ્રીધર લાલના જોધપુરી પંચાંગને અનુસારે.)

અરેઝુ, બાબદો સહિત.

તૈયાર કરનાર.

શા. મગનલાલ હઠીસંગ.

જ્ઞાનપ્રકાશના માલીક.

અમદાવાદ.


"રાજનગર પ્રિન્ટીંગ પ્રેસ" માં છાપ્યુ.

સંવત ૧૯૫૧. સને ૧૮૯૪.

કિંમત ૦–૧–૬

વિ. સં. ૧૯૫૧ ની સાલના તપાગચ્છીય જૈન પંચાંગનું મુખપૃષ્ટ.

આ દસ્તાવેજી પુરાવાઓ જીતાચાર અને પરંપરાને સાબિત કરે છે.



સંવત ૧૯૫૧ ની સાલનું

જૈન પંચાંગ.

વીર સંવત ૨૪૨૧, શાલિવાહન ૧૮૧૬–૧૭ ઇ. સ. ૧૮૯૪–૯૫ હીજરી ૧૩૧૭

વાર્ષિક તિથિઓની વધઘટ.

| | | |
|---|---|---|
| કારતક દીન—૩૦ | ફાગણ દીન—૩૦ | અષાઢ દીન—૩૦ |
| સુદ ૭ બે | વદી ૧ નો ક્ષય. | સુદી ૧૦ નો ક્ષય. |
| વદી ૪ નો ક્ષય. | વદી ૧૦ બે. | વદી ૧ બે. |
| માગશર દીન—૨૯ | ચૈત્ર દીન—૨૯ | શ્રાવણ દીન—૨૯ |
| વદી ૬ નો ક્ષય. | સુદી ૧૦ નો ક્ષય. | સુદી ૧ નો ક્ષય. |
| પોષ દીન—૩૦ | વૈશાખ દીન—૩૦ | ભાદરવો દીન—૩૦ |
| સુદી ૧ બે. | સુદી ૧૩ નો ક્ષય. | સુદી ૬ નો ક્ષય. |
| વદી ૧ નો ક્ષય. | વદી ૨ બે. | સુદી ૧૨ બે. |
| મહા દીન—૩૦ | જેઠ દીન—[illegible] | વદી ૧૩ નો ક્ષય. |
| સુદી ૩ બે. | [illegible] નો ક્ષય. | આસો દીન—૩૦ |
| સુદી ૧૦ નો ક્ષય. | [illegible] | [illegible] |

કારતક માસ.

સુદી ૨ [illegible]

વિ. સં. ૧૯૫૧ ની સાલના આખાય વર્ષના અપર્વ તિથિઓની જ વધઘટ આ કોઠામાં આપેલ છે.

આમાં ક્ષયે પૂર્વા તિથિ કાર્યા–વૃદ્ધૌ કાર્યા તથોત્તરા પ્રતિબિંબિત થાય છે.

શ્રી પંચાંગી આગમ-શાસ્ત્ર-અવિચ્છિન્ન પરંપરા અને પૂ૦ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મ.ના પ્રઘોષાનુસારે અને નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના જન્મ પછીના બીજાજ વર્ષના, શ્રી જૈન શ્વે. મૂ૦ પૂ૦ તપાગચ્છના શ્રી ચતુર્વિધ સંઘને સર્વમાન્ય ૮૦ વર્ષ પહેલાના વિ. સં. ૧૯૫૩ ની સાલના જૈન પંચાંગની ફોટો કોપીઓ. આ દરેક દસ્તાવેજી પૂરાવાઓ જોયા પછી નવામતને અનુસરનારાઓએ પણ મનમાં તો કબૂલ કરવું જ પડશે કે આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ વિ.સં. ૧૯૯૨થી જ કાઢેલો નવો તિથિપંથ કપોલ કલ્પિત છે.

નવામતના પૂજ્યો ! નવામતનું ઝેર વમી અમૃતપાન કરો.

# સંવત ૧૯૫૩ ની સાલનું
# જૈન પંચાંગ.

વીર સંવત ૨૪૨૩, શાલિવાહન ૧૮૧૮-૧૯, ઈ. સ. ૧૮૯૬-૯૭
હીજરી ૧૩૧૨

## વાર્ષિક તિથિઓની વધઘટ.

કારતક દીન—૨૯
સુદી ૩ નો ક્ષય
સુદી ૧૦ બે
વદ ૧૨ નો ક્ષય

આગસર દીન—૩૦
સુદી ૧૩ બે
વદ ૪ નો ક્ષય

પોષ દીન—૨૯
વદ ૧૦ નો ક્ષય

માહ દીન—૩૦
સુદ ૬ બે
વદ ૪ નો ક્ષય

ફાગણ દીન—૩૦
વદ ૧૦ નો ક્ષય
વદ ૧૩ બે

ચૈતર દીન—૨૯
વદ ૧ નો ક્ષય

વૈશાખ દીન—૩૦
સુદ ૩ બે
સુદ ૧૦ નો ક્ષય

જેઠ દીન—૩૦
સુદ ૧૩ નો ક્ષય
વદ ૧૩ બે

અષાડ દીન—૨૯
સુદ ૬ નો ક્ષય

શ્રાવણ દીન—૩૦
સુદ ૫ નો ક્ષય
વદ ૧૦ બે

ભાદરવો દીન—૨૯
સુદ ૧ નો ક્ષય
સુદ ૧૩ નો ક્ષય
વદ ૧ બે

આસો દીન—૨૯
સુદ ૬ નો ક્ષય
વદ ૬ બે
વદ ૧૩ નો ક્ષય

## વાર્ષિક પર્વ તિથિઓ.

કારતક માસ.
સુદી ૧ નવું વર્ષ બેઠું
સુદી ૫ જ્ઞાનપાંચમ
સુદી ૮ અઠાઈ બેઠી
સુદી ૧૪ ચોમાસાની ચૌદસ
સુદી ૧૫ કારતકી પુનમ
વદી ૧ રોહીણી
સુદી ૮ પંચક બેઠાં
સુદી ૧૨ પંચક ઉતર્યાં
[illegible]
સુદી ૧૧ મૌન એકાદશી
સુદી ૧૩ રોહીણી

વદી ૧૦ પોષ દસમ
સુદી ૫ પંચક બેઠાં
સુદી ૧૦ પંચક ઉતર્યાં

પોસ માસ.
સુદી ૧૨ રોહણી
સુદી ૧૫ પોષી પુનમ
વદી ૧૩ મેરતેરસ
સુદી ૩ પંચક બેઠાં
સુદી ૧૦ પંચક [illegible]

માહા માસ.
સુદી ૫ રોહીણી
સુદી ૧ પંચક બેઠાં

વિ. સં. ૧૯૫૩ની સાલના આખાય વર્ષની અપર્વ તિથિઓની જ વધઘટ આ કોઠામાં આપેલ છે.

જયું જળધિ જળમાં ભળ્યું ગંગા નીર લુણ પણું લહે.

વીર સંવત ૨૪૨૩, શાલિવાહન ૧૮૧૮-૧૯, ઈ. સ. ૧૮૯૬-૯૭
હીજરી ૧૩૧૦

## માહા સંવત ૧૯૫૩.

| તિથિ | તારીખ | વાર | માહ માસના માટે જાણીએવું ભવિષ્ય — અનાજના ભાવ બેવડા થશે. લાસ પાકે. માથે આવના લોકોમાં દુશ્મનાઈ ફેલાવ થશે, અને ચોરીઓ થશે. |
|---|---|---|---|
| સુ.૧ | ૨ | મંગળ | પંચક ૨૭ ઘડી પર પળે બેઠાં [કેવળજ્ઞાન ...] |
| ૨ | ૩ | બુધ | પંચક, ૪ થા અભિનંદન [illegible], ૧૨ મા વાસુપૂજ્ય સ્વામીના |
| ૩ | ૪ | ગુરૂ | પંચક, ૧૩ મા વિમળનાથ તથા ૧૫ ધર્મનાથ જનમ્યા |
| ૪ | ૫ | શુક્ર | પંચક, ૧૩ મા વિમળનાથે દિક્ષા લીધી |
| ૫ | ૬ | સની | વસંતપંચમી. કરાંચીમાં સે. [illegible] પારસનાથના દેરાની વરસગાંઠ |
| ૬ | ૭ | રવી | પંચક, ૧૬ ઘડી ૪૧ પળે ઉતર્યાં |
| ૬ | ૮ | સોમ | |
| ૭ | ૯ | મંગળ | માંડવીમાં રીખવદેવના તથા નેમનાથના દેરાની વરસગાંઠ. |
| ૮ | ૧૦ | બુધ | ૨ જા અજીતનાથ જનમ્યા |
| ૯ | ૧૧ | ગુરૂ | ગોડીજી, ૨ જા અજીતનાથે દિક્ષા લીધી |
| ૧૦ | ૧૨ | શુક્ર | ભાવચ્ચોમાં મલ્લિનાથના દેરાની વરસગાંઠ |
| ૧૧ | ૧૩ | સની | |
| ૧૨ | ૧૪ | રવી | ૪ થા અભિનંદને દિક્ષા લીધી |
| ૧૩ | ૧૫ | સોમ | ૧૫ મા ધર્મનાથે દિક્ષા લીધી |
| ૧૪ | ૧૬ | મંગળ | |
| ૧૫ | ૧૭ | બુધ | |
| વ.૧ | ૧૮ | ગુરૂ | |
| ૨ | ૧૯ | શુક્ર | |
| ૩ | ૨૦ | સની | |
| | | | ક્ષય તિથી છે. સુરતપુરમાં સુમતીનાથના દેરાની વરસગાંઠ |
| ૫ | ૨૧ | રવી | [illegible] શાંતિનાથના દેરાની વરસગાંઠ, સંવત ૧૮૬૫માં બાંધ્યું |
| ૬ | ૨૨ | સોમ | ૭ મા સુપાર્શ્વનાથને કેવળજ્ઞાન ઉપન્યું |
| ૭ | ૨૩ | મંગળ | ૮ મા ચંદ્રપ્રભુને કેવળજ્ઞાન ઉપન્યું. સુપાર્શ્વનાથ મોક્ષે ગયા. |
| ૮ | ૨૪ | બુધ | |
| ૯ | ૨૫ | ગુરૂ | ૯ મા સુવિધિનાથ ગર્ભે આવ્યા |
| ૧૦ | ૨૬ | શુક્ર | |
| ૧૧ | ૨૭ | સની | ૧ લા રિખવદેવને કેવળજ્ઞાન ઉપન્યું |
| ૧૨ | ૨૮ | રવી | મુનિસુવ્રત સ્વામીને કેવળજ્ઞાન ઉપન્યું [illegible] |
| [illegible] | [illegible] | સોમ | પંચક ૪૭ ઘડી ૨૫ પળે બેઠાં, ૧૧ શ્રેયાંસનાથે દિક્ષા લીધી |
| ૧૪ | ૨ | મંગળ | પંચક, ૧૨ મા વાસુપૂજ્ય જનમ્યા |
| ૦)) | ૩ | બુધ | પંચક. ૧૨ વાસુપૂજ્યે દિક્ષા લીધી |
| | માર્ચ | | |

મહા વદ ૪ નો ક્ષય કર્યો છે, પણ ૫ નો ક્ષય કર્યો નથી.

હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે.

# નવામતી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી આદિએ વિ. સં. ૧૯૬૧ના ભાદરવા માસનો જ કોઠો કેમ છપાવ્યો ?

સાસનાપક્ષના તો કોઈ પણ સમુદાયો હવે નવામતીઓની જાળમાં ફસાય તેમ નથી; પરંતુ નવામતને અનિચ્છાએ પણ માનનારા આત્માર્થી પૂ૦ આચાર્યો આદિને નવામતની જાળમાં જકડી રાખવા માટે નવામતના નેતા આદિ કેવા પ્રપંચો કરે છે તે આ બૂકમાં પ્રગટ થયેલા વિ. સં. ૧૯૪૫થી માંડીને વિ. સં. ૧૯૫૩ની સાલ સુધીના તપાગચ્છીય જૈન પંચાંગોની ફોટો કોપીઓ ઉપરથી આપશ્રી જોઇ શકયા હશો કે-કોઈ પણ પંચાંગમાં પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કરી નથી. બલ્કે દેવસૂર તપાગચ્છની અવિચ્છિન્ન સામાચારી પ્રમાણે અપર્વતિથિઓની જ ક્ષય-વૃદ્ધિ કરી છે.

છતાં તેઓએ જે વિ. સં. ૧૯૬૫ની સાલના જૈન પંચાંગના ફકત ભાદરવા માસના કોઠાનો જ બ્લોક છપાવીને તેની નીચે લખેલ છે કે "કાલ્પનિક વિચારોને જીતાચાર કે પરંપરાનું નામ અપાય છે તે ભ્રમ આ ૧૯૬૧ના પંચાંગથી દૂર થઈ જશે આ પંચાંગ પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. ની દીક્ષા (૧૯૬૯) પહેલા આઠ વર્ષ જુનું છે. પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજે વિ. સં ૧૯૯૨ થી ઝગડો ઉભો કર્યો તેવો પ્રચાર સત્યથી તદ્દન વિપરીત છે.

આના અંગે જણાવવાનું કે-આ લખાણમાં કેવી માયાજાળ પાથરવામાં આવી છે તે જરા જૂઓ વિ. સં. ૧૯૬૧ની સાલના જે પચાંગના ભાદરવા માસના કોઠાનો બ્લોક છપાવેલ છે તે જ પંચાંગના કાર્તિક માસથી માંડીને આસો માસ સુધીના કોઇ પણ મહિનામાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરી નથી. બલ્કે અપર્વ તિથિઓનીજ ક્ષય-વૃદ્ધિ કરી છે એટલા માટે જ તે કોઠાઓ નહિ છપાવતા ફકત તેઓએ ભા. શુ. ૫ ના ક્ષયવાળા તે ભાદરવા માસના કોઠાનો બ્લોક કરાવીને છાપ્યો છે. આ ખુલ્લુ પડી ન જાય તે માટે જ 'શ્રી રામચંદ્રસૂરિજીએ ૧૯૯૨ થી ઝગડો ઉભો નથી કર્યો પરંતુ ૧૯૬૧ થી ઝગડો ઉભો થયો છે' એમ જણાવીને શ્રી રામચંદ્રસૂરિજીનો બચાવ કરાયો છે તે રાત્રિને દિવસ અને દિવસને રાત્રી ગણાવવાનો બાલિસ પ્રયાસ કરેલ છે. બાકી સં. ૧૯૫૨-૬૧-૮૯ માં ભા. શુ. ૫ ના ક્ષયની ભાંજગડ તે વખતના પૂજયોમાં પૂરાવાઓના-અભાવે હતી જ તે કોણ નથી જાણતું ? એટલે ભાદરવા માસનો કોઠો છાપવો તેનો કોઇ અર્થ જ નથી. પં. જીનેન્દ્રવિજયજી મહારાજ ! આખી દુનિયા જાણે છે કે વિ સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ માં ફકત સંવત્સરીના એક જ દિવસ પૂરતો સંઘમાં વિક્ષેપ ઉભો થયો હતો. બાકીના ૩૫૯ દિવસે તો સકલ સંઘ કોઇ પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિએ અપર્વતિથિનીજ ક્ષય વૃદ્ધિ કરીને એક જ દિવસે પર્વારાધના કરતો હતો પરંતુ મહાન પાપના ઉદયે સં. ૧૯૯૧ની સાલના અષાડ મહિના પછીથી શ્રી વિજયરામચંદ્રસૂરિએ જ 'પોતાના ગુરૂદેવ આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે પોતાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે' કોઇને પણ પૂછયા વિના પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કરવા રૂપ નવો તિથિમત મનસ્વી રીતે સ્થાપ્યો અને તે મત પ્રમાણેના સં ૧૯૯૩ની સાલથી પોતાના પંચાંગો સકલ સંઘથી જુદા પડીને છપાવવા લાગ્યા. જે દીવા જેવી સ્પષ્ટ વાતને છુપાવવા પૂર્વક ૧૯૬૧ની સાલની સંવત્સરીની સાથે જોઈંટ કરીને શ્રી રામચંદ્રસૂરિજીનો બચાવ કરવાનો તમોએ નિરર્થક પ્રયત્ન કર્યો છે મન મનાવવા માટે તમો કદાચ આવો લુલો બચાવ કરી શકશો, પણ કર્મ સત્તાની જાલિમતાના જાણકારે તેવા માયાવી બચાવ કરી શું કામ પાપ ઉપાર્જન કરવું જોઇએ ? અને સાચાને ખોટું તથા ખોટાને સાચું કરી બતાવવાથી તરી જવાશે ખરૂં ? વિચારશો.

વિ સં. ૧૯૯૩ પહેલાના કોઈ પણ તપાગચ્છીય જૈન પંચાંગોમાં પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ કરી હોય તેવા પંચાંગોના બ્લોકો બનાવીને નવા મતના નેતા આદિ બહાર પાડે અને પોતે નવો મત નથી કાઢયો એમ સાબીત કરવા શું શાસ્ત્રોના આધારો નવા મતને માટે નથી કે જેથી આવા પંચાંગોના આધારોનો ઉપયોગ કરવો પડે છે ? બાકી ચાલીયાની ટોપી માલીયાને માથે મુકવાથી અને આવા લૂલા બચાવોથી સંઘમાં વિક્ષેપ પડાવવાના મહા પાપથી બચી જવાશે નહિં. પ્રાયશ્ચિત લઇને શુદ્ધ થવાથી જ કલ્યાણ થશે.

## 'સત્ય નક્કી કરાવવા માટે' મહેતા દીપચંદ વખતચંદને જ નીચેની ત્રણ બાબતો જાહેર તપાસ માટે સોંપું છું.

એ એક મહિના પહેલા અમો તરફથી નવા મતીઓના પ્રચારોની પોકળતા એ નામની ટંકશાળી બૂક પ્રસિદ્ધ કરેલી તેમાં આજદિન પર્યંત નવામતી કોઈ સાધુ જવાબ આપી શકેલ નથી પરંતુ સુરેન્દ્રનગરવાળા મહેતા દીપચંદ વખતચંદે 'સત્ય નક્કી કરવા માટે નમ્ર વિનંતી' એ હેડીંગ વાળી તા. ૨૪-૧૨-૭૭ના દિને પત્રિકા બહાર પાડીને 'સત્ય નક્કી કરાવવા માટે નમ્ર વિનંતી કરી છે.

તેઓની શુભ ભાવનાઓનો હું સહર્ષ સ્વીકાર કરું છું. અને તેઓની માંગણી મુજબની એક પુસ્તિકા તૈયાર કરવામાં જરા પણ મુશ્કેલી નથી. પરંતુ તે તૈયાર કરતા પહેલા નીચેની ત્રણ બાબતોમાં કઈ સત્ય છે અને કયુ અસત્ય છે ? તે સુપ્રીમ કોર્ટના કોઈ પણ જજ સાહેબની અગર તો નવામતના પાંચ વિદ્વાન આચાર્યોની સહીથી પ્રથમ પ્રગટ કરાવવાનું શુભ કાર્ય મહેતા દીપચંદ વખતચંદને જ સોંપું છું. [જે ત્રણે બાબતો છપાયેલી છે જેથી તેમની ઉપર તૈયાર કરીને મારે મોકલવાની રહેતી નથી]

નીચેની ત્રણે બાબતોમાંથી 'સત્ય નક્કી કરાવવા માટે [illegible]નેજ સોંપું છું.

૧—નવામતના નેતા આ શ્રી વિજયરામચંદ્રસૂરિજી તરફથી હમણાં 'તિથિદિન અને પર્વારાધના' સંબંધી એક ગ્રન્થ બહાર પડેલ છે. તેમાં 'ડો. પી. એલ વૈદ્યના નામે જે ચુકાદો પ્રસિદ્ધ કર્યો છે. [જેના આધારે તમોએ પ્રસિદ્ધ કરેલી 'સત્ય પ્રકાશ' ની ૨૧ પત્રિકાઓમાં તમોએ પણ તે ચુકાદો છાપ્યો છે.] તે અને શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ જે ડો. પી. એલ. વૈદ્યનો ચુકાદો ગુજરાતીમાં છપાવ્યો છે: તે બન્ને કોપી ટુ-કોપી [અક્ષરશઃ] એકજ છે. તેમાં જરાય ફેરફારી કરવામાં આવી નથી"

[અમો તો કહીએ છીએ કે શેઠ શ્રી કસ્તુરભાઈએ બહાર પાડેલ તે ચુકાદાના લખાણમાં અનેક જગ્યાએ શબ્દોની વાકયોની—અને પંક્તિઓની ફેરફારી કરીને જ તેઓએ પોતાના ગ્રથમ છપાવેલ છે]

૨—ઉપરોકત તે ગ્રંથમાં તથા મહાવીર શાસન આદિમાં વિ. સં. ૧૯૪૫ની સાલના અમુક મહિનાઓના પાઠાઓના ફોટો કોપીઓ છપાવી છે. તે પંચાંગ તપાગચ્છની સામાચારી મુજબનું જ છે અને તે પંચાંગમાં જણાવ્યા પ્રમાણેની તિથિઓ પ્રમાણે જ શ્રી આત્મારામજી મ. આદિ આરાધના કરતા હતા.

[અમે તો કહીએ છીએ કે તે પંચાંગની પ્રસ્તાવના અને તે પંચાંગનો આઠ મહિનાનો કોઠોજ સાબિત કરે છે કે-તે પંચાગ તપાગચ્છની માન્યતા પ્રમાણેનું નથી. તેમજ શ્રી આત્મારામજી મ. શ્રીએ કદિ પર્વતિથિની ક્ષય વૃદ્ધિ કરી નથી, માની નથી, અને આચરી પણ નથીજ]

૩—આ બૂકમાં રજૂ કરાયેલા વિ. સં. ૧૯૪૫ થી સં. ૧૯૯૩ સુધીના જૈન પંચાંગો તપાગચ્છની માન્યતાના નથીજ અને તે પ્રમાણે સકલ સંઘ આરાધના કરતો નહોતો

[અમે તો કહીએ છીએ આ બૂકમાં રજુ કરાયેલા જૈન પંચાંગો તપાગચ્છની સમાચારી પ્રમાણેનાજ છે. અને તે પ્રમાણે જ આજ સુધીમાં સકલ સંઘ આરાધના કરતો હતો.]

તા. ક: ઉપરની ત્રણે બાબતોમાં સત્ય શું છે અને અસત્ય શું છે ? તે કોઈ પણ વાતનો બચાવ કર્યા સિવાય ઉપરોક્ત કોઈ પણ એક પંચની સહીથી પૂરાવા સહિત જાહેર કરાવશો. જેથી તમારા [illegible] મુજબની બૂક તૈયાર કરીને સત્ય નક્કી કરાવવા તમોનેજ સોંપીશ, આ કામ પ્રથમ તબક્કે કરશો ને ?

# " મહાવીર ભાવના "

ભગવાન મહાવીર પરમાત્માની
જીવનસાધના, તીર્થસ્થાપના
અને ધર્મદેશના
' મહાવીર-ભાવના " રૂપે
સદા – સર્વદાને માટે અમર છે.
આ " મહાવીર-ભાવના "ને ક્યારેય
કાળના ઓસારા નથી સ્પર્શી શકતા.

અને યુગે યુગે, સૈકે સૈકે અને દસકે દસકે,
જીવન સાધક સંતો અને સાધ્વીઓ
એ ભવ્ય ભાવનાને
પોતાના જીવન સાથે એકરૂપ બનાવવાનો
સત્પ્રયત્ન કરવાની સાથે સાથે,
એનો વ્યાપક પ્રભાવના કરવા જાણે
ધર્મની પરબો બેસાડે છે.

એ પરબના સંસ્કાર જળનું પાન કરીને
માનવી સાચો માનવી બને છે
અને આત્મામાંથી પરમાત્મા
બનવાના માર્ગનું દર્શન પામે છે.
અને આવી સર્વમંગલકારી
"મહાવીર–ભાવના"ની લહાણુ કરવી એ,
એ ભાવનાના વારસદારોની પવિત્ર ફરજ છે.

**શ્રીયુત દીપચંદભાઇ એસ. ગાર્ડી**

પ્રમુખ

**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ**

**ના સૌજન્યથી**

**તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની જયતલાટીમાં પગલાંની પ્રતિષ્ઠા કરવાના આદેશો આપવા અંગે**

# સકલ શ્રીસંઘને વિજ્ઞપ્તિ

આથી શ્રી **જૈન** શ્વેતામ્બર સકલ શ્રીસંઘને જણાવવામાં આવે છે કે—

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની જયતલાટીમાં આવેલ અગિયાર દેરીઓના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થયું છે, એટલે એ દેરીઓમાંથી ઉત્થાપન કરેલ શ્રી જિનેશ્વર ભગવંતનાં પગલાંની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૩૪, વૈશાખ સુદિ ૭, તા. ૧૪-૫-૧૯૭૮ ને રવિવારના રોજ સવારના ૭-૩૫ થી ૧૦-૩૦ સમયે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**બોલીની શરૂઆત**—બોલી બોલાવવાની શરૂઆત વિ. સં. ૨૦૩૪, ચૈત્ર વદિ ૧૩, તા. ૫-૫-૧૯૭૮ ને શુક્રવારની રાત્રે ૮ થી ૧૦ વાગતાં દરમ્યાન કરવામાં આવશે અને તેના છેલ્લા આદેશો વિ. સં. ૨૦૩૪, વૈશાખ સુદિ ૨, તા. ૯-૫-૧૯૭૮, મંગળવારના રોજ રાત્રે આઠથી દસ વાગતાં સુધીમાં આપવામાં આવશે.

**સ્થળ :**— શેઠ આણંદજી કલ્યાણજીનો વંડો, પાલીતાણા.

આ શુભ અવસરનો લાભ લેવા સકલ શ્રીસંઘને વિનંતી છે.

ઝવેરીવાડ, પટણીની ખડકી,
પો. બો. નં. ૫૧, **અમદાવાદ-૧**

— શેઠ આણંદજી કલ્યાણજી

## આભાર :

અમારા આ વિશેષાંકમાં
લેખકોએ પોતાની કૃતિ મોકલી આપી અને
સંસ્થાઓ તથા જૈન આગેવાનોએ
જાહેરખબર મોકલી આપીને
જે સાથ-સહકાર આપ્યો છે, તે બદલ
અમો સૌના ખૂબ જ આભારી છીએ.

## આગામી અંક :

આ વિશેષાંક પછીનો
તા. ૨૯-૪-૭૮નો અંક બંધ રહેશે.
અને ત્યારપછીના અઠવાડિયાનો
તા. ૬-૫-૭૮ ને શનિવારનો
અંક બહાર પડશે,
જેની નોંધ લેવા કૃપા કરશોજી.

## ગ્રાહકબન્ધુઓને ખાસ વિનંતી

કેટલાંક ગ્રાહકબન્ધુઓનું લવાજમ ઘણું અનિયમિત આવતું હોય છે. લવાજમ માટે વારંવાર જાણ કરવા છતાં ધ્યાન અપતું નથી. આમાં અમારી શક્તિ અને સમય પણ ખૂબ ખર્ચાય છે. જો આ માટે સૌ ગ્રાહકબન્ધુ ધ્યાન આપી નિયમિત લવાજમ મોકલી આપે તો અમો પત્રના વિકાસ અને વ્યવસ્થામાં પૂરતું લક્ષ પણ આપી શકીએ. વળી, ગ્રાહકવર્ગ એ અમારું આર્થિકબળ હોય, તેને ટકાવી રાખવા આપસૌનો સહકાર પણ અનિવાર્ય છે. તો આ બાબત ધ્યાનમાં લેવા ભારપૂર્વકની વિનંતી છે.

તંત્રી, પ્રકાશક, મુદ્રક માલિક : શેઠ ગુલાબચંદ દેવચંદ, વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
મુદ્રણસ્થાન : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર-૩૬૪ ૦૦૧.